[illegible]

[illegible] ફરાઇજ ઇલ્મને શીખો અને લોકોને તે શીખવો. ખચિત તે અર્ધો ઇલમ છે.

મુસલમાની હિસ્સા વારસાની કિતાબ,

શર્ઈ મીરાસ.

૧૬–૩૧

એટલે

તરજુમો.

"મીરાસુલ મુસલેમીન."

રચી છપાવી પ્રસિદ્ધ કર્તા,

મોહમ્મદ સઈદ બીન હાફેઝ સાજેદ.

મુકામ, રાંદેર જીલ્લે સુરત.

સન ૧૩૩૧ હીજરી. ઈસ્વી ૧૯૧૩.

મી. હાજી કાસમ મોહમ્મદ કુના ધર્માદા ફંડ તરફથી ભેટ.

આવૃતી પહેલી. નકલ ૧૦૦૦

આ કિતાબના "બદલામાં" વાંચી શીખો અને શીખવો.

દેશાવરના લાયક સાહેબોને [illegible] ખર્ચ મોકલવાથી આ કિતાબ મફત મોકલવામાં આવશે.

હજરત નબી (સલ) એ ફરમાવ્યું છે કે,

તમે ફરાએજ વિદ્યાને શીખો અને લોકોને તે શીખવો.

ખચિત તે અડધો ઇલ્મ છે.

મુસલમાની હિસ્સા, વારસાની કિતાબ,

શર્ફે મીરાસ.

૧૩—ર્ડે૧

એટલે

તરજુમો.

"મીરાસુલ મુસલેમીન."

છપાવી પ્રસિદ્ધ કર્તા,

મોહંમદ સઇદ બીન હાફેઝ સાજેદ.

મુકામ, રાદેર જીલ્લે સુરત

સન ૧૩૩૧ હીજરી. ઇસ્વી ૧૯૧૩.

મી. હાજી કાસમ મોહંમદ કેના ધર્માદા ફંડ તરફથી ભેટ.

આવૃતી પહેલી નકલ ૧૦૦૦

આ કિતાબના "બદલામાં" વાંચી શીખો અને શીખવો.

દેશાવરના લાયક સાહેબોને પોષ્ટ ખર્ચ મોકલવાથી આ કિતાબ મફત મોકલવામાં આવશે.

 .થી તેના

અમદાવાદ.

ધી અમરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસમાં પઠાણ નીઝામખાન નુરખાને છાપ્યું

પ્રસ્તાવના.

૧ ઘણો મહેરબાન રહેમ કરતા અલ્લાહના નામથી.

સર્વ સ્તુતિ અલ્લાહને છે, કે જે હમેશાથી છે અને હમેશાજ રહેશે તેજ બાકી છે અને બધા નાશવત છે તેજ સર્વે ચીજનો માલીક છે અને માલીક કરનાર છે તેના કાયદા તેજ સાચા છે અને બીજા બધા જુઠા છે, અને દરૂદ તથા સલામ તેના રસુલ મોહમદ મુસ્તફા (સલ) ને છે કે જેમનુ દીન તેજ અલ્લાહનું પસંદદીન છે તે વગર કોઇ દીન કબુલ નથી અને જે કાયદા તેમણે પ્રગટ કર્યા છે તેજ ખરા છે અને તેથી જે વિરૂદ્ધ તે તમામ ખોટા છે તે કાયદાઓ ઉપર ચાલવુ તે નજાતનું સાધન છે, અને તેથી મો ફેરવવુ તે ગુમરાહીનુ કારણુ છે તથા તેમની તમામ આલઓલાદ તથા સહાબા અને તમામ મુમિનો માટે છે

એ પછી મોહમદ મઇદ બીન હાજી સાજેદ કહે છે કે મુસલમાની હિસ્સા વારસાની મીરાસુલ મુસલીમીન નામની ઉર્દુમા કિતાબ છે. તેનો તરજુમો કરવા વિષે મને મારા મુકર્રમ મુરબ્બી ઉસ્તાદ મૌલાના મૌલવી હાજી હાફેજ ગુલામ મોહમદ બીન હાજી હાફેજ સાદેક સાહેબે ભલામણ કરી તે વખત મને ફરસદ નહોતી ને છતા મેં તરજુમો કરવા શરૂ કરી હતી પણ તરેહ તરેહની રોકાણોને લીધે તે કામ પુરૂ થયુ નહોતુ અને પડ્યુ રહ્યુ હતું પછી જ્યારે તેનો વખત આવ્યો ત્યારે તે કામ ખુદાએ મારા હાથથી પુરૂ કરાવ્યુ એ વિષે તેને માટે તમામ સ્તુતિ અને શકર છે

ફરાએજ વિદ્યા એ મોટા દરજ્જાની છે અને ઘણા માનીતા મરતબાની છે અને દીન ઇસ્લામની એક શાખા છે એની જરૂરીઆત મોઅએકનેજ નહિ હોય નહિ તો બધા જ એના ગરજવાન છે તેટલા માટે રસુલુલ્લાહે (સલ) એને શીખવાની ઘણી તાકીદ કરી છે. હજરતે (સલ) ફરમાવ્યુ છે કે તમે ફરાએજ શીખો અને લોકોને તે શીખવો. કારણ કે તે અર્ધો ઇલ્મ (વિદ્યા) છે અને ઇલ્મમા તે પ્રથમ ભુલી જવાશે અને મારી ઉમ્મત્તમાથી પ્રથમ તે ખેચી લેવાશે (નીકળી જશે) આ હદિસમા એ ઇલ્મ શીખવાનુ ફરમાન છે અને તે પછી શીખવવાનુ ફરમાન છે માટે મોટા મોટા વિદ્વાનોએ એ ઇલ્મની ઘણી કીતાબો (પુસ્તકો) લખી છે હજરતે (સલ) એ ઇલ્મને અર્ધો ઇલ્મ કહ્યો છે:એવિષે કેટલાક કારણો લખુ છુ

(૧) એ ઇલ્મ મોતની સાથેજ લાગુ છે અને બીજો ઇલ્મ જીંદગી સાથે છે.

(૨) માલિક થવાના બે કારણો છે. એક અખત્યારપણુ અને વગર અખત્યારપણુ તેમા એ ઇલ્મ વગર અખત્યારની વસ્તુ વારસા સાથે લાગુ છે

(૩) એ ઇલ્મના મસલા નસ્સ એટલે કુરાન, હદિસ અને ઇજમાથીજ છે ક્યાસનો એમા દખલ નથી પણ બીજા ઇલ્મમા કેયાસ પણ છે

(૪) એ ઇલ્મના મસલાને ખુલાસાવાર દરેક સુરતમા (રૂપમા) લખાય તો ફિકાહના મસલાના મતન બરાબર થાય છે.

(૫) એ ઇલ્મ શીખવા તથા શીખવવામાં ઘણી મહેનત પડે છે. જેટલી મહેનત બીજા તમામ ઇલ્મપર પડે છે તેટલીજ એ એકલા ઉપર પડે છે.

(૬) એ ઇલ્મ (વિદ્યા) મા સવાબ (પુણ્ય) વધારે છે. એટલેજ તમામ ઇ-લ્મોની બરાબર સવાબ (પુણ્ય) હાસિલ થાય છે. આલેમો (વિદ્વાનો) એ ફરમાવ્યું છે કે ફરાએજનો એક મસલો બતાવવાથી બીજી જાતના સો મસલા બતાવ્યા બરાબર સવાબ મળે છે.

અને ફરાએજનુ જાણવુ ફરજે કિફાયા છે જેથી દરેક આદમી એને શીખવામા લાગતો નથી તથા એનુ સમજવુ ગણિતવિદ્યા ઊપર અટકેલુ છે તથા એક વારેસનો હિ-સ્મો બીજા સાથે કેવી રીતે નીકળે છે જે ઉપર પુરતું ધ્યાન નહિ આપવાથી ભુલવણીમા પડાય છે.

બીજી હદિસમા છે કે રસુલુલ્લાહે (સલ) ફરમાવ્યુ કે તમે ફરાએજને શીખો અને તે લોકોને શીખવો કારણ કે હુ એક પુરૂષ કબજે થનાર (મરણ પામનાર) છુ અને એ ઇલ્મ પ્રથમ કબજે થનાર છે અને ફિત્ના [તોફાન] પ્રગટ થનાર છે તે એટલે સુધી કે બે પુરૂષ હિસ્સા વારસામા મતફેર પડશે તો તેઓનો ફેસલો કરનાર કોઇ મળશે નહિ આ હદિસનો રાવી હાકીમ છે અને એક રેવાયતમા છે કે તમે ફરાએજ અને કુરાનને શીખો. કારણ કે હું કબજે થનાર (નાશ પામનાર) છુ આનો રાવી તીરમીજી છે.

અબદુલ્લાહ બીન મસઉદ (રદ) ફરમાવે છે કે જે શખ્સ કુરાનને શીખે તેણે ફરા-એજ વિદ્યા પણ શીખવી જોઇએ એટલે જેવી રીતે કુરાન શીખવુ જરૂરનું છે તેવીજ રીતે ફરાએજવિદ્યા પણ જરૂરની છે

હજરત અબુ મુસા (રદ) ફરમાવે છે કે જે શખ્સ કુરાન શીખે અને ફરાએજ વિદ્યા નહિ શીખે તે એવો છે કે જે શખ્સને મો નહિ અને માથુ હોય એટલે તે રોનક તથા જીનત વગરનો હોય છે.

કેટલાક મરદ ઓરતની આદત એ હોય છે કે તેઓ પારકાના માલને અડકતા નથી. ચોરીને ઘણીજ એબ જાણે છે. તેઓના સગામાથી કોઈ મરે છે અને તેના વારસામાથી તેઓ પણ વારસ હોય તો ફરી તેના માલમાથી જે હાથ ચઢે તેને ઉપાડવામા જરાએ અચકાતા નથી. વિશેષે કરીને જો તે મરનાર અપુત્રવાન (છોકરા વગરનો) હોય પછી તેના સગામાથી જેઓને કાઇપણુ વારસો લાગતો નહિ હોય તેવા પણ તેના માલ ઉપર હાથ લાંબો કરે છે પરંતુ ખરૂ જોતા એ કામ ચોરીથી કોઇપણ રીતે ઓછુ નથી.

જો મરનારે કાઇ વકફ (ધર્માદા) કર્યું હોય અને તે ઇસલામી કાયદા પ્રમાણે થયુ ન હોય અને તેના વારસો બધા મોટા હોય અને તેઓ કાયદાસર બહાલ રાખી શકતા હોય અને તેને બહાલ રાખે તો ઠીક છે, પણ તે વકફ કરનારના વારેસ નાના યતિમો હોય છતા તે કાયદા વિરૂદ્ધ વકફને ચાલુ રાખવુ તે પણ યતિમોનું હક મારવુ છે. એવા વકફને તોડી વારસા વહેચવો જરૂર છે. ત્યાં એવો ખ્યાલ કરવો કે મૈયતને સવાબ પહો-ચશે. એ ભુલભરેલુ છે વકફ કરનારને સવાબ તો કાયદાસર વકફ કીધાથીજ થાય છે પણ જ્યારે કાયદાસર થયુ નહિ હોય તો તે વારેસોનો માલ છે એવી જગ્યા સવાબ પ-

હોચાડવાના ભુલાવાપણામા રહી વારસોનો હક ડુબાડવો જે અલ્લાહની હદ તોડવા જેવુ થાય છે એજ પ્રમાણે શરીયતના કાયદા મુજબ વકફ થયુ હોય પણ કોઈના કોઇ કાયદાથી કે કોઇ અમલદારના મત પ્રણાણે વકફ તૂટતું હોય તો તેને તોડી વારસો વહેચી લેવો એ પણ ખુદની હદ તોડવામા દાખલ છે. કાયદા વિરૂદ્ધ વશિયત ચાલુ કરવાનુ પણ એજ પરીણામ છે તેથી બચવું જોઇએ

એવીજ રીતે ઘણી જગ્યામા અને વિશેષે કરીને સુરત જીલ્લામા ઘણા લોકોની એવી આદત થઇ ગઈ છે કે જયારે કોઇ મરે તો તેનો બધો માલ તેમની ધણીઆણીના કબજામાં રહે છે અને તે મૈયતના નાનાં બાળકો હોય છતા તે મેયત (મરનાર ધણી) ની પાછળ ખેરાત (ધર્માદા) મા આપવા દુનીઆની રસમ (રીત) પ્રમાણે ન્યાત જમાડવામા અને ચોથીઆ અને માસ એકના દરેક ગુરૂવારે તથા મહીને છ છ મહીને વરસે ત વારસના માલથી ખર્ચ કરવામા આવે છે તેમ તે બાળકોમાથી કોઇની કઇ શાદી કે કાર (બીજો કોઇ ખર્ચ) આવે છે તો તેમા પણ તેજ બાગીઆ માલથી તે વિધવા ખરચતી જાય છે, એ પણ અલ્લાહની હદ ઓળગવા જેવુ છે તે વીધવા પોતેજ ગુનાહમા પડે છે એટલુજ નહિ પરતુ સાથે જાણીબુઝીને જમનારા બધા લોકોને પણ ગુનેહગાર કરે છે તે બાઇને જોઇએ તો જે ખેરાત કરવી હોય અથવા શરીઅતના કાયદા પ્રમાણે જે જમણ કરવુ હોય તે પોતાના ભાગથી કરે અને યતીમો ઉપર તો તેઓની જરૂરીઆત જેટલુજ તેઓના ખાવાપીવામા કપડામા ખર્ચ કરે–વધુ ખર્ચ કરી શકતી નથી.

આ ફરાએજ વિદ્યાની ઇશતેલાહ (કાયદા) ના શબ્દોનો ગુજરાતીમા તરજુમો કર્યો નથી પણ તેના તેજ નામ રહેવા દીધા છે જેમકે અસબા, જવીલફુરૂજ, જવીલઅરહામ, ઓલ, રદ વિગેરે. કારણ કે એ ઇલ્મ જયારે ગુજરાતીમા છેજ નહિ તા તેને મળતા શબ્દ ગુજરાતીમા મળી આવે નહિ અને તરજુમો કરી નવા શબ્દ ઘડેલા, પરતુ યાદ કરવા પડે માટે અસલ શબ્દોજ યાદ કરવા ઠીક છે એક તો તે મહેલા પડશે અને બીજુ જો કોઇ બાબતમા નહિ સમજ પડશે તો તે શબ્દોને આધારે સહેલાઇથી મોલવીને પૂછી શકશે, પરતુ તે શબ્દોના તરજુમા કરવામા એ વાત રહેતી નથી

આ કીતાબને ઘણી સહેલ કરી છે. એમા જરૂરી વર્ણાયલા મસલા જમદીથી સમજમા આવશે કારણ કે એ કીતાબની શરાહ મુફિદુલ વારેસિન છે. તેમાથી જે જગ્યાએ જરૂર પડી તે જગ્યાએ નોટની રીતે લખી તથા ખુનાસા દાખલાઓ વગેરેથી વાકેફ કરવામા આવ્યા છે પણ કોઇ આળસ કરી બયાન કરેલા કાયદા યાદ નહિ રાખશે અને આ કીતાબથી કામ લેવા માગશે અથવા વચ્ચેથી વાચશે તો તેને આ કીતાબ કશો લાભ આપશે નહી એટલુજ નહિ, તેમ અજાણ્યા માણસ પણ વચ્ચેથી વાચશે તો તેને પણ જરાએ સમજાશે નહિ. જો શરૂથી વચાશે અને કાયદા યાદ હશે તોજ લાભકર્તા છે.

અસલ ગરજ આ કીતાબથી તે લોકોને ફાયદો પહોચાડવાની છે. જેઓ ફરાએજ વિદ્યાથી તદન બીનવાકેફ તથા કાયદાસર તેને હાસલ કરવાથી આજેજ છે એટલાજ માટે તેજ મસલાઓ બયાન કર્યા છે જે વધારે જરૂરીના તથા સાધારણ લોકોને સમજમા આવે તેમ જ્યા સુધી બની શકયુ તેમ કર્યું છે.

આ કીતાબ મીરાસુલ મુસ્લેમીન ઉર્દૂનો તરજુમો ગુજરાતી ચાલુ જબાનમા કર્યો છે અને એનુ નામ શર્ફે મીરાસ રાખ્યુ છે અને એજ નામથી સન પણ મળશે જેથી મારા મુસલમાન ભાઇઓની સમજમા કઠણુ નહી પડે તેમ લખી છે. છતા જો કાઇ ભુલ ચુક જોવામા આવે તો મારી જ્યા સુધી જીંદગી હયાત રહે ત્યાં સુધીમા મહેરબાની કર ને કઇપણુ વાધો લાવ્યા સિવાય મુજ સેવકને ખબર ફરમાવશો તો હુ તેમનો ઘણો અહેસાન માનીશ અને દુવા કરીશ. એવામા જો મારી જીંદગી હયાત રહી નહી. તો, પોતેજ મારી ભુલને સુધારી લઇ મારી એબને ઢાકશો.

આ ફરાએજ વિધાની કીતાબ જેમ ઘણી સહેલ પડે તેવી છે. તેમ એજ વિધાનો એક જુદો નકશો પણુ બનાવ્યો છે કે તે નકશામાથી સાધારણુ સમજવાળો માણુસ પણુ આ વિધાનો મસલો ઘણી સહેલાઇથી કાઢી શકશે.

આ ઇલ્મ જેમ દીનના મસલાથી વાકેફ કરે છે તેમ એમા ગણિતવિધા પણુ હોવાથી મગજશક્તિની ઘણી સારી ખીલવણી થાય છે. જેમ અર્થમેટીક તથા જોમેત્રા તર્કશક્તિ (વિચારશક્તિ) ની ખીલવણી કરવાને ઉપયોગી છે તેમ તેના કરતા કઇ આ વિધા ઓછી નથી. તેટલા માટે જો મુશલમાનભાઇઓ ઇસ્લામી મદ્રેસામા ચોથાપાચમા ધોરણુમા આ કીતાબને તથા એજ વિધાના બનાવેલા નકશાને અગર એના જેવી બાજી કોઈ કીતાબ બનાવીને શીખવશે તો તેઓ ઇસ્લામી કાયદાથી વાકેફગાર થશે એટલુજ નહી પરતુ તેની સાથે તેમની અક્લ–હોશીઆરીની પણુ સારી ખીલવણી થશે.

આજ મોટુ અહેસાન છે કે મારા પ્યારા મુસલમાન ભાઇઓ આ નાચીજ (અદના) રીસાલાને જોવા તથા યાદ કરવાની ઇજ્જત બક્ષે એના બદલામાં જોનારથી દસ્તુર પ્રમાણે દુઆની તલબ (માગણી) કરવી બેમોકા (અનુચિત) છે હા જો તે પોતે કરમ ફરમાવી દુઆએ ખેરથી યાદ ફરમાવે તો મહેરબાનીથી દુર નથી. હદીસમા છે કે જે મોમીન કોઇને માટે દુઆએ ખેર કરે છે. એક ફરીસ્તો તેને માટે કહે છે કે ખુદાતઆલા તને પણુ એવીજ નેમત નસીબ કરે. એક તે વખત આવશે કે દુનીઆમા મારૂ નામોનીશાન નહિ રહેશે મારી તુટી ફુટી કબરનો કઇ પતો પણુ નહી મળશે. પણુ કીતાબને જો ખુદા પાકે બુજરૂગી આપી કબુલ બક્ષી તો આ તે વખત પણુ આપના હાથોમા હોવાથી તથા આપની દુઆએ ખેર મારા ગુનાહની માફીનુ સાધન તથા ઊંચા મરતબાનુ કારણુ બનશે

છેવટમા અલ્લાહ આગળ ઘણી આજીજી (કાલાવાલા) થી માગુ છુ કે એ અલ્લાહ, હુ તારો બદો છતા તારી જોઇએ તેવી બદગી થઇ નથી તુ તારા ફજલથી જે થાય તેને કબુલ અને આ મારી જુજ મહેનતને કબુલ કર હુ તારીજ મદદ માગુ છુ હુ તારાથી બક્ષીસ ચાહુ છુ તારા ઉપર વિશ્વાસ રાખુ છુ. તારાપર ભરોસો કરૂ છુ કે તુજ મારો બેલી છે. તુજ મને મદદ કરનાર છે અને તુજ મને બસ છે. તુ મારા આ પુસ્તકને લોકોપયોગી કર કે લોકો એને દીલ લગાડી વાચે અને તારો સાચો માર્ગ સ્વીકારે અને તુ મુસલમાનોની ફતેહ દે, એટલી સરવેયા, બાલ્કનીઆ, બલ્ગરીઆ, ગ્રીક વગેરે જાલેમોને ખાર તથા નાબુદ કર અને મુસલમાનોના બોલબાલા કર આમીન ! ! !

શર્ફે મીરાસ.

મીરાસુલ મુસલેમીન

ઘણો મહેરબાન રહમકર્તા અલ્લાહના નામથી

સર્વ સ્તુતિના લાયક છે તે રહેમ કરનાર ખુદા હિકમતવાળો તથા જાણનારો જેણે પોતાની પાક કિતાબમા અમારો જન્મ તથા મરણના લાગતા ઘણી સફાઇ તથા, સારી રીતના હુકમ ફરમાવી અમન ગુમરાહીથી બચાવ્યા અને પોતાના ખાસ દોસ્ત બધા પેગંબરોથી ઉત્તમને મોકલી અમારી હિદાયતનો સામાન બનાવ્યો તે રહમત તમામ જહાન માટેના ઉપર ખુદા ઉચા મરતબાવાળો પોતાની ખાસ રહમત તથા બરકત ઉતારે અને પોતાના તે કબુલ કરેલી આલ તથા અસહાબ ઉપર પણ ફજલ કરે. જેમની કોશીશથી દુનીઆમા ઇસલામનુ નુર પ્રગટ થયુ તથા તે ખાસ અને મકબુલ આલેમો ઉપર પણ જેમણે શરિયતે મોહમદી તથા મુસલમાની વિદ્યાની હિલાજાનથી મદદ કરી

એ પછી અરજ છે કે ઇલ્મે ફરાએજ (વિદ્યા ફરાએજ) મુસલમાનોને ઘણી જરૂરી ઇલ્મ (વિદ્યા) છે પણ ઘણા મુસલમાનો એનાથી તદ્દન અજાણ્યા છે તેમ બદગી તથા લેણદેણના મસલાથી પણ તેઓ સારી પેઠે જાણીતા નથી પણ એ ઇલ્મથી તો તદ્દનજ અજાણ છે એટલા માટે ફકીર સૈયદ અસગર હુસેન. દેવબદી (માફ કરે અલ્લાહ તેને તથા તેના મોટાઓને) એણે કેટલાક જરૂરી મસલા તથા વારસા સબધી તે પાકા તથા મજબુત કાયદા જે કોઇ વખત તુટી શકેજ નહિ એક ચોપાનીઆના રૂપમા મીરાસુલ મુસલમીન નામ રાખી ભેગા કર્યા છે જે બધા માટે ફાયદાકારક છે. થોડુ ઉર્દુ પઢનાર મુસલમાન પણ જો એને સમજીને પઢશે તો જાણીતો થશે તે કયા વારસને કેટલો ભાગ મળશે તથા ઘણી જરૂરી બાબતોથી પણ વાકેફ થશે.

કાયદાઓ તખરીઝ (મસલા કાઢવા) ના તથા એ ઇલ્મ (વિદ્યા) ની કઠણ બાબતો જેની જરૂરીઆત પૂરા મસલા કાઢવાની તથા ફરાએજ (વારસો) લખવામા પડે છે તે અત્રે લખાઈ નથી, કારણકે એ કામ તે આલેમો (વિદ્વાનો) તથા તાલબે ઇલ્મ (વિદ્યાર્થી) નુ છે કે જેને માટે આ ચોપાનીઉ લખાયુ નથી. તેઓ તો પોતે જાણકાર છે અને એવા ઘણા ચોપાનીઆ લખી શકે છે

જે મજમુન (ભાવાર્થ) આ ચોપાનીઆના અસલ મતલબના છે તે તો કુરાન મજિદના ઘણા સાફ તથા ખુલ્લા શબ્દોથી લેવાયલા છે બાકી મસલા હદિસ તથા ફિકાહ અને ફરાએજની તે મજબુત ભરોસાદાર કિતાબોથી લખાયલા છે. જે ઇસલામ તથા ઇસલામના વિદ્વાનોમા હમેશાથી ભરોસાદાર તથા પસદ પડેલા ચાલ્યા આવ્યા છે. કારણ કે એવી જાતના મસલામા મુસલમાનોને ઘણીજ ભરોસાની જરૂરીઆત પડે છે એટલાજ માટે તસદીક (તેના ખરાપણા)ને સારૂ ચોપાનીઆની છેવટમા મારા મુકર્રમ તથા આબરૂદાર ઉસ્તાદ હજરત મોલાના મોલવી અજીજઉર રહમાન સાહેબ મુફતી મદ્રેસા દેવબદ (અદામલ્લાહો ફેયુજહુમ)ની મહોર તથા ૧ * દસ્તક કરાવ્યા છે. ઉમેદ છે કે સારા ખ્યાલવાળા તથા દીનદાર મુસલમાન આથી ફાયદો ઉઠાવે અને પોતાની ઓલાદને પઢાવી બેવજહાનનો છુટકારો હાસિલ કરે

વારસાપણું એ શી વસ્તુ છે ?

વહેચવુ તરકા(વારસા)નુ જેવી રીતે કુરાનકરીમ તથા સરિયતે મોહંમદી (સલ)માં મુકરર થયુ છે જેમકે ઘણી ખુબીઓ તેની ખુલ્લી છે તથા સેકડો સલાહો (ભેદો) અને અચબાભરી હિકમતો એ વહેચવામા ઢુડી કરી દીનના જાણીતાઓએ બયાન કરી છે તો પણ પૂરેપૂરૂ જાણવુ એ હિકમતોનુ તેજ માલિકુલ મુલુકનેજ સજાવાર છે. જેણે પોતે કહ્યુ છે

---

૧ * આ રેસાલો બે વખત માત્ર મુફતી સાહેબની તસદીક (સચ્ચાઈ) તથા દસ્તકથી છપાયો પણ ત્રીજી વખત છપાવતા મદ્રેસા દેવબધના બધા વિદ્વાનો અને બીજા ભરોસાદાર અને પ્રખ્યાત વિદ્વાનોની મહોર અને દસ્તક પણ કરાવેલા છે. (મીરાસુલ મુસલેમીનનો. પા૦ ૮ થી)

કે તમને ખબર નથી કે તમારા બાપદાદા તમારે માટે વધુ ફાયદાકારક છે. અથવા તમારી ઓલાદ ખુદાજ સારી રીતે જાણે છે અને તેજ એ હિકમતોને સારી રીતે ઓળખે છે જે કઇ મુનાસિબ (બ્યાજબી) હતુ તેવોજ તેણે હુકમ કર્યો અને જે રસ્તો તથા કાયદો વહેં-ચવાને માટે તમામથી વધુ ફાયદાકારક હતો તેજ બતલાવી આપ્યો. તેનાથી સારો કાયદો કોઈ જારી કરી શકતો નથી તેમ તેનાથી સારી વહેચણી પણ કોઇથી થઇ શકતી નથી વિરાસત (વારસાપણું) એક વગર અખત્યારી હક છે નહિ, તેમા દેનારનો અખત્યાર છે નહિ લેનારનો. મુરીસ (માલધણી) જો ચાહે કે ફલાણા વારેસને કઇ ન મળે તો તેનાથી કઇ થઇ શકતું નથી. તેમ વારેસ પણ જો પોતાનો હક ૨ * ન લેવા માગે તો તેનુ પણ રોકાણુ થઈ શકતુ નથી.

(૧) દાખલો જેદ મરે છે ને ઇચ્છે છે કે મારા ભાઇને મીરાસ (વારસો) મળે અને બેન અભાગીઅણુ રહે તો એના ઇરાદા તથા ચાહવાથી કંઇ થઇ શકતુ નથી. એના મરણ પછી બહેનને પણ ભાગ મળશે પણ જો જેદ જીવતાજ સારી હાલતમા બધો માલ પોતાના ભાઇને આપી જાય તો બહેન અભાગીઅણુ રહી જશે કેમકે આ રૂપમા જેદના પાછળ કઇ વારસો રહ્યોજ નહિ. જે ભાગ પડી બહેનને મળતે (પણ જો વગર કારણે શરઅ એવું કરશે ગુનેગાર થશે એનુ બયાન આગળ આવે છે)

(૨)જો—દાખલો જેદનો બાપ માલ મૂકી મરે છે પણ જેદ માલીક થવા નહિ માગતો તો વગર અખત્યારે માલીક થઇ જશે, આ બીજી વાત છે કે માલેક થઇ જેદ જેને ચાહે તેને માલ આપી દે, ને પોતે ન રાખે

મિલ્કતોનું ફેરફાર થવું.

કાયદો જીદગીમા દરેક આદમીને અખત્યાર છે કે તે પોતાની માલમિલ્કત તંદુરસ્તી તથા અક્કલ હોશિયારની હાલતમા જેને ચાહે તેને હેબા (બક્ષિસ) કરી દે, પણ હેબામા પહેલી શરત એ છે કે, દઇને કબજો કરાવે વગર કબજા કરે હેબા (બક્ષિમ) પૂરી થતી નથી પણ જો કોઇએ પોતાની માલમિલ્કત માત્ર મોથી અથવા લખાણથી કોઇને આપી દીધી અને કબજો નહિ અપાવ્યો તો એ હેબા (બક્ષીસ) ભરોસાદાર થશે નહિ અને તેના મર્યા બાદ તેના વારસો એગાથી હકદાર થશે, મોહુબલહુ (જેને બક્ષિસ કરી આપ્યુ હોય) અભાગીઆ રહેશે પણ જો મીરાસની રીતે કઇ તેનો હક હશે તો મળશે.

બીજી સરત એ છે કે જે વસ્તુને બક્ષિસ કરવા માગે છે તેને ૧ ભાગ પાડી

---

* દાખલો કોઇ શખ્સ પોતાના વારેસથી લડાઇ કરે અને લડાઇની વખતે કસમ ખાય કે જો હું તારો કઇપણ થાલ મીરાસમાથી લઉ તો ઓરતને તલાક (ફારગતી) છે. હવે મુરીસ (માલધણી) મરી ગયો તો એ શખ્સ વગર અખત્યારે તેના માલનો માલેક થઇ જશે, અને ઓરત ઉપર તલાક પડી જશે એટલુજ નહિ જો કોઇ વારેસ પોતાના હકને લેવાથી નાસી જાય તો હાકીમ અને કાજીને અખત્યાર છે કે જબરત તેના ઘરમા પહોચાડે (મોફીદુલ વારેસીન પા. ૧૦–૧૧)

૧ જે ચીજની વહેચણી ન થઇ શકે તે જો વગર વહેચણી કરેથી પણ બક્ષિસ કરે તો દુરૂસ્ત છે (મી૦ મુ. મુ પા ૧૦ની નોટથી)

બક્ષિસ કરે, અથવા બક્ષિશ કર્યા પછી ભાગ પાડી કબજો કરાવે. જો એમ નહિ ને જો મસા (બાગીઆ માલ)ને બક્ષિસ કરશે તો તેની બક્ષીસ ખરી થશે નહિ. પણ વારસ-હકદાર થઇ જશે.

જ્યારે એ કાયદા જાણમાં આવ્યા તો સાંભળો.

(૧) જેદ જો પોતાની તમામ ઓલાદમાથી કોઇ ખાસ દીકરા અથવા દીકરીને કેટલીક માલમીલકત તદુરસ્તીની હાલતમા તથા જીદગીમા ઉપર જણાવેલી સરતો પ્રમાણે બક્ષિસ કરે ને આપી જાય તો એ × બક્ષિસ દુરૂસ્ત થશે અને બાકી મિલ્કતમાં એ દીકરો બી જાઓ સાથે ભેગો રહેશે અને બધાની પેઠે પોતાનો ભાગ પામશે જેદનુ એ કામ કરવુ પોતાની મિલ્કત અને માલમાં જારી તથા દુરૂસ્ત થશે પણ એ કામ જેદનુ શરઅથી મકરૂહ સમજાશે. કમકે બધી ઓલાદ અને સગાઓમાથી કોઇ ખાસને વધુ દેવુ અને બીજાઓને ઓછુ દેવુ મકરૂહે તહરીમા (એટલે હરામની પાસે) છે કે રસુલ્લુલ્લાહે (સલ) તેને જુલમ કહ્યો છે.

(૨) એવીજ રીતે જો જેદ પોતાની સારી હાલત અને જીદગીમા બધી માલ મિલ્કત કોઇ એક દીકરાને અથવા સગાને આપી જાય અને જે રીતે કાયદામા જણાઇ ચૂકી છે. કબજો કરાય તો એ કામ તેનુ દુરસ્ત અને જારી થશે અને બાકીના બધા વારસ અભાગીઆ રહેશે પણુ જેદનુ એ કામ પણુ ઘણુંજ મકરૂહ થશે, કેમકે બધા વારસોમાથી એકને ખાસ કરવુ અને પછી બધા વારસોને અભાગીઆ કરવુ એ ઘણો મોટો * ગુનોહ છે

× હબા કહે છે કે દઇ દેવાને. (મી સુ. મુ પા ૧૦ની નોટ)

* એક હદિસમા આવ્યુ છે કે જે સખ્સ પોતાના વારેસને મહરૂમ કરશે, અલ્લાતાલા તેને જન્નત (સ્વર્ગ) થી મરહુમ રરમાવશે (ઇબને માજા તથા બેહકી) (મી સુ. મુ પા. ૧૧ થી) અને બીજી સહી હદીસ કેટલાક લોક આખી ઉમર ખુદાની તાબેદારીમા મચ્યા રહશે પણુ મોતના વખતે મીરાસમા વારેસોને નુકશાન પહોચાડે છે એટલે વગર કારણુ સરઅ કોઇ બીજાથી મહરૂમ કરે છે અથવા ભાગ ઓછો કરે છે) એવા શખ્સને અલ્લાહતઆલા સીધો જહનમ (નર્ક) મા પહોચાડે છે મીરકાત તથા તીરમીજી અબુદાઉદ વગરે કેટલાક ગામોમા વારસા સબધી હિદુ રીવાજ ચલાવી ઘણીઆણી અને દીકરીઓને વારસો આપતા નથી એ લોક ઘણોજ મોટો ગુન્હો કરે છે. કારણુ કે મીરાસના હુકમોની નાફરમાની કરવાને માટે કુરાનમા અલ્લાતાલાએ સાફ સાફ ફરમાવ્યુ છે. તેને જહન્નમમા દાખલ કરશે ત્યા તે મુદ્દતો રહેશે અને ઘણોજ બુરો અજાબ પામશે હવે જોવુ જોઇએ ત્યાથી નીકળે છે કે નહિ ? કેમકે અલ્લાહના જાહેર હુકમને પાછળ ફેકી એક કાફરોની ઉપર અમલ કરવો કઈ સાધારણુ ગુનોહ નથી નિહાયત સરકશી તથા મોટા દરજ્જાનો ગુનોહ છે એટલુ જ નહિ પણુ કુફ્ર સુધી પહોચવાનો ડર છે. હજાર અફસોસ છે એવા મુસલમાનોની હાલત પર, અને ઘણુ જ પસ્તાવાનુ છે તેઓની ગફલતી ઉપર. (મો. દુ. વા પા. ૧૧-૧૨)

(૩) જો જેદ પોતાની બધી માલ મિલ્કત મજકુર કાયદાની શરતો પ્રમાણે ધણી-આણીના નામપર ફેરવી દે અથવા કેટલોક ભાગ આપી જાય તો દુરસ્ત છે અને ધણી-આણી એ વગર જે મળી ગયુ છે પોતાની મહેર તથા હક મીરાસની પણ હકદાર રહેશે પણ વારસોને અભાગીઆ કરવા દરેક વખતમા મકરૂહ છે

ખુલાસો.—કે, નબર ૧, ૨, ૩, ને જે મકરૂહ કહેવાયુ છે તે માત્ર એ સુરત (સ્વરૂપ) મા છે કે કોઇને વધુ દેવાનું કઇ કારણ શરઅ નહિ હોય પછી જો કોઇ જરૂરીયાત અને કારણ શરઅથી હોય તો વધુ દેવુ મકરૂહ થશે નહિ. દાખલા તરીકે —

(૧) જો જેદના ત્રણ દીકરામાથી બે ઘણા બદ ચલન ફાસિક છે અને એક ઘણો સારો દીનદાર છે તો તેને કઇ જીદગીમા આપી જવુ મકરૂહ થશે નહિ અથવા એકે, એક ઘણો કગાળ અને બચડવાળ છે અને બીજા દીકરા પોતે માલદાર અને સારી હાલતમા છે તો જો, એ કગાળ માટે જીદગીમા કઇ આપી દે તો મકરૂહ થશે નહિ

(૨) જેદને ભય છે કે મારા વારસ બેદીન-સાપ ને જોરાવર છે મારા મર્યા પછી મારી ધણીઆણીને કઈ આપશે નહિ તો તેવી હાલતમા જો કઇ માલ મિલ્કત તેના નામ ઉપર કરશો તો કઇ મકરૂહ થશે નહિ.

(૩) જો —જેદનો એક દીકરો જેદની ચાકરી કરે છે અને બીજા બધા બેઅદબ નાલાયક છે તો જો જીદગીમા તેને કઇ ભાગ મિલ્કત વગેરેથી આપી જાય તો મકરૂહ થશે નહિ.

આક (એટલે ઓલાદને મીરાસથી અભાગીઓ કરવાનું વર્ણન)

આક તેને કહે છે જે (મા, બાપને) હેરાન કરતો હોય, તથા હુકમ માનતો ન હોય, પણ હવે ઓરાફ (લોકોમા મશહુર) આક કરવુ કહે છે ઓલાદને મીરાસથી અભાગીઓ કરવાને પ્રથમ એ વાત જણાઇ ચૂકી છે કે, ઓલાદ હોય અથવા કોઇ વારસ હોય તો તે અમારા અભાગીઆ કરવાથી અભાગીઓ થઇ શકતો નથી તોપણ જો કોઇ કોઇ ઓલાદને આક તથા અભાગીઓ કરવા માગે તો, અભાગીઓ થઇ શકતો નથી પણ આવી રીતે થઇ શકે છે કે, જે લોકોને દેવા માગે છે, તેઓને પોતાની તદુરસ્તી અને જીંદગીમા માલ મિલ્કત વહેચી કબજો કરાવે, અને જેને અભાગીઓ કરવા માગે છે, તેને કઇ નહી આપે, પણ આ ખ્યાલ રાખે કે જો વગર કસુરે તેને અભાગી કરશે તો શરઅના ગુનેહગાર થશે.

કેટલીક * ચીજો જે મીરાસ મળવાથી અભાગીઆ બનાવી આપે છે.

---

૧ એવીજ રીતે ગુલામ વિષે પછી તે સપૂર્ણ હોય કે અપૂર્ણ તેને મીરાસ મળશે નહિ કારણ કે શરઅમા તે માલીક થવાની લાયકી રાખતો નથી. તેની પાસે જે કાઇ માલ હોય તેનો માલેક તેનો આકાહ (ધણી) થાય છે. બીજુ ખાસ કાફેરોના વારસા વિષે મરનાર અને વારેસ બને જુદા જુદા રાજાઓની હદના હોય અને તે બને રાજાઓમા આપસમા વિરૂદ્ધતા હોય ત્રીજુ મુર્તદ થવુ, એટલે ઇસ્લામી ધર્મ છોડવો. (મો. ૬ વા ત્રીજા ભાગમા)

કતલ (એટલે મારી નાખવુ) છે ૧ જેશખ્સ પોતાના મુરેસ (એટલે જેનાથી વારસો મળે) ને મારી નાખે તે મીરાસથી અભાગીઓ રહેશે. પછી જાણી બુઝીને મારી નાખે અથવા ભૂલથી દાખલા તરીકે કોઇ જાનવરને બદૂક અથવા તીર મારતો હતો પરતુ ભૂલથી સગાને લાગ્યુ તો પણ મારનાર તેના મીરાસથી અભાગીઓ રેહશે કુફર જો એક સખ્સ મુસલમાન છે તેનો કોઇ સગો હિદુ અથવા ઇસાઇ અથવા યાહુદી ૨ વગેરે મરે તો મુસલમાનને તેના માલમાથી કઇ મળશે નહી એવીજ રીતે જો મુમલમાન મરે તો તેના માલમાંથી હિદુ અથવા ઇસાઇ અથવા યહુદી વગેરે સગાઓને કઇ મળશે નહિ. જે સગાંઓ મુસલમાન છે તેઓને દેવાય જો કોઇ મુસલમાન સગો મીરાસલેનાર ન હોય તો ફકીરો પર ખર્ચ કરાય પછી તે ફકીરો મસ્જીદોના નોકર૩ હોય અથવા મદ્રેસાના તાલબેઇલમ (વિદ્યાર્થી) અથવા ખાનકાઓના દુરવેશ માલદાર ન હોય. ફાયદા—

(૧) મુકલ્લીદ (મઝહબવાળા) તથા ૪ ગેર મોકલ્લેદ (બીન મઝહબદારને) ને અપસમા મીરાસ જારી થાય છે એમા કઇ ઇખ્તેલાફ કે (એટલે મતફેર કે) શક નથી

(૨) સુન્ની તથા સિયા અપસમા વધુ આલેમોના કહેવા પ્રમાણે મીરાસ ૫ જારી થશે

---

૧ નાબાલિગ (વયે ન થયેલો) અથવા દીવાના આદમીએ પોતાના મુરેસ (માલધણી)ને મારી નાખ્યો તો મીરાસથી અભાગીઆ થશે નહિ એવીજ રીતે મુરીસ તેના ઉપર નાહક હુમલો કરી તેણે પોતાના બચાવ માટે તેના ઉપર વાર કીધો અને તે મુરીસ મરી ગયો તો એ વારેસ મીરાસથી અભાગીઓ થશે નહિ અથવા મુરાસ ઉપર સરઅની રૂએ કોઇ સજા લાગુ પડે અને હકીમ અથવા કાજીના હુકમથી વારસે તેને મારી નાખ્યો તોપણ મીરાસથી અભાગીઓ થશે નહિ એવીજ રીતે જે કોઇ પોતાના સગાની ઓરતને જેનાના (હરામખોરીના) ગુનાહમા મારી નાખે તો તે મારનાર વારેસ અભાગીઆ થશે નહિ જો એ ગુનોહ ગવાહોથી સાબેત થયો હોય, કેમકે એ તમામ રીતોમાં મારવુ જુલમથી નથી (મો૦ દુ૦ વા૦ પા૦).

૨ મુસલમાની મજહબ વગર બીજા જેટલા મજહબ છે જેમકે મજુશી, આર્યા વિગેરે

૩ પણ મજુરી તથા પગારમા નહિ દેવાય. સદકો ખેરાતની રીતે દેવાય (મો ક. વા. ત્રીજા ભાગમા).

૪ એવીજ રીતે સાફી, હનફી તથા માલીકી હમબલી એ ચાર મજહબવાળા પોતપોતામાં મીરાસ એક બીજાની લેશે. કેટલાક અભણ ગેરમોકલ્લેદ (ઓરફ વહાબી) ને કુફર સુધી સમજે છે. એ તેમની ઘણી મોટી ભુલ છે તેઓ ગેરમોકલ્લેદોને કહેતા નથી બલકે સાફી તથા માલેકી મજહબને કહી રહ્યા છે. કારણ કે ગેરમોકલ્લેદોના જેટલા હુકમ છે તે શાફી મજહબ તથા માલેકી મજહબના છે ત્યારે સાફી માલેકીને કુફર સુધી સમજશો તો એ પણ સમજાશે નહિ તો નહિ સમજાય ખુદાની પનાહ જો એ લોકો એમ કહેતા હોય કે મજહબને નહિ માનતા તો જેઓ હનફી મજહબને માને ને તે મજહબ પ્રમાણે ચાલે નહિ તે પણ ગેરમોકલ્લેદ એટલે મજહબને નહિ માનનારા થવા જોઇએ.

૫ જો કોઇ શખ્સને એમા શક હોય તો દુરરે મુખતાર સામી અને ફતહુલ કદીરની તે ઇબારતો જોઇ લે. જે મોલાના અબ્દુલઅલી બહરૂલ ઉલુમ, (૨) એ મુસલેમુશ સુબુતની શરાહમા નકલ ફરમાવી છે અથવા સામીએ જે બાબુલ મુર્તદમા તહકીક અને તફશીલ ફરમાવી છે તે જોઇ લે.

એટલે જો કોઇ સુન્ની મરી જાય તો તેના વારેસ જે શીયાહ મઝહબ રાખતા હોય તે મીરાસ પામશે. એવીજ રીતે જો શીયાહ મરી જાય તો તેની ધણીઆણી અથવા બીજા વારેસ જે સુન્નત જમાત હોય, તો તેની મીરાસ પામશે.

(૩) જે ઓરત ધણીના મરણ પછી બીજો નિકાહ કરે તો તે ધણીની મીરાસથી અભાગીઅણ થશે નહિ.

(તે ચીજો જે મીરાસના પહેલાં છે.)

તજહીજ (દફન કરાય) તથા * તકફીન (કફન કરાય) મરનારે જે કઈ માલ મુકયો છે પછી તે તેની પોતાની કમાઇનો છે અથવા બાપદાદાની માલમીલકતનો છે અથવા બીજી કોઇ જગ્યાથી મલ્યો છે એ બધા માલથી પહેલા કફન દફનના ખર્ચમા લેવાય એટલે તેની કબર, તથા કફન, તેની હેસિયત (ગજા) ના પ્રમાણમા દરમ્યાની રીતનુ કરાય ન વધુ ખર્ચ કરે તેમ ન ઓછુ

ચેતવણી—(૧) કફન દફનની વખત જે સદકો તથા ખેરાત કરે છે તે કફન દફનમા ગણાશે નહિ. પણ જો બધા વારેસોની ખુશી તથા હુકમથી થયુ હોય તો બધાના ભાગમા તેની ગણત્રી કરાય. જો બધા બાલેગ (વયે પહોચેલા) હોય તો. જો કોઇ નાબાલિગ હશે તેના હિસ્સામાથી કઇ કમ થશે નહી બાલેગ વારસોને માથે પડશે તે એનાજ ભાગમા ગણત્રી કરાશે.

(૨) જો મૈયતના ઉપર એટલુ દેણુ હોય કે, તેનો મુકેલો માલ દેણુ ભરવામા બસ ન થાય તો એવી હાલતમા તેના માલથી સદકો, ખેરાત, ફાતેહા દરૂદ કરવુ, એ તદન દુરૂસ્ત નથી. કેમકે તે માલ માગનારાઓનો ૧ હક છે એમા કોઇ વારેસને ખર્ચ કરવુ દુરૂસ્ત નથી. પણ જો કોઇને ઘણી મહોબત હોય અને સવાબ પહોચાડવાનુ દીલ થતુ હોય, તો પોતાના માલથી ખર્ચ કરી સવાબ પહોચાડે ખાવુ રધાવુ, ગરીબોને ખવડાવે,

---

* ઓરતનો જો ધણી હોય તો ઓરતનુ કફન તેના ઉપર વાજેબ છે વારસામાથી તેનો ખર્ચ લેવાય નહી. જો ધણી ન હોય તો તેના ગજા પ્રમાણે મરનારના વારસામાથી ખર્ચ કરાય અને જો મૈયતે કઇ પણ માલ અને વારસો ન મુકયો હોય જેથી તેનુ કફન દફન ન થાય તો તેના વારેસોથી મીરાસના હિસ્સા પ્રમાણે ઉઘરાણુ એકઠુ કરાય અને જો મૈયતના કોઇ સગા ન હોય અથવા હોય પણ કગાલ, હોય અથવા હાજર ન હોય, દુરની સફર ઉપર હોય તો તમામ ખર્ચ બેતુલમાલ (ઇસલામી હાકીમની ત્રીજોરી) થી દેવાય અને જો બતુલમાલ પણ ન હોય તો મહોલ્લાવાળા અને શહેરવાળા ઉપર વાજેબ થશે અને જો તેઓથી પણ ન થઇ શકે તો તેઓ ઉપર વાજેબ છે કે બીજા મુસલમાનોથી ઉઘરાણું કરી એ મુસલમાનનુ કફન દફન કરાય. પણ ઉઘરાણુ એટલુ જમા કરાય જે જરૂરીઆત કફન દફનને પુરૂ પડે. પછી જો કફન દફન કર્યા પછી બાકી રહે તો શરઅત તે ઉઘરાણાના વધેલા પાછા દેવા વાજેબ છે. (મો દુ. વા પા ૩૬ થી).

૧એટલુજ નહિ પણ મૈયત જો વધુ દેણદાર હોય તો વારેસો ઉપર માગનાર સખ્તાઇ કરી શકે છે કે માત્ર બેજ કપડાથી દફન કરાય એટલે કફન મસનુનથી પણ એક કપડું [કફની અથવા તેહમત] ઓછુ કરાવી શકે છે.

રૂપીઆ, પૈસા, વહેંચે. દરેક જાતના સવાબ (પુણ્ય) ઇન્સાહઅલ્લા (ખુદા ચાહે તો) મૈયતને પહોચશે પન્તુ નૈયત ખાલેસ (ચોખ્ખી) જોઇએ, જો દુન્યાને દેખડાવવા તથા નામવરી માટે હશે તો ન કરનારને સવાબ થશે ન મરનારને.

(૩) જો કોઇ જગ્યા ગરીબ વારેસ મરી જાય તો તેનો અસબાબ (સામાન) જ્યાં સુધી વારેસોને બની શકે ત્યા સુધી દેવુ જોઇએ પરતુ જો કોઇ વારેસ જણ્ણાએજ શકે નહિ તો, ફકીરો તથા મીસ્કીનોને દેવાય, જ્યા સુધી વારેસો જાણુવામા હોય તો લોકોને એ દુરૂસ્ત નથી કે, તેનો માલ ખેરાત કરે.

દેણુ ૧ અદા કરવુ.

---

૧ એક કરજ એવુ પણુ છે જે કફન દફનથી પણુ પહેલુ છે. દાખલો–તે ચીજ જે માગનારને ત્યા ગીરવી છે અથવા તે ચીજ જેને મૈયતે ખરીદ કીધી હતી પણુ તેની કીંમત આપી ન હતી અને કબજો પણુ કીધો ન હતો, બલ્કે માલેક અને વેચનારના કબજામા હતો એ રીતોમા માગનાર પોતાનુ લેણુ અને વેચનાર પોતાની કીંમત એ ચીજોથી વસુલ કરી શકે છે અને એ કફન દફનથી પણુ પહેલું છે. અને કરજ બે જાતિ છે એક તદુરસ્તીની હાલતમા એકરારથી અથવા ગવાહોની ગવાહીથી અથવા સાધારણુ લોકોને ખબર હોવાથી સાબેત થયું હોય, બીજુ તે જેનો મરજુલ મોત (મરવાની બીમારી)મા મૈયતે માત્ર ઇકરાર કર્યો હોય, ગવાહોથી અથવા સાધારણુ ખબરથી સાબેત ન હેય જો કફન દફન પછી બાકી માલ એ બને જાતિના કરજ ભરાય તેટલો હોય તો બને જાતિને દઇ દેવાય. અને જો માત્ર એકજ જાતિનુ કરજ છે અને માલ બમ છે, તોપણુ કરજ અદા કરાય. અને જો માલ કરજ વસુલ થવાને માટે બસ ન હોય અને કરજ એકજ જાતનુ એકજ આદમીનુ છે. જે કઇ માલ કફન દફન પછી બાકી રહે તે તેને દઇ દેવાય અને જો એકજ જાતનુ કરજ છે પણુ ઘણા આદમીનુ છે તો તમામને તે માલ દઇ દેવાય કે હિસ્સા રસદ (કરજના પ્રમાણુમા વહેચણી) કરી લે અને જો બેઉ જાતિનુ કરજ વાજેબ છે અને માલ બેઉને ભરવાનો બસ નથી તો પહેલી જાતિનુ કરજ અદા કરાય તે પછી જે કઇ બાકી રહે તે બીજી જાતિના કરજમા અદા કરાય ને જો બીજી જાતિના માગનાર કેટલાક આદમી છે તો તે બાકીને હિસ્શારસદ વહેચણી કરી લે. અને જ્યારે માલ એટલો ઓછો હોય કે પહેલી જાતિના માગનારાને પણુ બમ ન હોય, તો માત્ર પહેલી જાતિનાજ માગનારાઓને દઇ દેવાય જો એકજ સખ્સનુ કરજ છે તો બધો માલ તેજ લઇ લે, અને જો વધુ આદમી તે જે કઇ માલ છે તેને હિસ્સા રસદ વહેંચણી કરી લે. જેવુ કે ઉપર બ્યાન થઇ ગયુ છે અને જ્યારે માલ પહેલી જાતિના માગનારાઓને માટે બસ નથી અથવા તેને બસ થઇ કઇ બાકી ન રહે તો એ બને રીતોમા બીજી જાતિના માગનારાઓ અભાગીઆ રહેશે. હવે તેઓને અખત્યાર છે કે માફ કરીને સવાબ હાસેલ કરે અથવા મામલો આખેરત ઉપર મુલતવી રાખે મૈયતના વારેસો ઉપર સખ્તાઇ કરી શકતા નથી કે તમે પોતાના માલથી ભરો–હા જો તાકત હોય તો મુનાસિબ એજ છે કે કરજ અદા કરી પોતાના સગા મૈયતને છોડવે અને બહેતર એ વાત છે કે હક માફ કરે. એ માફ કરવાના કારણુથી તેઓને એટલો મોટો સવાબ મળે છે કે જો કયામતમા ફેસલો થઇ મકરૂજ

કફન દફનના ખર્ચ કર્યા પછી જે કઇ માલ બાકી રહે, તેમા બધાથી પહેલાં જરૂરી દેણુ હોય, તો તેને અદા કરાય. જો માલ મૂકેલો દેણુના જેટલો અથવા વધુ હોય તો, બધા દેણુવાળાઓને પૂરેપૂરૂ દેણુ અદા કરાય, અને જો માલ દેણુથી ઓછો હોય તો, બધા દેણુવાળાઓને હિસ્સા રસદ (એટલે દરેક દેણુના પ્રમાણમા) વહેંચણી કરાય જેનુ દેણુ વધુ હોય તેને વધુ દેવાય અને જેનુ ઓછું હોય, તેને ઓછુ દેવાય એટલે જે પ્રમાણનુ દેણુ હોય તેજ હિસાબ પ્રમાણે માલમાથી ભાગ દેવાય. દાખલા તરીકે જેદની ઉપર હજાર રૂપીઆ ઉમરના, અને બે હજાર બકરના અને ત્રણ હજાર ખાલેદના, બાકી છે, જેદ મર્યો અને કફન દફન કર્યા પછી માત્ર બારસો રૂ. બાકી રહ્યા તો ઉમરને બસો, બકરને ચારસો ખાલેદનો છસો રૂ. દેવાય ફાયદો.

૧ લો—ધણીઆણીનુ દેણુ મહેર અદા કરવી પણ એવી જરૂરી છે જેવી રીતે બીજા દેણુ જરૂર છે, અને જો માલ ઓછો હોય તો, તે પણ બધા માગનારાઓની સાથે રહી હિસ્સા રસદ (એટલે દરેક દેણુના પ્રમાણમા માલ વહેચણી કરે) કરે માલ પામશે.

૨ જો—કેટલાક લોકો પોતાના સગાઓના તરફથી ઘણોજ સદકો (ખેરાત) કરે છે પણ તેના દેણુની ખબર નથી લેતા, સેવકનો મુદ્દો આ નથી કે, મરેલાના તરફથી સદકો (ખેરાત) તદન બધ કરી, તેઓને ભૂલી જવું. બલ્કે દેવુ જોઇએ. કેમકે મૈયત એવા સવાબનો ઉમેદવાર રહે છે. જેવો ડુબનાર કોઈ કાઢનારનો મુન્તજેર (રાહ જોનાર) હોય છે, પણ મતલબ એ છે કે દેવુ દેણુનુ પ્રથમ સમજવું. કેમકે તે એક મોટી દિવાલ રૂપે (ચ્પાડ રૂપે) છે જે, મુડદા સુધી, સવાબને પહોચવા દેતી નથી. સહી હદિસમા આવ્યુ છે કે, મુરદું એકલુ કેદ રહે છે; જ્યા સુધી તેનુ દેણુ ભરાય નહી ત્યા સુધી. જુઓ સહીદનો અલ્લાહના નજદિક કેટલો મોટો દરજ્જો અને આબરૂ છે પણ હદિસે સરિફમા આવ્યુ છે કે, જો આદમી દેણુ મૂકી સહિદ થાય, અને પછી જીવતો થઇ, પછી સહિદ થાય, અને પાછો જીવતો થઇ સહિદ હોય, તો પણ દેણુ માફ થતું નથી બધા ગુના માફ થઇ જાય છે, પણ બદાઓના હક માફ થતા નથી.

(દેણુદાર)ની નેકીઓ તેઓને દેવાય ! તો પણ એટલો મોટો સવાબ મળશે નહિ કરજ માફ કરવાની અને મુફ્લેસ મકરૂઝને (દેણુદાર)ને મુદત દેવાની ઘણી મોટી ફજિલત કુરાન અને હદિસથી સાબેત છે એટલાજ માટે માફ કરવુ બધાથી સારૂ છે રિવાયત છે કે એક ઘણો મોટો વેપારી હતો તેણે પોતાના નોકરોને કહ્યુ કે, જ્યારે કોઇ મકરૂઝ (દેણુદાર)ની પાસે માગવા સારૂ જાઓ અને તે શકિત તથા તંગદસ્તીમા હોય તો તેને મોહલત (મુદત) મુદત આપી દીયા કરો અને જો ભરી ન શકે તો માફ કરી દીયા કરો. કદાચ અલ્લાતાલા અમારા ઉપર પણ રહેમ કરે ! જ્યારે તે મરી ગયો તો એના વગર તેનો કોઇ અમલ (કામ) નેક ન હતું. અલ્લાતાઆએ ફરમાવ્યુ કે જેવો તુ લોકોને માફ કરી દીયા કરતો હતો. અમે પણ તારા ગુનાહને માફ કીધા અને જન્નતમા દાખેલ કર્યો (મો. દુ. વા. પા. ૩૭-૪૧)

(૧ વસીયતનું વર્ણન.)

૧ જો મુરીસ (માલધણી)ની જીંદગીમા વારેસોએ એક તેહાઇ (૧/૩)થી વધુની વસીયતને કબુલ કરી અને ઈજાજત (રજા) દીધી અને તેના મોત પછી ઇજાજત (રજા) દેવાને રાજી નહિ હોય તો પહેલી ઇજાજત મોતબર (ભરોસાદાર) નહિ ગણાશે અને વસીયત પૂરી થશે નહિ વારસોની તેજ ઈજાજાત મોતબર છે જે મૈયતની વફાત પછી હોય ! કેમકે તેના વફાતથી પહેલા તો એ બે તેહાઇ (⅔) ના પૂરા માલેક ન હતા. જે શખશના કોઇ વારેસ ન હોય અને કરજ પણ ન હોય તે જો બધા માલની વસીયત પણ કરેતો દુરસ્ત છે વસીયત કરનાર આકેલ બાલેગ આજાદ હોય પછી જો નાનો (નાબાલીગ) અથવા દીવાનો અથવા ગુલામે વસીયત કીધી તો તે હાય માલમા પણ જારી થશે નહિ. જેને માટે વસીયત કીધી છે તે વસીયતને લેનાર અથવા હાસેલ કરવાને લાયક હોય જે ચીજની વસીયત કરી હોય તે લાયકે તમલીક (માલેક થવાની ચીજ) ની હોય. પછી કોઇ મુકરર ચીજ, ઘર, કપડું જેવર, જાનવર વગેરે હોય અથવા એવો હક હોય કે મમલુક (માલેકપણુ) થઇ શકે દાખલા તરીકે એક મકાનની નિસબત (સબધ) મા વસીયત કીધી કે જેદને એમાં આટલી મુદત સુધી રહેવા દવો, અથવા ફલાણા મકાનમા હમેશા ફકીરો તથા મુસાફરો રહ્યા કરે. આ રીતમા મકાન વારસોની મિલ્કત થશે પણ હક રહેવાનો જેદને અથવા ફકીરોને તથા મુસાફરોને રહેશે પછી જો કોઇ એવા હકની વસીયત કીધી જે લાયક તમલીક ન હોય તો વસીયત ભરોસાદાર થશે નહિ દાખલા તરીકે જે દને કહ્યુ કે મારો જે ઉમર ઉપર મુકરદમો બદનક્ષીનો કરવાનો હક હાસેલ છે તે તને બક્ષુ છુ તો સહી થશે નહિ એમજ જો કોઇ એવી ચીજ છે જેનો તદન વજુદ (હોવાપણુ) ન હોય તો તેમની પણ વસીયત સહી થશે નહિ દાખલો વસીયત કરી કે એક વરસ પછી જો મારી ઘોડીને બચ્ચુ પેદા થશે તે જે દને બક્ષુ છુ તો એ વસીયત સહી થશે નહિ. એક તે હાય માલમા જે મૈયતને અખત્યાર દેવાયો છે અને તેની વસીયત વગેરે બાયજ રાખી છે તે, તેજ વખત છે કે એ સરતો પાઇ જાય.

વસીયત કરનારના ઉપર એટલુ કરજ ન હોય કે તેને ભર્યા પછી માલ બાકીજ ન રહે, અને જો માલ બાકી રહે નહિ તો વસીયત બાતેલ થશે. જેને માટે વસીયત કરે છે તે વસીયતના વખત જીવતો હોય મૈયતના મર્યા પછી તેનુ જીવતું રહેવુ સરત નથી પછી જો કોઇ મરેલા સખ્સને માટે વસીયત કરે તો મોતબર (ભરોસાદાર) થશે નહિ અને જો જીવતા સખ્સને માટે વસિયત કરે પણ તે વસિયત કરનારના આગળ મરે તો એ વસીયત દુરસ્ત થશે અને જેને માટે વસીયત કરી હતી તેની જગ્યા તેના વારેસ એ વસિયતના હકદાર થઈ જશે. જે સખ્સને માટે વસિયત કરી છે તે મૈયતનો વારેસ ન હોય જો વારેસને માટે વસિયત કરી હશે તો બાતલ અને બિન ભરોમાની થશે પણ જો બાકી વારેસ તેને દુરસ્ત રાખે અને કબુલ કરે તો દુરસ્ત થશે ખુલાસો —આ જે બયાન થયુ કે વારસોને માટે વસીયત દુરસ્ત નથી

આથી તે વારસો વિષે મુરાદ (ધારણા) છે જે, મૈયતના મરવા વખત સરઅથી વારેસ ઠર્યા હોય અને તેના માલથી હિસ્સો મળે પછી જે કોઇ સખ્સ વસિયતના વખત વારેસ હોય પણ મુરેસ (જેનાથી વારસો મળે) ના મરવા વખત વારેસ નહિ રહે તો તેને માટેજ જે વસીયત કરી છે તે દુરસ્ત થશે–દાખલો–પહેલો જ્યારે જેદે ભાઇને માટે વસીયત કરી તો ચાર વારસ હાજર હતા એક મા, એક ઓરત, ૧ બેન, ૧ ભાઈ બધા સમજતા હતા કે એ વસીયત બાતેલ થશે પણ જેદના મરવાથી બે દિવસ આગળ તેને ત્યાં એક દીકરો પેદા થયો હવે એ ભાઇ સાહેબ હિસ્સાદાર વારેસ તો રહ્યા નહિ (કેમકે દીકરાના હોવાથી મૈયતના ભાઇ મહરૂમ રહે છે). પણ જેદે જે તેને માટે વસીયત કરી હતી તે સહીહ અને મોતબર થઇ ગઇ કેમકે જેદના મરવા વખત વારેસ નથી. દાખલો બીજો–જેદ પોતાના ભાઇને માટે વસીયત કરી જાહેરમા તેને બધા નાદુરસ્ત સમજી રહ્યા હતા પણ એકાએક જેદની જીદગીમાજ તેનો ભાઇ મરણ પામ્યો તો એ વસીયત જાયેજ અને મોતબર સમજાશે. અને એ વસીયતમા જેટલો માલ વગેરે જેદે પોતાના ભાઇને માટે મુકરર કર્યો હતો તે જેદના ભાઇની ઓલાદ વગેરેને મળશે. જો ભાઇ નહિ મરતે તો એ વસિયત બાતેલ થતે પણ મીરાસથી ભાગ મલતે હવે જ્યારે ભાઈ મર્યો તો તે વારસજ નહિ રહ્યો. તેટલાજ માટે વસિયતને માટે જાયેજ થઈ અને તેના પાછલાઓને દેવાય એવીજ રીતે જો કોઇ સખ્સ વારેસ તો કહેવાય છે પણ બીજા વારેસના કારણથી મહરૂમ (અભાગીયા) છે, તેને માટે પણ વસીયત દુરસ્ત છે. દાખલો જેદનો કાકો છે ને ભાઇ પણ છે જેદનો કાકો જેદના ભાઇ ના હોવાના કારણથી મહરૂમ છે, એટલેજ કાકાને માટે વસીયત દુરૂસ્ત છે અથવા મૈયતનો દીકરો છે તથા પૌત્રા પણ છે તો પૌત્રા જેમકે–દીકરાના હોવાથી મહરૂમ રહે છે એટલેજ પૌત્રાને માટે આ રીતમા વસિયત દુરૂસ્ત થશે અને જો કોઇ સખ્સ પહેલેથી વારેસ નથી અને તેને માટે વસિયત કરી છે પછી મૈયતના મરવા વખત તે વારેસ થયો તો એ વસીયત બાતલ થશે–દાખલો–જેદનો બાપ, દાદો, બંને જીવતા છે જેમકે બાપના આગળ દાદો વારેસ થતો નથી એટલેજ જેદના દાદાને માટેજ કંઇ વસીયત કરી જાહેરમા દુરૂસ્ત છે. તકદીરન્ જેદની જીદગીમાં જેદનો બાપ માર્યો હવે બાપની જગ્યાએ દાદો વારેસ થયો, અને વસીયત જે કઇ તેને માટે કરી હતી તે બાતેલ ઠરી. દાખલો બીજો–જેદનો દીકરો મવજુદ (હાજર) છે એટલેજ બેન મહરૂમ છે. તેને માટે જેદે કંઈ વસિયત કરી હુકમ અલ્લાહનો જેદનો દીકરો મરી ગયો તો જેદની બેન વારેસ થઇ ગઇ એટલેજ તેને માટે જે વસિયત કરી હતી તે નકામી અને બાતેલ થઇ ગઇ. મુસ્તહબ (બહેતર) આ છે કે વસીયત કરી જાય કે મારૂ કફન દફન મસનુન રીતે કરાય, અને મારા મરવા ઉપર રડવુ તથા ચીખવુ–ચીલાવું બંધ રાખે અને સરઅથી ઉલટુ કામ નહિ કરે અને જે સખ્સના સગાઓમા રડવા અને નાદુરૂસ્ત રસમનો રિવાજ હોય અને પોતાના મરવા પછી રડવા વગેરેનો વધુ ગુમાન હોય તેને માટે એ કામોને મના કરી જવું વાજેબ અને જરૂરી છે. જો એમ નહિ કરશે ને સગાઓ પાછળ સરિયતથી ઉલટુ કરશે તો મરનાર ગુનેહગાર થશે ફરી જો મૈયતે કેટલીક વસિયતો કરી હોય જે તે હાથ માલમા પૂરી ન થઇ શકિત હોય અને વધુ ખર્ચ કરવાનો વારેસોએ હુકમ

(૧)·—જે હકો વાજેબ હતા અને મરનારે *મરજુલમોત (મરવાની બીમારી)મા તેઓનો

---

² મરજુલમોત તેને કહે છે કે જેમા આદમી દુન્યાથી રૂકસત થાય (સ્વર્ગવાસી થાય) જે બિમારીઓમાથી બિમાર સારો થયો તે તદનજ તદુરસ્તના જેવો ગણવામા આવશે અને એ બિમારોએ જે કઇ તસર્રોફ (કામકાજ) કર્યા હોય તે બધા દુરૂસ્ત થશે. એટલે જે કાઇ કોઇને માટે એકરાર કર્યો અથવા કોઇને કઇ આપી દીધુ અથવા કરજ ભર્યું હતું વગેરે તે બધુ સહીહ (ખરૂ) તથા દુરસ્ત થશે ફરી તે બિમારી સખ્તને હલાક કરનારી હોય અથવા નાની મામુલી (સાધારણ) હોય, જ્યારે કોઇ સખ્સ બિમાર પડી મરી જાય તો જે દિવ·

દીધો ન હોય તો જે જરૂરી અને વાજેમ વસિયતો છે તેઓને પહેલી પૂરી કરાય તેનાથી કઇ બાકી રહેતો જરૂરી વગર વસિયતો પણ પૂરી કરાય દાખલો–પોતાની નમાજનો ફિ· દીયો દેવાની અને એક કૂવો બનાવવાની પણ વસિયત કરી છે અને બને કામ તેહાય માલમાથી પૂરી ન થઇ શકિત હોય તો નમાજાનો ફીદાયો અદા કરાયને કૂવો બનાવવો મુલતવી રખાય અથવા પોતાના કજા રોજાઓના ફીદીયાની તથા કુરબાની કરવાની પણ વસીયત કરી હોય તો રોજાઓનો ફીદીયો અદા કરાય. કેમકે રોજા વધારે જરૂરી ફરજ છે કુરબાની ઓછા દરજાની છે–ફરજ નહિ વાજબ છે એવીજ રીતે બીજી ચીજોમાં જરૂરી વસિયતોને પહેલા રાખે પછી વસિયત કરનારે તરતીબ (અનુક્રમ) રાખી હોય અથવા ન રાખી હોય અને જો બધા દરજાામા બરાબર વસીયતો હોય, વધુ જરૂરી અને બીન જરૂરી હોવાનો ફરક નથી તો વસિયત કરનારે જેની વસિયત પહેલી કરી તેને પહેલા પુરી કરાય. પછી કઇ માલ બાકી રહે તો બીજીને પુરી કરાય, અને જો ન રહે તો ન કરાય દાખલો રોજા અને નમાજના ફિદીયા અદા કરવાની વસિયત કરી હોય તો એ બને બરાબર છે (કેમકે બને ફરજ છે) એટલેજ જેની વસિયત પહેલી કરી હોય તેને પહેલાં પુરી કરે અથવા હજ્જ તથા જકાત અદા કરવાની વસિયત કરી હોય અને બને પૂરી ન થઇ શકતી હોય તો જેની વસિયત ૧ લી કરી હાય તે પહેલી અદા કરાય (કેટલાક ભરોસાદાર) આલે· મોનો કોલ (વચન) છે કે હજ્જ અને જકાત્ જો બને અદા ન થઈ શકે તો જકાત્‌ને પહેલા અદા કરવી જોઇએ) અથવા એક હજાર રૂ ની વસિયત મસીદને માટે કરી હોય અને એક હજારની મદ્રેસાને માટે અને હવે તે હાલ માલ માત્ર ૧૦૦૦ રૂ હોય તો જેની વસિયત પહેલી કરી હોય તેને પુરી કરાય. જો હજજની વસિયત કરી હોય તો તેના વતનથી મક્કાશરિફ સુધી આવવા જવા અને સવારી વગેરે તમામ જરૂરીનો ખર્ચ દઇ કોઇને હજને માટે મોકલાય જો તેહાય માલમાં એટલો ખર્ચ પૂરો ન થઇ શકે તો જે જગ્યાથી થઇ શકે ત્યાથી મોકલાય દાખલો મુંબ· ઇથી કોઇને મોકલે તો ૨૦–૨૫ રૂ કિફાયત પડશે અને જો ઘણોજ ઓછો માલ હોય તો જહાથી કોઇને મુકરર કરાય. જો જેદની ઓલાદને માટે ૧૦૦૦ રૂ. ની વસિયત કરી હાય તો તે રૂ જેદના દીકરા દીકરીમા વહેંચણી કરાય અને દીકરા દીકરીઓને બરાબર ભાગ અપાય અને જ્યા સુધી જેદના દીકરા દીકરીમાથી કોઇ પણ હાજર હોય તો પૌત્રા પૌત્રીને અને નવાસા, નવાસીને કઇ મળે નહિ જોકે ઓરફ (વાતચીતમા તેઓને પણ ઓલાદ કહે છે પણ મૂળ ઓલાદ દીકરા દીકરી છે) જો વસીયત કરી કે ૫૦ રૂ ના ઘઉ ફલાણા સખ્સને દેવા અથવા ફકીરોને દેવા તો તેની જગ્યાએ રોકડા રૂ. દેવા પણ દુરસ્ત છે એવીજ રીતે જો પચાસ રોકડાની વસિયત કરી હોય તો મૈયતના ઘરથી

એકરાર કર્યો, તેને વસીયત કહે છે. દાખલા તરીકે—આમ કહ્યુ કે, ફલાણા સખ્સને

---

* સથી બિમાર થયો હોય તેજ દિવસથી મરજ્જુલમોતની હાલત ગણાશે, અને મુદ્દતના કામકાજ જારી થશે નહિ. પણ જે બિમારી એક વર્ષ સુધી અથવા વધુ રહી હોય તેને શરૂથી મરજ્જુલમોતમા ગણાશે નહિ. અને શરૂ બિમારીથી તેના કામકાજમા નુકસાન આવશે નહિ. પણ જે દિવસથી વધુ બિમાર થઇ મર્યો છે તે દિવસથી મરજ્જુલમોતની ગણત્રી થશે. અને તેજ દિવસથી તેના કામકાજને પૂરી રીતે જારી સમજાશે નહિ. પછી જો કોઇ સખ્સ વર્ષ બે વર્ષથી ખઇ અથવા શઇલે વિગેરેની બિમારીમાં હોય તેના પછી એક અઠવાડીઆને માટે ઘણો બિમાર થઇ તેમાજ મરી ગયો તો મરજ્જુલમોત માત્ર એક અઠવાડીકજ ગણાશે. એનાથી પહેલા કામકાજ તદ્દન જાયેજ અને સહી. તદુરસ્તીની હાલત જેવા સમજાશે. એવીજ રીતે જે બિમારીમા બિમાર વગર તકલીફે નમાઝ વગેરેને માટે મસ્જીદમા જતો હોય, બજારથી પોતાની જરૂરી ચીજો ખરીદી લાવતો હોય અથવા ઘરમા કઇ કામ કરતો હોય, પલગ ઉપર હમેશા રહેતો ન હોયઃ તે પણ શરૂથી મરજ્જુલમોતની ગણત્રીમા થશે નહિ એવીજ રીતે ઓરત જે બિમારીમા પોતાના ઘરનુ કામકાજ કરતી હોય તે મરજ્જુલમોતમાં ગણાશે નહિ મતલબ કે જે બિમારીમા બિમાર મરે અને તે બિમારી વરસથી ઓછી હોય અને તેમા સાધારણ જરૂરી કામકાજ ન કરી શકાય તેને મરજ્જુલમોત કહે છે જો વહાણ તથા આગબોટ અથવા હોડીમા સવાર હોય અને એટલુ તોફાન થઇ આવ્યુ કે જીદગીની ઉમેદ રહી નહિ અને મોતનુ ગુમાન વધી ગયુ પછી વહાણ અથવા આગબોટ વગેરે ડુબી ગયુ અને પછી વહાણ સલામત નીકળે તો તે હાલતના ઉમેદીના બધા કામકાજ તદ્દન સહી અને દુરૂસ્ત થશે. જે સખ્સને મારી નાખવાનો હુકમ થયો હોય ને તે જેલખાનામા હોય તેની એ હાલત મરજ્જુલમોતના જેવી સમજાશે નહિ, પણ જ્યારે તેને જેલખાનામાથી કાઢી મારી નાખવાની જગ્યા ઉપર લઇ જાય ને મારી નાખે તો જેલખાનાથી કાઢી મારી નાખવા સુધી જે વખત થયો તે મરજ્જુલમોતના જેવો થશે, અને જો તે દિવસ કોઇ રીતથી મારી નાખવું મુલતવી રહે અથવા મારી નાખવાનો હુકમ મનસુખ (રદ) થઇ જાય તો જેલથી નીકળી મારી નાંખવાની જગ્યા સુધી આવવાની હાલત મરજ્જુલમોતના જેવી થશે નહિ, પણ તદુરસ્તી જેવી હાલત સમજાશે ઓરત જો જણવાની તકલીફમા મરી જાય તો જ્યારથી જણવાનુ દરદ શરૂ થાય તેજ વખતથી મરજ્જુલમોતની ગણત્રીમાં થશે અને જો તકલીફ઼ ઉઠાવી સહી સલામત જીવતી રહી હોય તો એ હાલત તદુરસ્તી જેવી સમજાશે જો તાઉન (પ્લેગ) થી મર્યો હોય તો જ્યારથી બુખાર ચઢયો હોય તેજ વખતથી મરજ્જુલમોત સમજાશે ફરી તે બુખારમા ફરતો હરતો રહ્યો હોય અથવા કઇ કામ કરતો રહ્યો હોય.

પચાસ રૂ નુ અનાજ દેવુ પણ દુરૂસ્ત છે જો કહ્યુ હોય કે ૫૦૦, રૂ. દઈ હજ્જ કરાવજો અને માત્ર ૪૦૦ રૂ. માં હજ્જ અદા થઇ તો બાકી રૂ વારેસો ઉપર વહેંચણ કરાય. જો કોઇ મૈયત કહે કે આ માલ ફલાણા સખ્સથી મને નાજાયેજ રસ્તાથી વસુલ કર્યો છે. તેને સદકો કરી દેજો તો જો તે માલનો અસલ ધણી જીવતો હોય તો માલ તેનેજ દઇ દેવાય અને સદકો ન કરાય, અને જો તેના માલેક અથવા તેના વારેસ હાજર જણાય નહિ તો માલને સદકો કરી દેવાય. જ્યારે વસિયત કરી અને સાધારણ રીતેથી*

આટલો માલ દેવાય. અથવા મસિદ તથા મદ્રેસામાં આટલો માલ દેવો, જે વાતો જીદગીમાં તંદુરસ્તની હાલતથી કરી ગયો પણ તેને પોતાની મોતથી વળગણુ કરી ગયો, તે પણુ વસીયતમા દાખલ છે. દાખલા તરીકે, તંદુરસ્તીની હાલતમા એમ કહ્યુ કે, મારા મર્યા બાદ જેદને હજાર રૂા દેવાય, અથવા મદ્રેસામા અને ફકીરોન મારા મર્યા બાદ, આટલો માલ દેવાય. (૨):—વસીયત ત્રીજી પાતીમાથી જારી થાય છે. એટલે મરનારે જે કામની વસીયત કરી હોય, અને જો તે તેહાય (ત્રીજા) માલથી પુરી થઇ શકતી હોય, તો વારેસો રાજી હોય, અથવા ન હોય, તો પણ તે પુરી કરાય, અને જો તે તેહાય (ત્રીજી) માલથી વધુ ખર્ચ થાય, તો વધુને માટે વારેસોથી હુકમ લેવો જરૂરી છે જોતેઓ વધુ ખર્ચ કરી વસીયત પુરી કરે, અથવા ન કરે જો બધા અથવા થોડાક વારેસ નાબાલેગ (સગીર) હોય તો તેમની ઇજાજત (હુકમ) ભરોમાદાર નથી. તેઓ હુકમ આપે, તોપણુ પુરી કરવી દુરૂસ્ત નથી. (૩)—જે સખ્સ સરઅથી વારેસ છે, તેને માટે કોઇ વસીયત દુરૂસ્ત નથી દાખલા તરીકે—જેદ એમ નથી કહી શકતો કે, મારા દીકરા અથવા માને મારા પછી આટલુ આપી દેજો (૪) જે વસીયતમા શરીયતથી ઉલટુ અને ગુનાહ જેવુ હોય, તે દુરૂસ્ત નથી તે ઉપર અમલ કરાય નહિ દાખલા તરીકે કોઇ સખ્સ કહે કે, મારા પછી હજાર રૂા ખર્ચ કરી નાચરગનો જલસો કરજો, અથવા મારી કબર પાકી બનાવી દેજો.

---

*લોકોને જણાયું અથવા ગવાહ હાજર હોય તો નકાર કરવાથી વસિયત રદ થશે નહિ અને એ કહેવુ ભરોસાદાર થશે નહિ, કે મે વસિયત કરી નથી પણુ જો એમ કહે કે હુ એ વસિયતથી રૂજુ કરૂ (ખેચી લેઉ) છુ અથવા એને જારી કરવા માગતો નથી અથવા એ વસિયતને તોડી નાખુ છુ તો વસિયત રદ થઈ જશે જેવી કે કીધેલીજ ન હતી જયા સુધી વસિયત કરનાર જીવતો છે તેને અવીજ રીતે વસીયતને બાતલ કરવાનો પૂ। અખત્યાર છે. એવીજ રીતે જો જીદગીમા કોઇ એવુ કામ કરે જેથી જણાય કે વસિયતથી ફરી ગયો છે તો પણુ વસિયત બાતેલ થાય છે દાખલો—એક જમીનની કોઇને માટે વસીયત કરી હતી પછી તેજ જમીનમા પોતાનુ ઘર બનાવ્યુ અથવા બકરીની વસીયત કીધી હતી અને પછી તેને વેચી કાઢી અથવા કોઇ કપડાના થાનની વસિયત કરી હતી પછી તેનેજ વેતરી કપડા બનાવ્યા તો એ તમામ રીતોમા સમજાશે કે વસિયતથી રૂજુ કર્યું અને ફરી ગયો જો કોઇ સખ્સે જમીન અથવા ખાસ ઘર અથવા કપડાં અથવા જાનવર વગેરેની વસિયત કરી હતી અને પછી તે કોઇ રીતે તેના કબજાથી નીકળી ગઇ અથવા નુકશાન થઇ ગયુ અથવા મરી ગયુ તો વસિયત બાતલ થઇ ગઈ કેમકે જે ચીજની વસિયત કીધી હતી તે હાજરજ રહી નહિ જો બિમારીની હાલતમા વસિયતો કરે અને પછી તદુરસ્ત થાય તો એ વસિયતો બાતલ થશે નહિ, પણુ જો કદાચ મરી જાય તો તેના મોતની પછી પૂરી કરાય જો બધાણુ કરી હોય કે જો બિમારીમા મરી જાઉ તો ફલાણાને આટલુ આપજો તો એ વસિયત સહીહ થવા પછી બાતેલ થઇ જશે. વસિયત કરનાર મેયત જે સખ્સને પોતાા મરવા પછી તસરરોફ (કામકાજ) જારી કરવા માટે પોતાનો નાયેબ તથા વકીલ (ટ્રસ્ટી) મુકરર કરે તેને વસી (ટ્રસ્ટી) કહે છે. જેને વસી બનાવ્યો જો તેણે જબાનથી કબુલ કર્યું તો પણુ તેના ઉપર લાજીમ (જરૂર) થઇ

(કામ આવનાર મમલા.)

(૧)—જે ઓના ઉપર એટલુ કરજ છે કે, મેહેરના ૩૧૦ થી વધુ હોય, અને કઇ માલ મુકીને મરે પછી જો તે મરજુલમોત (મરવાની બિમારી) મા પોતાની મેહેર માફ કરે તો, દુરસ્ત નથી. કેમકે તે માગનારાઓનો હક છે. (૨)—જે ઓરતની પાસે કંઈ માલ નથી. જો તે મરજુલમોતમા પોતાનુ દેણુ મેહેર માફ કરે, તો કઈ પણ માફ થશે નહિ પણ ઓરતના મરણ પછી ધણીને મીરાસની રીતે કેટલોક ભાગ મેહેરમાથી મળી જશે. બાકી વિષે વારેસ જો ચાહે તો દાવો કરી શકે છે. તેઓને અખત્યાર છે કે માફ કરે અથવા વસુલ કરે. (૩)—જે સખ્સના વારેસ હાજતમદ અને કગાળ હોય તેને જોઇએ કે પોતાના માલમા કોઇને માટે કઇ વસીયત ન કરે. કારણ કે બધો માલ વારેસોને કામ આવે અને તેઓની હાજત પુરી પડે (૪)—જે સખ્સના વારેસ ગરીબ મિસ્કીન ન હોય, તેને પણ જોઇએ કે, તેહાય (ત્રીજો ભાગ) માલથી વધુની વસીયત સદકો (ખેરાત) વગેરે માટે કરે નહિ. બલ્કે મુસ્તહબ (બહેતર) એ છે કે, તેહાયથી ઓછીની વસીયત કરે. (૫)—જે સખ્સના ઉપર નમાજ, રોજા અથવા હજ્જજકાત, વાજેબ હોય, અને મોતની નિશાનીઓ જાહેર થાય, તો વાજેબ છે કે, પોતાના વારેસોને વસીયત કરી જાય કે, મારા તરફથી નમાજ, રોજાનો ફિદીઓ (દડ) અદા કરે, અને જકાત તથા

ગયુ. અથવા કોઇ કામ એવુ કર્યું જેથી જણાયુ કે એ સખ્સ વસી બનવા ઉપર રાજી છે તો પણ વસી બની ગયો પણ જ્યા સુધી વસિયત કરનાર જીદોહ હોય વસીને અખત્યાર છે કે વસી થવાથી ઇન્કાર કરે, પણ તેના મરવા પછી અખત્યાર રહેશે નહિ. જો એક સખ્સ કેટલાક કામોના વસી બન્યો અને બીજા કામોનુ કઈ બયાન કર્યુ નહિ અને તેને માટે કોઇને વસી બનાવ્યો નહિ તો બધા કામોનો વસી એજ સખ્સ સમજાશે. જો બધા કામોમા બે સખ્સને વસી (ત્રસ્ટી) બનાવ્યા હોય તો એ બન્નેને આપસમા મળીને કામ કરવુ જોઇએ માત્ર એક સખ્સ જો કામ કરશે તો દુરસ્ત થશે નહિ. પણ જો કફન દફનના બદોબસ્ત અને મૈયતની અહલાઅયાલ (આલ ઓલાદ) ના જરૂરીને એક સખ્સ પણ પૂરૂં કરે તો દુરસ્ત અને ભરોસાદાર થશે. વસી બનવુ અને પછી દીયાનતદારી (નિમકહલાલી) થી કામ કરવુ ધણુંજ અઘરૂ અને સખ્ત છે એટલાજ માટે એનાથી જ્યા સુધી બની શકે ત્યા સુધી બચવુ જોઇએ અને તદન અખત્યાર કરવો ન જોઇએ અને જો કોઇ જરૂરીઆત તથા મમલેહતના સબબથી અખત્યાર કરે તો ખુદાની પકડ અને આખેરતના અઝાબથી ડરી પૂરી ઇમાનદારી અને ખેરખાહીથી કામ કરવુ જોઇએ. મફતનો માલ સમજી ગેરરસ્તે ખર્ચ કરવો અને આગળ પાછળ માલનો તદન ખર્ચ કરવો જોઇએ નહિ. એ પણ જો, તેના બદોબસ્તમા ફીક-મઆસ (ધધાદારીની) ફુરસદ ન મળતી હોય ને, તે જો, માલદાર ન હોય તો જરૂરી જેટલુ (પોતાના ખર્ચને માટે વસિયત કરનારના માલમાથી લઇ લેવુ દુરસ્ત છે, હવે જો તે માલદાર હોય, ને જરૂરી જેટલુ લે, અથવા માલદાર ન હોય, ને જરૂરીથી વધુ લે, તો તે, હકકુન્નાસ (એટલે પારકાનો માલ ખાનાર જેવો) થશે. જેનું બયાન ફિકાહની કિતાબોમા ખુલાસાવાર છે (એવીજ રીતે વકફના માલનો પણ હુકમ છે) (મો. દુ. વા. વસિયતના વર્ણનમાંથી)

હજ્જ અદા કરી દેવાય. ફાયદોઃ—(૧) લો—જે સખ્સ નમાજ, રોજા, હજ્જ વીગેરેની અદા કરવાની વસીયત કરી ગયો જો માલ પણ મુકી ગયો છે, અને વસીયત પુરી કરવા મા તે હાય માલથી વધુ ખર્ચ ન હોય, તો વારસોને તેની વસીયત પુરી કરવી વાજેબ છે. અને જો માલ નહિ મુકી ગયો તો વારેસોને અખતેયાર છે જો એ વસીયત પર અમલ કરે અથવા ન કરે. (૨):—જે સખ્સે પોતાની અણુસમજણુપણાથી પોતાની નમાજ, હજ્જ, રોજા વગેરેને માટે વસીયત ન કાધી અથવા વખતજ ન મળ્યો તો પણ બહેતર છે કે, વારેસો તેના તરફથી ફિદીયો વગેરે દઈ દે, અને તેને આખેરતના અજાબથી બચાવે (૩) [1] એક નમાજનો ફિદીયો બસેર ઘઉ અગ્રેજી તોલથી અદા કરાય અથવા એટલા અનાજનું દામ (કીમત) દઇ દેવાય એક રોજાનો ફિદીયો પણ એટલોજ છે. (૪)—જે રોજા બિમા- રીની હાલતમા કજા થાય, અને સાજો ન થયો, તેજ બિમારીમા મરી ગયો તો એ રોજાઓની કજા તથા ફિદીયો વાજેબ નથી. (૫)—જે સખ્સ મામલાદાર (કારભારી) હોય, લોકોનું દેણુ અથવા અનામત વગેરે તેની પાસે હોય તો મુનાસીબ (વ્યાજબી) છે કે વસી- યત નામુ (વીલ) લખી રાખે એટલે મર્યા પછી, હકદારનો હક બરબાદ ન થાય. જાણતાં નથી કે કઇ વખત મોત આવશે.

વારેસોના હકો.[2]

કફન-દફન અને કરજનુ અદા કરવુ તથા વસીયતના પછી જે કંઈ બાકી રહે

---

૧ મજ્હબ હનફીમા કજા નમાજ વિતરનો પણ ફિદીયો દેવો જરૂરી છે પછી એક દિવસની પાચ નમાજ તથા વિતરનો ફીદીયો ૧૨ શેર ઘઉ અગ્રેજી તોલના થાય છે

૨ હવે સાધારણુ રીતથી જે વારસ છે તે ત્રણુ રીતના છે અને આ વખતમા હિં- દુસ્તાનમા તો એ ત્રણુ જાતિના વગર કોઇ બીજી જાતિજ નથી. તે ત્રણુ જાતિના વારેસ આ છે.

૧ લો જવીલફુરૂજ—એટલે તે વારેસ જેને હિસ્સો અને મીરાસની મીકદાર (હદ) સ- રીયતથી નિયમિત છે ૨ અસ્બાનસબી—એટલે મૈયતની સાથે સગાઇનો સબધ રાખનારા તે લોકો જેને સગાઇમા ઓરતનો વાસ્તો ન હોય અને સરિયતમા તેનો કઇ હિસ્સો નિ- યમિત ન હોય પણુ જવીલફરૂજના પુરા હિસ્સા કાઢયા પછી જે કઇ વારસો રહે તે તે- ઓને મળશે અને જો બાકી ન રહે તો મહરૂમ રહેશે (૩) જો જવીલઅર્હામ તે વારેસ છે જેના હિસ્સા પણુ સરિયતમા નિયમિત ન હોય અને અસ્બા પણુ ન હોય પણુ મૈય- તમા અને તેઓમા ઓરતના તરફની સગાઇ હોય અથવા પોતે ઓરત હોય

એ ત્રણુ જાતિના વારેસો જે બ્યાન થયા તેમા ન. ૧ લાના વારેસ એટલે જવીલ- ફુરૂજ બધાથી પહેલા છે. જયા સુધી તેઓના હિસ્સા પૂરા નહિ મળે ત્યા સુધી બીજી જાતિ અને ત્રીજી જાતિ એટલે અસ્બાને જવીલ અહોમને કઇ મળી શકશે નહિ. બીજા દરજ્જામા બીજી જાતિના વારેસો એટલે અસ્બાને મળશે જો જવીલફુરૂઝના ભાગ આપ્યા પછી કઇ બાકી રહે તો અસ્બાને તે બાકી રહેલો માલ મળશે અને જો જવીલફુરૂજ- માથી કોઈપણુ ન હોય તો અસ્બાઓને બધો વારસો અને માલ મળશે ત્રીજી જાતિ એટલે જવીલઅર્હામને કઇ મળશે નહિ ત્રીજા દરજ્જામા ત્રીજી જાતિના વારેસો એટલે જવિલ- અર્હામ છે તેઓને મીરાસ તે વખત મળશે કે જ્યારે ન. ૧ લો અને બીજાના કોઇ વા- રેસ હાજરજ નહિ હોય. એટલે જો મૈયતના કોઇ જવિલફુરૂજ વારેસ અને કોઇ અસ્બા મવજુદ ન હોય ત્યારેજ એ લોકો હકદાર થશે પણુ જો મૈયત માત્ર ધણી અથવા ધણી- આણી મૂકી ગયા હોય તો જવીલઅર્હામ તેના કારણુથી મહરૂમ નહિ થશે પણુ ધણી- આણી અથવા ધણીના ભાગ દેવા પછી જે કઈ બાકી રહે તે જવિલઅર્હામ લેશે.

આ નકશામાં છજાતિના વારેસોનું બ્યાન ખુલાસા સાથે શચિતની દલીલ પ્રમાણે બધી જાતીની છે.

વારેસોની જાતીના દરજા	વારેસોની જાતિનું બ્યાન.	કયા કાયદાથી શીન થયું છે		કાયદાઓનો ખુલાસો	તરજુમો તથા ખુલાસો વગેરે
		વારેસોના નામ	કાયદાઓના નામ		
પેહેલી જાતી — કુરાનના આયાતમા નિયમિત થયલા છે	જવીલફુરજ	દીકરી	કુરઆન મજીદ	ફઇન કુન્ના નિસાઅન ફોકસ નતનેં ફલહુન્ના સોલોસા માતરક૦ વ૦ ઇનકાનત વાહિદતન ફલહન નિસફો	દીકરીઓ જો બે હોય ને એથી વધુ હોય તો તેણીઓને વારસામાથી બેતેહાય મળે છે અને જો એક દીકરી હોય તો અર્ધો મળે છે
	„	પૌત્રી	હદીસે રસુલતથા એજમ સહાબા તથા આમતુ ફોકહા	એ બને મસઉદ (રદ) ફરમાવતા હતા કે મે૦ (રસુલુલ્લાહ સલ) થી સાભળ્યું છે કે અર્ધી દીકરીને છઠ્ઠો હિસ્સો પૌત્રીને બાકી બેનને દેવાય (બોખારી સરીફ) અને સહાબા તથા ફેકહાઓનો એ વાત ઉપર ઇજમા છે કે જ્યારે દીકરી ન હોય તો પાત્રી તમામ હાલતોમા તેની જગ્યામા કાયમ છે	
	„	મા / બાપ	કુરઆન મજીદ	વલે અબવયહે લેકુલ્લેવાહેદીન મીનહુમોસો દોસો ઇન્કાન લહુ વલદુન ફઇનલમ યકુનલહુ વલદુન વવરેશહુ અબવાહો ફલેઉમ મીહીસ સોલોસો ફઇન કાનલહુ એખવતુન ફલેઉમ મહીસ સોદોસો	જો મેયતની ઓલાદ મવજુદ હોય તો તેની મા તથા બાપને દરેકને છઠ્ઠો હિસ્સો મળે છે જો ઓલાદ ન હોય તો માને એક તેહાય (અને બાકી બાપને) અને જો મેયતને બે અથવા એથી વધુ ભાઈ અથવા બેન હોય તો પણ માને છઠ્ઠો હિસ્સો મળે છે
	„	દાદો	ઇજમાયે ઉમત	અબુબકર એ બને અબ્બાસ એ બને જુબેર (રદ) ફરમાવતા હતા, કે અલજદો અબુન એટલે જ્યારે બાપ જીવતો ન હોય તો દાદો પણ બાપનાજ હુકમમા છે કારણ કે સહાબા (રદ) તે વખત ઘણા મવજુદ હતા પણ એ નહિ સભળાયુ કે કોઇએ એ બારામા અબુબકરના ખિલાફ (ઉલટુ) કયુ હોય,	
	„	ધણી	કુરઆન મજીદ	વલકુમ નિસફો મા તરક અજવાજોકુમ ઇલમ યકુન લહુન્ના વલદુન ફઇનકાના લહુન્ના વલદુન ફલકોમોર રોબોઆ મીમ્મા તરકના	જો તમારી ઓરતોને ઓલાદ ન હોયતો તેણીઓના વારસામાથી તમોને અર્ધો મળશે અને જો તેણીઓને ઓલાદ હોય તો તમોને ચોથાઇ હિસ્સો મળશે
	„	ધણીઆણી	„	વલ હુન્નર રોબોઆ મીમ્મા તરકતુમ ઇલમ યકુન લકુમ વલદુન ફઇન કાના લકુમ વલદુન ફલહુન્નતસ સોમોનો મીમ્મા તરકતુમ	જ્યારે તમો લોકોને ઓલાદ ન હોય તો તમારી ઓરતોને તમારા વારસામાથી ચાથાઇ મળશે જો તમારી ઓલાદ હોય તો તેણીઓને આઠમો હિસ્સો મળશે
	„	માજણ્યા ભાઇ / માજણી બેન	„	વલહુ અખુન અવઓખ્તુન ફલેકુલ્લે વાહેદીન મીન હુમોસસા દોસો ફઇન કાનુ અકસર મીન જાલેકા ફહુમ શોરકાઓ ફીસ સોલોસે	જો કોઈ મુરસ (માલધણી) મરદ અથવા ઓરતને ઓલાદ તથા મા બાપ ન હોય અને તેના કોઇ માજણ્યા ભાઇ અથવા બેન મવજુદ હોય તો દરેકને છઠ્ઠો હિસ્સો મળશે અને જો માજણ્યા ભાઇ બેન એથી વધુ હોય તો તે બધાં એક તેહાયમા બેગા રહેશે
	„	સગી તથા સાવકી બેન	„	એનીમ રોઉન હલક લૈસલહુ વલદુન વલહુ ઓખ્તુન ફલહનિસફોમાતરક ફઇન કાનતસ નતેને ફલહુ મસસોલોસાને મીમ્મા તરક	જો એવો સખ્સ મરે જેના મા બાપ અને ઓલાદ ન હોય અને તેની એક બેન સગી અથવા સાવકી હોય તો તેણીને વારસામાથી અર્ધો મળશે જો બે અથવા એથી વધુ હોય તો બધાને માટે બેતેહાય મળશે
	„	દાદી, નાની	હદીસે સરીફ તથા આસારે સહાબા	અબુ સઇદ તથા કબીસાબીન જવીબ તથા મુગીરાબીન સોબા (રદ) ફરમાવે છે કે રસુલુલ્લાહ (સલ) એજદહ (દાદી નાની) ને છઠ્ઠો હિસ્સો દેવડાવ્યો મુરીદા કહે છે કે હજરત (સલ) એ જદ-હને માટે છઠ્ઠો હિસ્સો મુકરર ફરમાવ્યો જ્યારે તેનાથી નજદીક મેયતની કોઇ મા મવજુદ ન હોય અબુબકર (રદ) એ એજદહને છઠ્ઠામા બેગા કરાવ્યા (તિરમીજી-અબુદાઉદ-દારમી-ઇબનેમાજા-વગેરે)	
બીજી જાતી	અસબાઓ × બાપ-દાદો	દીકરા દીકરી દીકરાની ઓલાદ બાપની ઓલાદ દાદાની ઓલાદ	કુરઆન તથા હદીસ (સલ) તથા ઇજમાએ ઉમ્મત	યુસી કુમુલ્લાહો ફીઆવલાદે કુમલીઝ જકરે મીસલો હજ્જલઉન સયેન ફઇલમ યકુનલ્હુ વલદુન વવરેસહુ અબવાહો ફલે ઉમમીહીસ સોલોસો વઇનકાનુ એખતર રીજાલન વનેસાઅન ફલીજ જકરે મીસલો હજીન સયેન અલ-હકુલ ફરાએજ બેઅહલેહાફમમા બકા ફહોવા લેઉલા રજોલુન જકરન (બુખારી તથા મુસલીમ)	પહેલી આયતમા દીકરા દીકરીને અસબા થવાની હાલતનુ વર્ણ્ન છે બીજામા બાપને અસબા થવાનો હાલ છે ત્રીજામા સગા તથા સાવકા ભાઇ બેનોનુ વર્ણન છે બુખારી તથા મુસલીમની હદીસનો મતલબ એજ છે કે જવિલફુરજના હિસ્સા દેવા પછી જે કઈ બાકી રહે તે તે મરદનો હક છે જે મેયતથી બધાથી વધુ નજદિક લાગણી તથા સગાઇ રાખતો હોય
ત્રીજી જાતિ.	મોલા આજાદ કરનાર	પોતે અસબાઓ	હદીસે રસુલ (સલ)	હજરત (સલ) એ એક આજાદ કરનારને ફરમાવ્યુ કે જો એ તમારો આજાદ કરેલો ગુલામ મર્યો અને કોઇ વારેસ નહિ છોડ્યો તો તમેજ તેના અસબા થઇ જશો અને ફરમાવ્યુ કે આજાદ કરેલો કોઇ જાતનો તેમાજ દાખલ સમજાય છે	
ચોથી જાતિ	જવિલઅર્હામ	મેયતની ઓલાદ મેયતની જડ બાપની ઓલાદ દાદા, દાદીની ઓલાદ	કુરઆન તથા હદિસે રસુલ તથા આસારે સહાબા	લીર્રીજાલે નસીબુમ મીમ્મા તરકલ વાલેદાને વલ્અકરબુન વલીન્ નીસાએ નસીબુન આખરી (સુરેનીસા) વઓલુલઅર્હામે બાદોહુમ્ ઓલા બેબાઅદીન ફિકિતાબીલ્લાહે (સુરેઅન્ફાલ) અલ્આલો વારેસુન મલ્લાવારેસા લહુએબનો ઓઅતીવ કોમે મીન્હુમ (બુખારી)	પહેલી આયતથી મીરાસ જવીલઅર્હામ સીધ છે બીજી આયત હન્ફીના નજદિક મનસુખ નહિ પણ મીરાસ જવિલઅર્હામ મુરાદ છે (તફસીર-કબીર)અને રસુલે મકબુલ (સલ) એ મામાની નિસ્બત હુકમ ફરમાવ્યો છે કે જેનો કોઇ વારેસ નહિ તેનો વારેસ મામો છે અને ફરમાવ્યુ છે કે ભાણેજ પણ તેજ જાતમા ગણાશે અહાથી જવીલઅર્હામની મીરાસ સીધ થઇ છે
પાચમી જાતિ	મોલુલ મવાલાત	પોતે	કુરઆન તથા હદિસ	વલ્લજીન અકદત અમાનુહુમ ફઆતુહુમ નસીબહુમ-કાલ-અલેહિસ્સલામ હે તમીમીદ્દારી હોવા અપુક વાબીલાકા ફઅન્ત અહકકો બેમહ્યાહિ વ મમા તીહિ	આ આયતથી મોલા મવાલતની મીરાસ સીધ અને તમામદારી (રદ) એ રસુલુલ્લાહ (સલ) થી અરજ કરીકે જે સખ્સ મારા હાથ ઉપર ઇસલામ લાવી મારો મોલા મવાલાત બને તેનો શુ હુકમ છે આપે ફરમાવ્યુ કે તે તમારો ભાઇ અને મોલા થઇ ગયા તમે એની મોત તથા જીદગીમા બધાથી વધુ હકદાર થશો (તીરમજી-દારમી-વગેરે)
છઠ્ઠી જાતિ	મોકરલહુ બીન સબ	પોતેજ	કુરઆન તથા ક્યાસ	મીન બાદે વસીયતીન યુસીબેહા ઓદૈન્ વલઅનલ મરબ્બ યુખજો બે એકરારીહી	એવા સખ્સની મીરાસ હકીકતમા વસીયતના હુકમમા દાખલ છે એટલેજ તેનુ પુરુ કરવુ જરૂરી થયુ અને જ્યારે એના વગર કોઇ વારેસ નહિ એજ કારણ બધા માલમા જારી થયુ પણ જ્યારે મેયતને તેના સગાઓમા માની લીધો એ એકરારતી રીતથી પોતાનો ભાવ મીરાસની રીતથી તેને દેવો પડશે

તેને વારેસોના હક પ્રમાણે વહેચણી કરી દેવાય. કેટલાક વારસોના આમ સમજ (બધાની સમજમાં આવે તેવા) હિસ્સા બ્યાન કરાય છે.

(વારસોના હકના તે કાયદા કે જે કોઇ વખત ફેરફાર થતા નથી.)

ત્રણ જાતિના વારેસો મજકુર થયા અને ત્રણ જાતિના વારેસ બીજા પણ છે (૧) લો-મોલાયેતાકા-જે સખ્સ (ફરી મરદ હોય કે ઓરત) કોઇ ગુલામ અથવા લોડીને આજાત કરે તેનો મોતેક (આજાદ કરનાર) તથા મોલાયેતાકા કહેવાય છે. જો એ આજાદ થયેલો મરી જાય અને તેના જવિલફુરૂઝ તથા અસ્બામાથી કોઇ હાજર ન હોય અથવા જવિલફુરૂજના દેવા પછી કઇ બાકી રહે અને આજાદ થયલાના અસ્બામાથી કોઇ ન હોય તો તેની મીરાસ તેના મોલાયેતાકા-આજાદ કરનારને મળશે, અને જો આજાદ કરનાર ન હોય તો એ મીરાસ આજાદ કરનારના અસ્બાઓ પુરૂષોને મળશે. કોઇ ઓરતને બીલકુલ મળશે નહિ. મતલબ કે આજાદ કરનાર અથવા તેના આસ્બાજો હોય તો જવિલઅર્હામથી પહેલા રહેશે. જવિલઅર્હામ તેના આગળ મહરૂમ રહેશે (૨) જો મોલુલ્લમવાલાત કોઈ મજહુલુન નસબ સખ્સ (મરદ હોય અથવા ઓરત) જેનો નસબ અને સગાઇ કઇ જણાય નહિ, કોઇ બીજા સખ્સને કહેકે તુ મારો મોલા (સરદાર) છે. જો હુ તમારા આગળ મર્યો તો તમે મારા વારસાના હકદાર છો અને જો હુ કોઇ જગ્યાએ ગુનોહ કરૂ તો દંડ પણ તમારે દેવો પડે ત્યારે તે બીજો સખ્સ તેને કબુલ કરીલે તો તે મોલુલમવાલાત કહેવાય છે એ મજહુલ્લુન નસબ તેની જીંદગીમા મરે તો તેની મીરાસ મોલુલમવાલાતને મળશે કેમકે મૈયતનો બીજો કોઈ વારેસ તો કોઇ જાતનો છેજ નહિ પણ મજહુલ્લુન નસબ મરનારનો ધણી અથવા ધણીઆણી મવજુદ થઇ શકે છે તેનો ભાગ દેવા પછી જે કઇ બાકી રહે તે મવલુલ મવાલાતને મળશે. (૩) મુકેરલહુ એટલે તે આદમી જેની નિસબત (સબંધ) મા મૈયતને પોતાના વારેસોમા દાખલ થવા અને પોતાના નસબમા ભેગા થવાનો એવી રીતે એકરાર કર્યો હોય કે આ આદમાનો ઇલાકો નસબ (ખાનદાની વળગણુ) કોઇ બીજાથી લાગે પણ અસલ નસબ (ખાનદાન) વાળાએ તેનો એકરાર ન કર્યો હોય અને ગવાહ પણ ન હોય પણ મૈયત તેને પોતાના વારેસોમા અને નસબમાં છેવટ સુધી દાખેલ ગણતો રહ્યો. જે સખ્સ એવી જાતના એકરારથી વારેસોમા દાખેલ થયો હોય તેને એકરાર કરનાર મૈયતનો મીરાસ મળશે. જ્યારે આ પાચ જાતિના વારેસોમાથી કોઇ પણ ન હોય તો એ છઠ્ઠા ન-ના વારેસોનો હક સાબેત થશે, પણ જો મૈયતે માત્ર ધણીઆણી અથવા ધણી મૂકયો હોય અને કોઇ વારેસ કોઇ જાતનો તદન ન હોય તો ધણી અથવા ધણીઆણીના ભાગ દીધા પછી જે કઇ બાકી રહે તે એ મુકેરલહુને દેવાય (મો૦ દી૦ વ.૦)

હવે જવિલફુરૂઝ તે વારેસ જેના નિયમિત ભાગો શરિયતમાં છે તે બાર આદમી છે. તે ૪ પુરૂષને ૮ સ્ત્રી છે.

(† [૩]મા, + [૪]બાપ અને દાદાના * [૫]ભાગો)

(૧):—જે કોઇ સખ્સ મરે ને તેનો બાપ તથા દીકરો હોય તો મરનારના બાપને

---

† (૩)-માને છઠ્ઠા ભાગથી કોઈ વખત ઓછુ મળશે નહિ અને કોઇ બીજા વારેસના કારણથી કોઇ વખત અભાગીઅણ ન રહેશે અને તેણીના ત્રણ હાલ્લ છે.

૫ છઠ્ઠો હિસ્સો મળશે (૨)—જો કોઇ સખ્સ મરે ને તેનો બાપ તથા પૌત્ર હોય તો બાપને મીરાસનો છઠ્ઠો હિસ્સો મળશે.

૩ જો.—જો કોઇ સખ્સ મરે ને તેનો દીકરો તથા પોત્ર, પડપોત્ર વગેરે ન હોય પણ દીકરી અથવા પૌત્રી હોય તો મરનારના બાપને છઠ્ઠો હિસ્સો તથા તે માલ ક નિયમિતના હિસ્સા પુરેપુરાં આપતા ૧ જે બચે તે પણ મળશે (૪) થુ જો મરનારનો બાપ-દાદો જીવતા હોયતો દાદાને મીરાસમાથી કઇ મળશે નહિ. (૫) મુ·—જો બાપ જીવતો ન હોયનો ૩ દાદાને તે હિસ્સા મળશે, કે જે બાપને માટે લખાયલા છે.

(૬) ઠ્ઠો—જો મરનારના કોઇ દીકરા કે દીકરી ન હોય અને પૌત્ર અથવા પૌત્રની ઓલાદ તથા બે ભાઈ બેન ન હોયતો, મરનારની માને વારસામાથી ૪ એક તેહાય (ત્રીજો) મળશે (૭) મુ —જો મરનારના દીકરા દીકરી અથવા પૌત્રા–પૌત્રી અથવા પૌત્રની ઓલાદ હોય, તો મરનારના માલમાથી માને ૫ છઠ્ઠો હિસ્સો મળશે (૮) મુ —જો મર-

---

પહેલો—દાખલો—   મ મા○ ૧૨
આરત—મા—ભાઇ.
૩ ૪ ૫

બીજો ,,   મ મા○ ૨૪
ઓરત—દીકરા—મા
૩ ૧૭ ૮   અથવા   મ મા○ ૬
મરદ—ભાઇ—મા
૩ ૨ ૧

ત્રીજો ,, જો મરદ મર્યો અને તેની ઓરત તથા બાપ, મા હોય અથવા ઓરત મરી અને ધણી તથા બાપ મા હોય તો એ બને દાખલામા મરદ ઓરતના ભાગ આપવા બાદ જે બાકી રહે તેમાથી એક તેહાય માનો ભાગ છે.

દાખલો—   મ. મા○ ૪
ઓરત—મા -બાપ
૧ ૧ ૨   મ મા. ૨ તા ૬
મરદ—મા——બાપ
૩ ૧ ૨

+ ૪–બીજુ—બાપની ત્રણ હાલન છે (૧લી) મ મા ૨૪ ઓરત—દીકરો—બાપ (૩ ૧૭ ૪) માત્ર છઠો ભાગ મળશે.

૦-૧- (૨) જી હાલત છઠ્ઠો ભાગ અને જવિલફુરૂજને વહેચતા બાકી બચેલો માલ મલશે

મ મા ૨૪
ઓરત—મા—દીકરી—બાપ—છઠા—બાપ—બાપ
૩ ૪ ૧૨ ૪ ૧

(૩) જી હાલત માત્ર અરબાથી મ મા. ૧૨ ઓરત નવાસી મા બાપ (૩ ૦ ૪ ૫) જો મૈયતની દીકરી દીકરો તથા દીકરાની ઓલાદ અને પૌત્રાની તથા પરપોત્રાની ઓલાદ કોઇ નહિ તો જવિલફુરૂજને દેતા બચે તે બધો માલ બાપને મળશે. બાપદાદામા થોડોક દુર છે. બે જગ્યામા મૈયતે માત્ર ઓરત તથા માબાપ મુકયા હોય અથવા માત્ર ધણી અને મા, બાપ મૂકયા હોય તો ઓરત મરદના ભાગ દેવા પછી જે કઇ બાકી રહે તેમાથી એક તેહાય માને મળે છે અને

નારના બે ભાઈ અથવા બે બેને અથવા એક ભાઇ, એક બેન મતલબ (ગરજ) કોઇ પણ જાતના બે અથવા બેથી વધુ હોય તો, મરનારની માને છઠ્ઠો હિસ્સો મળશે.

૬ દાદી તથા ૭ નાનીના હિસ્સા.

બાકી બાપને આ દાખલામાં બાકી બાપને વધુ મળશે અને જો બાપની જગ્યાએ દાદો હોય તો આમ વધઘટ થશે નહિ પણ દસ્તુર પ્રમાણે માને બધા માલમાથી તેહાય દેવાશે.

	મ મા. ૪			મ મા. ૧૨			મ મા. ૨ ના. ૬		
દાખલા ચાર—	ઓરત	મા	બાપ	ઓરત	મા	દાદા	ધણી	મા	બાપ
	૧	૧	૨	૩	૪	૫	૩	૧	૨

મ મા. ૬		
ધણી	મા	દાદો
૩	૨	૧

૫—દાદાની પણ ત્રણ હાલત છે. (૧) માત્ર છઠો ભાગ મળશે.

મ મા. ૨૪		
ઓરત	દાદો	દીકરો
૩	૪	૧૭

મ મા. ૧૨		
ધણી	દાદો	પડપોત્રો
૩	૨	૭

છઠ્ઠો ભાગ અને અસ્બાનો દાખલો—

મ મા ૧૨			
ધણી	દીકરી	દાદો	દાદો.
૩	૬	છઠ્ઠો ૨	બાકી ૧

માત્ર અસ્બાનો દાખલો—

મ મા ૧૨		
ઓરત	મા	દાદો,
૩	૪	૫

મ મા. ૮			
ઓરત	દીકરી	બાપ	દાદો
૧	૪	૩	૦

ખુલાસો—કે પડદાદા સકળ દાદાને પણ તેજ ભાગો છે—જે દાદામા બ્યાન થયા છે. પણ દાદાના આગળ પડદાદો અભાગીઓ થશે અને પડદાદાની આગળ સકળ દાદો અભાગીઓ રહેશે

ફાયદો—શરિયત અને લુગતમા દાદીના બાપને અને દાદીના માના બાપ વગેરેને પણ જદ એટલે દાદો કહે છે પણ એ લોક જવિલફુરૂજમાં દાખલ નથી. જવિલફુરૂજ તેજ દાદા છે, જેની સગાઇમા ઓરતનો વાસ્તો ન હોય જેમકે બાપનો બાપ, દાદાનો બાપ, પડદાદાનો બાપ, એવાજ લોકોને જદ સહીહ કહે છે અને એવણુનીજ મીરાસ તથા હિસ્સાઓનો હાલ આ જગ્યાએ બ્યાન થયો છે જે દાદાઓની સગાઇમા ઓરતોને વાસ્તો આવે છે. તે જવિલઅર્હામમા આવી દાખલ થાય છે અને તેઓને જદ ફાસેદ કહે છે તેનું બ્યાન જવિલઅર્હામમા આવશે.

૬—ની દાદી અરબીમાં દાદી તથા નાની બનેને જદહ કહે છે એટલાજ માટે સરિયતમા આ બન્નેની મીરાસનો હાલ તદન એક જાત અને બન્નેનો એકજ હિસ્સો છે ને અરબી કિતાબોમા એનો હાલ એક સાથે બ્યાન કરાય છે અને ગણત્રી જવિલફુરૂજની બાર લખાઇ છે પણ હિંદી જબાનમાં દાદી અને નાની જુદા જુદા બોલાય છે. એથી જો અમે તેણીઓને જુદા જુદા ગણીએ તો ગણત્રી જવિલફુરૂજની ૧૩ થાય છે. દાદીથી માત્ર બાપની મા મુરાદ નથી પણ દાદાની મા તથા દાદીની મા (એટલે બાપની નાની) વગેરેને પણ સારિયતમા દાદી અને જદાહ

(૧) લો —દાદીને છઠ્ઠા હિસ્સાથી વધુ કોઈ વખત મળશે નહિ.

(૨)— જો મરનારના મા બાપ બેઉ અથવા માત્ર માજ અથવા માત્ર બાપજ હોય તો દદીને કઇ મીરાસ મળશે નહિ,

(૩) —દાદાના હોવા છતાં દાદીના હિસ્સામા ઓછું થતુ નથી.

(૪) —નાનીને પણ છઠ્ઠા હિસ્સાથી કોઈ વખત વધુ મળતુ નથી.

(૫' —જો મરનારની મા જીવતી હોય તો નાની અભાગીઅણ રહેશે.

(૬)— જો નાની-દાદી બેઉ હોયતો, છઠ્ઠા હિસામા બેઉ મળેલા (ભેગા) રહેશે

કહે છે અને એ બધા જવિલફુરૂજમા દાખેલ છે એજ કારણથી એક સખ્સની કેટલીક દાદીઓ થઇ શકે છે. દાખલો-એક સખ્સની દાદાની મા એટલે પડદાદી પણ હોય અને દાદીની મા પણ તથા દાદાની નાની પણ જીવતી હોય એવીજ રીતથી કેટલીએક પેઢી સુધી સીલસીલો (સબધ) ચાલી શકે છે ચાર પેઢી સુધી જો વિચાર કરાય તો દરેક સખ્સની ૧૫ દાદીઓમાથી દશ દાદીઓ સહીહ નીકળે છે અને ૫ દાદીઓ ફાસેદા છે ફાસેદા દાદી ઓનુ વર્ણન જવિલઅર્હામમાં આવશે દાદીઓ સહીહ જવિલફુરૂજમા દાખેલ છે એ દેશ દાદીઓને સેવકે નકશામા ખુલાસાવાર લખ્યુ છે જેથી સમજમા જરાએ કઠણ પડશે નહિ. જો નજીકના દરજ્જાની દાદી જીવતી હોય તો આઘેના દરજ્જાની દાદીને તદન ભાગ મળશે નહિ દાખલા તરીકે પહેલી પેઢીની દાદી જીવતી હોય તો બીજી તથા ત્રીજી અને ચોથી પેઢીની દાદીઓ અભાગીઅણ રહેશે મૈયતના વારસામાંથી માત્ર છઠ્ઠો ભાગ મળે છે પછી તે એક દાદી હોય અથવા બે ત્રણ હોય જ્યારે બધી એકજ દરજ્જા અને એકજ પેઢીની હોય જો દરજ્જા તથા પેઢીમા આગળ પાછળ હોય તો પહેલીજ પેઢીની જેટલી દાદીઓ હશે તેઓનેજ છઠ્ઠો ભાગ મળશે ને તે આપસમા સરખે ભાગે વહેચી લેજો મૈયતની કોઇ નાની પણ એજ દરજા તથા પેઢીની જીવતી હોય, જે દરજાની દાદી હોય તો તે નાની પણ એ એક દાદી અથવા કેટલીક દાદીઓની સાથે ભેગી થઇ જશે અને છઠ્ઠો ભાગ નાની તથા દાદીઓમા વહેચણી થશે જો મૈયતનો દાદો જીવતો હોય તો પણ દાદીઓ મહરૂમ અભાગીઅણ રહેશે પણ બાપની મા અને બાપની નાની તથા બાપની માની નાની અને બાપની નાનીનો નાની અભાગીઅણ રહેશે નહિ એટલે જે દાદીઓ વગર વાસ્તો દાદાનો રાખે છે તે બધી વારેસ થશે. જેમક બાપની નાનીની પડનાની વગેરે જો મૈયતની કોઇ નાની નજદિક દરજાની જીવતી હોય અને દાદી આઘેના દરજાની હોય તો દાદી મહરૂમ રહેશે (મો૦ દી૦ વા૦

૭. નાનીના—જેવી રીતે દાદીથી માત્ર બાપની મા મુરાદ નથી નાનીથી પણ માત્ર માની મા મુરાદ નથી પણ માની નાની તથા નાનીની નાની પણ અરબીમા જદાહ કહેવાય છે અને જવિલફુરૂજ વારેસોમા દાખેલા છે એટલેજ એક સખ્સની કેટલીએક નાનીઓ થઈ શકે છે દાખના તરીકે મૈયતની માની મા પણ જીવતી હોય અને માની નાની પણ એવીજ રીતે જો અમે ચાર પેઢી સુધી ગણત્રી કરીએ તો દરેક આદમીની પદર નાનીઓ થઇ શકે છે જેમ ઉપરની પેઢીની નાનીઓનો હિસાબ થાય તેમ નાનીઓ વધતી જશે દાદીઓની પેઠે નાનીઓ પણ બે જાતિ છે એક સહીહ અને બીજી ફાસેદા ફાસેદા નાનીઓ તેને કહે છે જેના સગપણમા મરદનો વાસ્તો આવે દાખલો-માના બાપની મા નાનીઓને નકશામા લખેલી છે જો પાસેના દરજાની નાની જીવતી હોય તો આઘેના દરજાની નાનીને મીરાસમાથી કઈ મળશે નહિ દાખલો પહેલી પેઢીની નાની જીવતી હોય તો બીજી તથા ત્રીજી અને ૪ થી પેઢીની નાનીઓ તદન મહરૂમ રહેશે જો મૈયતની એક અથવા વધુ દાદીઓ આ દરજાની જીવતી હોય જે દરજાની નાની હોય તો છઠ્ઠો ભાગ જે નાનીનો હક છે એમા દાદી પણ ભેગી થઇ જશે અને નાની તથા દાદીઓએ ભાગને

ભાઇ બહેનોના હિસ્સા.

(૧)'—જે ભાઇ માજણ્યો (કોઠાઇ ભાઇ) છે. બાપ જણ્યો નથી, ને તે એકલો હોય તો તેને મીરાસમાથી [૧]છઠ્ઠો હિસ્સો મળશે જો મરનારનો બાપદાદો તથા દીકરો-દીકરી, પૌત્રો, તથા પૌત્રાની ઓલાદ ન હોય તોજ.

(૨) જે બેન મા જણી હોય ને એકલી હોય ને મરનારના બાપ, દાદો તથા દીકરો, દીકરી, પૌત્રો તથા પૌત્રાની ઓલાદ ન હોય તો તેણીને પણ [૧] છઠ્ઠો હિસ્સો મળશે.

(૩) જો મા જણ્યા બે ભાઇ અથવા બે બહેનો અથવા એક ભાઇ અને એક બહેન અથવા એથી વધુ હોય ને મરનારનો બાપ, દાદો અને દીકરી, દીકરો, પૌત્રી, પૌત્રો, તથા પૌત્રાની ઓલાદ ન હોય તો, તેઓને વારસામાથી ત્રીજો હિસ્સો મળશે, ને એમાં મરદ ઓરતને [૨] સરખા ભાગે હિસ્સા મળશે.

(૪) જો મૈયતનો બાપ, દાદો, પડદાદો અથવા દીકરી-દીકરો, પૌત્રો અથવા પૌત્રાની ઓલાદ હોય તો મા જણ્યા ભાઇઓ અને બેનોને કંઇ મળશે નહિ [૩]

(૫) જો મરનારને દીકરો-દીકરી તથા પૌત્રો અને પૌત્રાની ઓલાદ તથા મા બાપ

અથવા માના દાદાની મા ફાસેદા નાનીઓના કોઇ ભાગ સરિયતમા નિયમિત નથી અને એ જવિલફુરૂજ નથી પણ જવિલઅહોમ છે એનૂ વર્ણન આગળ આવશે સહીહ નાનીઓ તે છે જેની સગાઇમા મરદનો વાસ્તો વચમા ન હોય. દાખલો-માની મા નાનીની મા તેણીઓને જદ્દાહ સહીહા કહે છે અને એજ નાનીઓ જવિલફુરૂજમા દાખલ છે કોઈ આદમીની ચાર પેઢી સુધી ખ્યાલ કરે તો ૧૫ નાનીઓ થઇ શકે છે તેમાથી ૧૧ ફાસેદા છે અને ૪ સહીહા છે, એજ ચાર નાનીઓ જવિલફુરૂજ છે જેની મીરાસનુ બયાન થઇ રહ્યુ છે. એ અપસમા સરખા વહેચી લે. એટલે છઠ્ઠા ભાગમાથી જેટલો નાનીને દેવાય તેટલો દરેક દાદીને પણ દેવાય, જો મૈયતની મા જીવતી હોય તો બધી નાનીઓ અભાગીઅણ રહે છે પછી તે કોઇ પેઢીની હોય પાસેની હોય અથવા આઘેની હોય દાદીઓના હાલમા લખાયુ છે કે બાપદાદાના જીવતામાં દાદી મહરૂમ રહે છે નાની મા એ વાત નથી બાપદાદા વગે રેની જીદગીમા પણ નાનીને ભાગ મળે છે જો કોઇ મૈયતની નાની અથવા દાદી એવી હોય કે મૈયતથી બેવડી સગાઇ રાખતી હોય અને તેજ દરજાની કોઈ નાની દાદી માત્ર એકજ સગાઇ રાખતી હોય તો છઠ્ઠો ભાગ એ બન્નેમા સરખી વહેચણી થશે એ નહી કે બેવડી સગાઇવાળાને ભાગ પણ બેવડો મળે જુઓ આ જગ્યાએ હિંદાને જેહથી બે રીતથી વાસ્તો છે અને સાલેહાને માત્ર એકજ રીતથી છે પણ જેહની મીરાસના છઠ્ઠા

---

૧ મ મા૦ ૬

મા—માજણ્યોભાઇ—સગોભાઈ.

૧ ૧ ૪

મ મા૦ ૬

૧. મા બેન મા જણી સાવકો ભાઇ

૧ ૧ ૪

૨. આ ખાસ માત્ર મા જણ્યા ભાઇ બનોને છે, કે મરદ ઓરતને બરાબર (સરખુ) મળે છે. એના વગર દરેક જગ્યાએ મરદને બેવડો અને ઓરતને એકવડાનો કાયદો જારીથાયછે

મ મા. ૪

૩. ઓરત મા બાપ માજણ્યા

૧ ૧ ૨ ૦

મ મા. ૬

મરદ મા દાદો માજણ્યા

અર્ધો બાકી બાકી મહરૂમ

૩ ૨ ૧ ૦

પણ ન હોય તો તે વખત મૈયતની સગી બહેનને અર્ધો હિસ્સો મળશે.

ભાગમાથી બન્ને ભેગી રહેશે કોઇને ઓછુ વધતુ મળશે નહી.

જેદ

જેદની મા — જેદનો બાપ

જેદની નાની — જેદનો દાદો — જેદની દાદી

જેદની માની નાની — જેદના બાપની દાદી — જેદના બાપની નાની

હિન્દા — સાલેહા.

(મો૦ દુ. વા.)

આ નકશામાં દસ દાદીઓ તથા ચાર નાનીઓ સહીહ જવીલ ફેરૂજ ચાર પેડી સુધીની છે.

દરજા તથા પેઢી.	સહીહ દાદીઓ				સહીહ નાનીઓ.
દરજો તથા પહેલી પેઢી	બાપની મા એટલે દાદી	પહેલી પેઢીમા માત્ર એક દાદી સહીહ થઇ શકે છે			માની મા એટલે નાની
દરજો તથા બીજી પેઢી	દાદાની મા એટલે પડદાદી	દાદીની મા એટને બાપની નાની	આ બીજી પેઢીમા એ થઇ શકે છે		નાનીની મા એટલે પડનાની એટને માની નાની.
દરજો તથા ત્રીજી પેઢી.	પડદાદાની મા એટલે દાદાની દાદી.	પડદાદીની મા એટલે દાદાની નાની.	બાપની નાનીની મા એટલે દાદીની નાની	આ ત્રીજી પેઢીમા ત્રણ દાદીઓ સહીહ થઇ શકે છે	પડનાનીની મા એટલે માની નાનીની મા.
દરજો તથા ચોથી પેઢી.	દાદાની દાદી એટલે બાપના પડદાદાની મા	પડદાદીની નાની એટલે સકડદાદીની મા.	પડદાદીની નાની એટલે દાદાની નાનીની મા.	દાદીની નાનીની મા એટલે બાપની નાનીની નાની.	પડનાનીની નાની એટલે માની નાનીની નાની.

નાની સહીહ એક પેઢીમાં માત્ર એકજ થઇ શકે છે એટલેજ ચાર પેઢીમા ચાર નાનીઓ સહીહ નીકળાયો છે.

(૬) જે વખત મરનારનો દીકરો, દીકરી તથા પૌત્રા અને પૈત્રાની ઓલાદ તથા માબાપ પણુ ન હોય તે વેળા જો બે ત્રણુ ચાર અથવા વધુ *સગી બેનો હોય તો તેણીઓને મીરાસમાથી બે તેહાય (૨/૩) મળશે ને તે પોતપોતાનામા સરખે ભાગે વહેચણી કરીલે.

---

૬ —

મ મા. ૬		
મા	માજણ્યો ભાઇ	સગો ભાઇ
૧	૧	૪

મ મા. ૬		
મા	દીકરો	માજણ્યા
છઠ્ઠો	બાકી	મહરૂમ
૧	૫	૦

મ મા. ૬		
મા	પૌત્રો	માજણ્યા
છઠ્ઠો	બાકી	મહરૂમ
૧	૫	૦

૪. જો મૈયતની દીકરી પૌત્રી અથવા પડપૌત્રી અથવા સકળ પૌત્રી જીવતી હોય (પછી એક હોય અથવા વધુ) તો આ દાખલામા જવિલફુરૂજને દેવા પછી જે કઈ બાકી રહે તે મૈયતની બેનને મળી જશે. દાખલા—

મ મા ૮		
ઓરત	દીકરી	બેન
આઠમો	અર્ધો	બાકી
૧	૪	૩

મ મા ૮		
ઓરત	પૌત્રી	બેન
આઠમો	અર્ધો	બાકી
૧	૪	૩

જો મૈયતનો સગો ભાઇ (એક, બે, અથવા વધુ) જીવતા હોય તો બેન તેઓની ભેગી અસબા થઈ જશે અને જવિલફુરૂજને દેવા પછી જે કઇ બાકી રહે તે આ ભાઇબેન આપસમા વહેચણી કરીલે, દરેક ભાઇને બેવડો અને દરેક બેનને એકવડો ભાગ મળશે. દાખલા—

મ મા૦ ૩૬				
મરદ	મા	દીકરી	બેન	ભાઈ
ચોથો	છઠ્ઠો	અર્ધો	બાકી	
૯	૬	૧૮	૧	૨

મ મા૦ ૯૬				
ઓરત	મા	દીકરી	૨ બેન	૧ ભાઇ
આઠમો	છઠ્ઠો	અર્ધો	બાકી	
૧૨	૧૬	૪૮	૫,૫	૧૦

મ મા૦ ૨૪					
મા	દીકરી	દીકરા	બેન	બેન	ભઈ
૪	૮	૮	૧	૧	૨

મ મા૦ ૨૪					
ઓરત	દીકરી	દીકરી	બેન	ભાઇ	ભાઇ
૩	૮	૮	૧	૨	૨

પણુ સગી બેન અસબા, બની ભાઇની ભેગી તેજ વખત થશે. જ્યારે તે ભાઇ પણુ સગો હોય. જો તે ભાઇ માત્ર સાવકો હોય તો આ સગી બેન તેનાથી આગળ થઈ જવિલફુરૂજને દેવા પછી બાકી રહેલું લઇ લેશે અને તે સાવકો ભાઇ મહરૂમ રહેશે.

(૭) જે બેનો બાપ જણી એટલે સાવકી હોય ને મરનારની સગી બેન ન હોય તો તેણીઓનો તેજ હાલ છે [૫] જેવો કે સગી બેનોનો મજકુર થયો છે.

(૮) જો મરનારનો કોઇ દીકરો તથા પોત્રો અને પોત્રાની ઓલાદ તથા માબાપ પણ ન હોય ને સગી બેન એકજ હોય તો સાવકી એટલે બાપજાણી બેનને છઠ્ઠો હિસ્સો મળશે.

(૯) જે વખત મરનારના બાપ દાદો છોકરો અથવા દીકરાની ઓલાદ (છોકરાઓજ) હોય તો કોઇ જાતની બેનોને કઇ મીરાસ મળશે નહિ.

(૧૦) જો મેયતના સગા ભાઈ તથા બેનો પણ હોય તો પુરૂષને બેવડો હિસ્સો તથા સ્ત્રીને એકવડો હિસ્સો એટલે ભાઇને જેટલો મળે તેનાથી અર્ધો બેનને મળશે.

(૧૧) જો મેયતના સગા ભાઇ બેન હોય તો અલ્લાતી (એટલે સાવકા ભાઇબેનને કઇ મળશે નહિ.

ઓલાદના હિસ્સા.

(૧) જો મરનારને દીકરો ન હોય ને એક દીકરી હોય તો તેણીને અર્ધો મીરાસ મળશે.

(૨) જો મરનારનો દીકરો ન હોય ને બે અથવા બેથી વધુ દીકરીઓ હોય તો તેને બે તેહાય ($\frac{૨}{૩}$) મીરાસ મળશે બધી દીકરીઓ [૧]સરખા ભાગ કરી લે.

(૩) જો મેયતને દીકરો દીકરી બેઉ હોય તો જેટલો ભાગ દીકરાને મળે તેનો અર્ધો દીકરીને મળશે.

(૪) જો મરનારને દીકરો દીકરી ન હોય, ને એક પૌત્રી હોય તો તેને અર્ધો વારસો મળશે.

(૫) જો મેયતને દીકરો દીકરી ન હોય ને બે ત્રણ ચાર અથવા વધુ પૌત્રીઓ હોય તો મીરાસમાથી બે તેહાય ($\frac{૨}{૩}$) તેઓ બધાને મળશે.

(૬) જો મરનારને દીકરા ન હોય ને એકજ દીકરી હોય તો પોત્રીઓને છઠ્ઠો હિસ્સો મળશે કે પછી એક પૌત્રી હોય કે બે ચાર હોય

(૭) જો મરનારને દીકરા હોય તો પોત્રીઓને કઇ મળશે નહિ.

---

૫. સાવકી બેનોનો હાલ સગી બેનો જેવોજ છે એમા કઇ ફેર નથી પણ જો મેયતની સગી બે અથવા વધુ બેનો હોય અને એક અથવા વધુ સાવકી બેનો પણ હોય તો સાવકી બેનો મહરૂમ રહેશે. પણ જો સાવકી બેનની સાથે સાવકો ભાઇ હશે તો સાવકી બેનો ભાઇ સાથે અરબા થઇ મરદને બેવડો ને ઓરતને એકવડો મળશે. દાખલો—

મ માο ૧૨ તાο ૩૬

ઓરત	સગી બેન	સગી બેન	સાવકી બેન	સાવકો ભાઈ
૯	૧૨	૧૨	૧	૨

મ માο ૨૪

	ઓરત	દીકરી	દીકરી	દીકરી	દીકરી	બાપ
૧	આઠમો	બેતેહાય				બાકી
	૩	૮	૪	૪	૪	૫

(૮) જો મરનારને દીકરા હોય તો જે કંઇ નિયમિતના હિસ્સા પૂરેપૂરા આપ્યા બાદ બચે તો તે દીકરાને મળશે.

(૯) જો મૈયતને દીકરી ન હોમ તો પાૈત્રીને અર્ધો હિસ્સો મળશે.

(૧૦) જો મૈયતને એક દીકરી હોય તો પાૈત્રીને હિસ્સામાથી છઠ્ઠો હિસ્સો મળશે.

(૧૧) જો મૈયતને બે દીકરીઓ હોય તો પાૈત્રી તદ્દન [2]અભાગીઆણુ રહેશે

(૧૨) જો મૈયતને દીકરા હોય તો પાૈત્રીઓ અભાગીઆણુ રહેશે.

(૧૩) જો મૈયતની પાૈત્રી નહોય તો પડપાૈત્રીને તેજ હિસ્સો મળશે કે જે પાૈત્રીઓને મળે છે તે.

(૧૪) જો મૈયતને પડપાૈત્રા તથા પડપાૈત્રીઓ હોય ને દીકરા, પાૈત્રા ન હોય તો નિયમિત (મુકરર કરેલા હિસ્સાઓ)ને આપ્યા બાદ જે કઇ બાકી રહે તે તેઓનો હક છે. પુરૂષને બેવડોને સ્ત્રીને એકવડો મળશે.

(૧૫) જો મૈયતને દીકરા અથવા પાૈત્રા હોય તો પડપાૈત્રા તથા પડપાૈત્રીઓ અભાગીઅણા રહેશે.

" ધણી તથા ધણીઆણીના હિસ્સા "

(૧) જો ધણીઆણી મરે ને તે દીકરા-દીકરી તથા પાૈત્રા-પાૈત્રી અને પડપાૈત્રો અને પડપાૈત્રી વગેરે ન હોય તો ધણીને ૧ અર્ધો હિસ્સો મળશે

---

૨. જો મૈયતનાં દીકરા-દીકરી ન હોય, એક પુત્રી કે વધુ પાૈત્રીઓ હોય અને તેની સાથે કોઇ પાૈત્રા પણુ હોય તો જે કઈ જવિલફુરૂજના ભાગ આપતાં બાકી રહે તેને આ પાૈત્રા, પાૈત્રી અપસમા વહેચણી કરી લે. આ જગ્યાએ પડપાૈત્રી, પાૈત્રીની જગ્યામા આવી શકતી નથી. કારણકે પાૈત્રાના આગળ તે મહરૂમ અભાગીઅણુ રહેશે. (મો-દી-વા૦). જો મૈયતના દીકરા-દીકરી ન હોય અને કોઇ પાૈત્રા પણુ ન હોય ને એક અથવા વધુ પાૈત્રીઓ હોય અને પડપાૈત્રા વગેરે હોય તો પણુ જવિલફુરૂજને દેવા પછી જે કઇ બાકી રહે તે આ પાૈત્રીઓ અને પડપાૈત્રા વગેરે અપસમા વહેંચી લે. મરદને બેવડો ઓરતને એકવડો (મો-દુ-વા) જો મૈયતને બે અથવા વધુ દીકરીઓ હોય અને પાૈત્રીઓ પણુ હોય તો પાૈત્રીઓ અભાગીએણુ રહેશે પણુ જો પાૈત્રીઓ સાથે પાૈત્રા અથવા પડપાૈત્રા વગેરે નીચે સુધી હોય તો, પાૈત્રીઓ અસ્બા થઇ પાૈત્રો અથવા પડપાૈત્રા વગેરે સાથે ભેગી થઇ ભાગ વહેચી લે પુરૂષને બેવડો, સ્ત્રીને એકવડો, દાખલો—

મ મા૦ ૭૨

ઓરત	દીકરા	દીકરી	પાૈત્રી	પડપાૈત્રા
૯	૨૪	૨૪	૫	૧૦

દાખલો ૧.

મ મા૦ ૬

મરદ	મા	બાપ
અર્ધો	તેહાય	બાકી
૩	૨	૧

મ મા. ૨

મરદ	બેન	કાકા
અર્ધો	અર્ધો	મહરૂમ
૧	૧	૦

(૨) જો ધણીઆણીને દીકરો દીકરી અથવા દીકરાની ઓલાદ હોય તો ધણીને ચોથાઇ હિસ્સો મળશે.

(૩) જો ધણીઆણીની ઓલાદ [3] આગલા ધણીથી હોય તો પણ હાલના [4] ધણીને ચોથાઇજ મળશે.

ખુલાસો.

જેમકે બીજી જાતના માલમાથી ધણીને અર્ધો અથવા ચોથાઇ હિસ્સો મળે છે, તેમજ મહેર જે ધણીપર વાજેબ છે. તેમાથી પણ ધણીને જે વખત ધણીઆણીને ઓલાદ હોય તો ચોથાઇ મળશે અને જો ઓલાદ ન હોય તો પણ મહેરમાંથી અર્ધો ધણીને મળશે. કેમકે મહેર ધણીઆણીનો માલેકી માલ છે એમા પણ મીરાશ જારી થાય પણ જો મરનારને માથે દેણુ એટલુ હોય કે મહેરના માલથી પુરૂ થતુ ન હોય, અથવા મહેરના બરાબર હોય ને કોઇ બીજો માલ હોય તો મહેરમા વારસો જારી થશે નહિ.

(૪) જે ધણી મરે ને તેના દીકરા દીકરી તથા દીકરાની ઓલાદ પણ ન હોય તો ધણીઆણીને ચોથાઇ હિસ્સો મળશે.

(૫) જો મરનારને દીકરો દીકરી અથવા દીકરાની ઓલાદ હોય તો ધણીઆણીને આઠમો હિસ્સો મળશે.

(૬) જો ધણીની ઓલાદ કોઇ બીજી ધણીઆણીથી હોય તો ધણીઆણીને આઠમોજ હિસ્સો મળશે ફાયદો—(૧) જો એકજ ધણીઆણી હોય તેને પણ એજ હિસ્સો મળશે જે મજકુર થયો છે અને જો બે, ત્રણ, ચાર હોય તો પણ એજ ચોથાઇ અથવા આઠમો ભાગ મળશે, ને એનેજ પોતપોતાનામા સરખા ભાગ કરી લે (૨) ધણીઆણીને

૨

મ	મા	૧૨		મ	મા.	૮		મ	મા,	૧૨
મરદ	મા	દીકરો		મરદ	દીકરી	કાકો		મરદ	પડપોત્રો	બાપ
ચોથો	છઠો	બાકી		૧	૨	૧		૩	૭	૨
૩	૨	૭								

૩ એટલે સુધી કે, જો ઓરતની માત્ર જેના (હરામ) ની ઓલાદ હશે તો પણ ધણીને ચોથાઇ મળશે.

૪ મુસલમાન ઓરતને એક વખતમા એકથી વધુ ધણી થઈ શકતા નથી, એટલે જ્યારે મરે તો એકજ ધણીના નિકાહમા મરરો તેજ તેનો વારેસ થશે પણ જો કોઇ રીતથી બે ધણી સાબેત થાય તો જે કઇ ભાગ એક ધણીનો નિયમિત છે તેનેજ અપસમા અર્ધો અર્ધો વહેંચી લે, એમ થઇ શકતું નથી કે દરેકને પૂરેપૂરો મીરાસ દેવાય. દાખલા તરીકે બે આદમીએ એક ઓરતના મર્યા પછી દાવો કર્યો અને દરેક ગવાહ ગુજાર્યા કે મારી ઓરત હતી અને ગવાહોએ કોઇ તારીખ અને બ્યાન કર્યું નથી અથવા બને આદમીના ગવાહોએ એકજ વખત અને તારીખ બ્યાન કરી હોય તો આ બન્ને આદમી ધણી સમજાશે અને જે કઈ એક ધણીને ભાગ દેવાય છે તે અપસમા વહેચણી કરી લે. જો ગવાહોએ ફેરફાર તારીખ બ્યાન કરી હોય તો જેના નિકાહ પહેલા થયા હોય તેજ ધણી ધણી સમજાશે અને હકદાર વારસાનો થશે જેના ગવાહોએ પાછલી તારીખ બ્યાન કરી હોય તે મહેરૂમ રહેશે (મો દુ. વા.)

જે મીરાસ મળે છે, તે મેહેરના વગર મળશે. મીરાસના હિસ્સામા મેહેર ગણાતી નથી. મસલો જો તલાક (ફારગતી) [૧] રજેની ઇદ્દતમા ધણી મરે તો ધણીઆણીને મીરાસ મળશે. મસલો—જો ધણીએ પોતાની બિમારીમા ધણીઆણીને તલાક દીધી હોય ને [૨]ઇદ્દત પૂરી થવા આગળ મરી ગયો તો ધણીઆણીને મીરાસ મળશે

વારેસોના હકને લાગતા જેટલા કાયદા અત્યાર સુધી બ્યાન થયા તે એવા મજબુત અને સાધારણ કાયદા છે, કે કોઇ વખતમાં ખિલાફ (ઉલટુ) તથા બદલ થઇ શકતા નથી. એવીજ જાતના બીજા પણ થોડાક કાયદા નીકળી શકે છે. પણ હાજત પ્રમાણે સાધારણ સમજ સુજણના કાયદાપર ટૂંકાણમા લખ્યુ છે. જે સગાઓ તથા વારેસોને માટે જે કઇ હિસ્સા મજકુર થયા તેજ હમેશા મળ્યા કરશે ફેર થશે નહિ પણ એક રીતે કઇ વધુ થઇ જાય છે એવી રીતે કે કોઇક વખત મજકુર ઉપલા હિસ્સાવાળાઓના હિસ્સા આપતાં બાકી રહી જાય છે, અને કોઇ અસ્બા ન હોય તો બાકી રહેલુ પણ તેઓનેજ અપાય છે. તથા કઇ હિસ્સા વધે છે [૩] પણ આવી રીતે કોઇ વખતજ બને છે પણ એ વારેસોમાં અસ્બા હોય તો તે હિસ્સાઓમાં બિલકુલ ફેરફાર આવી શકતો નથી

---

૧ એક અથવા બે તલાક જે ખુલ્લા શબ્દોમા હોય તેને તલાક રજે કહે છે.

૨ ઇદ્દત પૂરી થવા આગળ ધણી ધણીઆણીમા એક જાતની વળગણ બાકી રહે છે જેથી ઓરત બીજો નિકાહ કરી શકતી નથી અને જો મરદની પાસે ત્રણ ઓરતો જીવતી હોય અને ચોથી ઇદ્દતમા હોય તો જ્યા સુધી તેણીની ઇદ્દત ખલાસ થાય નહિ ત્યાં સુધી મરદને પાચમી ઓરતથી નિકાહ કરવા હલાલ નથી મતલબકે, ઇદ્દતમા તેજ ધણીની ઓરત સમજાય છે. એટલેજ જો તલાક રજે અથવા તલાક બાયેના દેવા પછી ઇદ્દત પૂરી થવા આગળ મરી ગયો તો ઓરતને મીરાસના કાયદા પ્રમાણે જરૂર ચોથાઇ અથવા આઠમો ભાગ મળશે પછી એ તલાક મરજુલમોત (મરવાની બિમારી) માં દીધી હોય અથવા આગળ. અને જો ઓરતે કઇ માલ આપી ધણીથી તલાક લીધી એટલે ખોલા કર્યો હોય અથવા વગર બદલે ધણીથી તલાક બાયેના માગી લીધી હોય તો મીરાસની હકદાર થશે નહિ ઇદ્દતના પછી ધણી મર્યો હોય કે ઇદ્દત પૂરી થવા આગળ ધણીએ જો પોતાની ઓરતને મરજુલમોતમા તલાક બાયેના અથવા રજે દીધી અથવા ખોલા કબુલ કરી લીધો હોય તો ધણી મીરાસનો હકદાર થશે નહિ કેમકે એણે પોતાના અખત્યારથી ઇલાકો (વળગણ) ઓરતપણાની તોડી છે

૩ પણ કદી ઘટવધ થાય છે, એના બે કારણો છે. ૧ લુ જ્યારે નિયમિત હિસ્સાઓમા તંગી પડે ત્યારે તેમા હિસ્સાને વધારવુ એને ઓલ કહે છે. નિયમિત હિસ્સાના છેદો સાત છે, બે, ત્રણ, ચાર, છ, આઠ, ૧૨, ૨૪, એમાથી ચાર (૨, ૩, ૪, ૮) છેદોના ઓલ થતો નથી અને છનો ઓલ દશ સુધી એકી અને બેકીનો થાય છે, અને બારનો ઓલ સત્તર સુધી માત્ર એકીનોજ થાય છે, અને ચોવીસનો ઓલ માત્ર એકજ સત્તાવીસ થાય છે (શિરાજી) દાખલો—જો મૈયતનો ધણી બે સગી બેન હોય તો ધણીને અર્ધો

સગી બેનોને બેતેહાય (૨/૩) મળશે.

મ ધણી ૩	મા૦ ૬ ઓલ ૭ બે સગી બેન ૪

આ જગ્યાએ મસલો છથી થયો.

જે વારેસોના હિસ્સા બ્યાન થયા છે તેમને જવીલફુરૂજ (એટલે નિયમિત કહે છે) એમના વગર જે વારેસો રહ્યા છે તે અસ્બા છે અથવા જવીલઅહામ પણ એ બેઉ જાતિ માટે કઇ હિસ્સા મુકરર તથા બંધાયલા નથી. તેથી તેમને માટે કોઇ મજબુત અને સા

હિસ્સાઓમા તંગી પડવાથી ઓલ સાત થયો છે અને જો મૈયતને ધણી બે સગી બેન અને બે માજણી બેન હોય તો ધણીને અર્ધો, સગી બેનોને ⅔ (બેતેહાય) અને માજણી બેનોને એકતેહાય મળશે.

મ	મા૦ ૬ ઓલ ૯	
ધણી	બે સગી બેન	માજણી બે બેન
૩	૪	૨

આ જગાએ મસલો છથી થયો પણ હિસ્સા તંગ પડવાથી ઓલ નવ થયો છે, જો મૈયતની ઓરત બે સગી બેન અને એક માજણી બેન હોય તો ઓરતને ચોથાઇ, બેનોને બેતેહાય, માજણી બેનને છઠ્ઠો ભાગ મળશે.

મ	મા૦ ૧૨ ઓલ ૧૩	
ઓરત	બે સગી બેન	માજણી બેન એક
૩	૮	૨

આ જગ્યા મસલો ૧૨ થી થયો પણ હિસ્સા તંગ પડવાથી ઓલ ૧૩ થયો (મો૦ દુ૦ વા૦) જો મૈયતને ઓરત એક દીકરી એક પૌત્રી અને માબાપ હોય તો ઓરતને ૮ મો દીકરીને અર્ધો, પૌત્રીને છઠ્ઠો, માને છઠ્ઠો બાપને છઠ્ઠો મળશે

મ	મા૦ ૨૪ ઓલ ૨૭			
ઓરત	એક દીકરી	૧ પૌત્રી	મા	બાપ
૩	૧૨	૪	૪	૪

આ જગ્યાએ મસલો ૨૪ થી થયો પણ હિસ્સા તંગ પડવાથી ઓલ ૨૭ થયો છે (મો૦ દુ૦ વા૦) જે દાખલાઓમા ઓલ હોય ત્યા અસ્બાઓને કઇજ ભાગ મળશે નહિ અથવા ત્યા અસ્બાજ હશે નહિ, અને જો હશે તો મહરૂમ રહેશે (મો૦ દુ૦ વા૦)

બીજું કારણ—નિયમિત હિસ્સાવાળાઓના હિસ્સા દેવા બાદ જે બચેલા હોય તેને લેનાર કોઇ ન હોય તો તે બચેલાને ધણી ધણીઆણી વગર બીજા નિયમિત હિસ્સાવાળાઓને તેઓના હિસ્સાના પ્રમાણમા દેવુ એને રદ કહે છે હવે જ્યારે કઇ બચે તેની ચાર તરાહ છે (૧) લીતરાહ-હિસ્સા લેનારમા રદ થતુ હોય તે એકજ જાતના હોય અને તેની સાથે ધણી ધણીઆણીમાથી કોઇ ન હોય તો તે હિસ્સા લેનારાઓની ગણત્રી પ્રમાણે મસલા નીકળશે દાખલો—જો મૈયતની પાચ દીકરીઓ હોય તો મસલો ૫ થી થશે. ૫ દીકરીઓનો ભાગ બેતેહાય છે અને એકતેહાય વધ્યો તે પછી તેઓપર ભાગીઓ. કારણકે બીજો કોઇ લેનાર નથી અને ગણત્રી દીકરીઓની પાચ છે તેથી ૫ થી મસલો થયો છે.

મ	મા૦ ૫			
દીકરી	દીકરી	દીકરી	દીકરી	દીકરી
૧	૧	૧	૧	૧

(૨) છતરાહ-તેઓની સાથે ધણી ધણીઆણીમાથી કોઈ હોય તો પ્રથમ તે ધણી અથવા ધણીઆણીને તેમાના હિસ્સા નાનામા નાના આંકથી આપવા પછી જે રહે તે, તેઓપર પૂરા વહેચાય તો ઠીક છે નહિતો બાકીના હિસ્સાને જોઇ આંક એવો હુડવો કે જેથી બાકીનાઓને પૂરેપૂરા હિસ્સા અપાય દાખલો— જો મૈયતનો ધણી અને ત્રણ દીકરી હોય તો ધણીને ચોથાઈ અને દીકરીઓને બેતેહાય મળશે. મસલો ૪ થી થશે એક ધણીને—ત્રણ દીકરીઓને મળશે

મ	મા૦ ૪		
ધણી	દીકરી	દીકરી	દીકરી
૧	૧	૧	૧

ધારણ્ણુ કાયદા લખી શકતા નથી પણ ટુંકાણુમા એટલું કહી શકાય છે કે, ઉપર મજકુર વારેસોના હિસ્સા પૂરા આપી દેતા જે કઇ બાકી રહે, તે અસ્બાને અપાય અને જો અસ્બા તથા જવીલફુરૂઝ કોઈ પણ ન હોય તો જવીલઅર્હામ હકદાર થાય છે.

આ [4] અસ્બાઓ છે.

(૧) મૈયતનો દીકરો (૨) પોત્રો (૩) પૈત્રાની ઓલાદ (છોકરાઓજ) (૪) બાપ, દાદો, પડદાદો વગેર ઉપર સુધી (બાપ, દદો, જવીલફુરૂઝ પણ છે તથા અસ્બા પણ છે) (૫) સગા તથા સાવકા ભાઇઓ, (૬) ભત્રીજા તથા ભત્રીજાની ઓલાદ (છોકરાઓજ). (૭) કાકા (૮) કાકાની ઓલાદ (છોકરાઓજ) જવીલફુરૂજ (એ લે નિયમિત હિસ્સાવાળા,થી જે બાકી રહે તે તેમને મળે છે, પણ જે વખત અસ્બા ન. ૧ [1] હોય તો ન. ૨ને કઇ મળશે નહિ એવી રીતે ન ૨ના [2] છતા ન. ૩ને કઇ મળશે નહિ, તથા ન. ૩ના [3] છતા

---

(૩) ત્રીજો–તે એ કે બેથી વધુ જાતના હોય અને તેઓની સાથે ધણી કે ધણીઆણી ન હોય તો જો બે છઠ્ઠા ભાગ મળે તો રદનો મસલો બેથી થશે અને જો એકતેહાય અને એક છઠ્ઠો ભાગ મળે તો રદનો મસલો ત્રણથી થશે, અને જો એક છઠ્ઠો અને અર્ધો ભાગ મળે તો રદનો મસલો ચારથી થશે અને જો બેતેહાય અને એક છઠ્ઠો મળે અથવા બે છઠ્ઠા અને અર્ધો મળે અથવા એકતેહાય અને અર્ધો મળે તો રદનો મસલો ૫ થી થશે દાખલા તરીકે જો મરનારની એક સગી બેન અને બે માજણ્યા ભાઇ હોય તો સગી બેનને અર્ધો મળશે અને બે માજણ્યા ભાઇને એકતેહાય મળશે તો રદનો મસલો ૫ થી થશે.

મ	મા० ૬	રદ ૫
	૧ સગી બેન	૨ માજણ્યા ભાઇ
	૩	૨

(૪) ચાથો–તેઓની સાથે બેમાનુ (ધણી ધણીઆણીમા) કોઇ હોય તો, તે ધણીધણીઆને નાનામા નાનો આક જેથી તેઓનો ભાગ નીકળી શકે તે આક કરી તેમાથી તેઓનો હિસ્સો આપે પછી જે બચેલો હોય તેને રદ લેનારાઓના હિસ્સાપર વહેચે–દાખલો

મ	મા० ૧૨	રદ ૪
	૧ ઓરત	૧ નાના ૨ માજણ્યા ભાઈ

૪ જ્યારે મૈયતની દીકરીઓ હોય તો તેની સગી તથા સવકી બેનો અસ્બા થઇ જાય છે. પણ મૈયતની દીકરીઓ જવિલફુરૂજજ રહેશે. આ રીતમાં જે કઇ નિયમિત હિસ્સાવાળાઓથી બાકી રહે તે આ બેનોને મળશે. જ્યારે મૈયતની દીકરીઓની સાથે દીકરાઓ અને પૌત્રીઓ સાથે પૌત્રાઓ વગેરે હોય તો આ ઓરતો પણ મરદો સાથે અસ્બા બની જાય છે આ રીતમા એ દીકરીઓના નામ અસ્બા બીલગેર હોય છે. મૈયતના સગા ભાઇઓની સાથે–સગી બેનો અને સાવકા ભાઇઓ સાથે સાવકી બેનો જ્યારે મળે છે તો આ બેનો અસ્બા થઇ જાય છે. અને અસ્બા બિલ્ગેર કહેવાય છે

૧. એટલે મૈયતની નસલ (વંશ) જેમકે દીકરો, પૌત્રો, પડપૌત્રો, સકળપૌત્રો, વગેરે નીચે સુધી.

૨ મૈયતની અસલ જેમકે બાપ, દાદો, પડદાદો, સકળદાદો વગેરે ઉપર સુધી સીલસીલો (સબંધ) ચાલી શકે છે.

૩. એટલે બાપની નસલ (વંશ) ભાઇ, ભત્રીજો, ભત્રીજાના દીકરા, ભત્રીજાના પૌત્રા વગેરે નીચે સુધી.

નબર ૪ને ૮અરબા થવાથી કઇ મળશે નહિ કારણકે જે વખત પાસેનો અરબો હોય તો આઘેના અરબા હોવાથી મીરાસ મળશે નહિ એને લગતા કેટલાક મજબુત તથા સાધારણ સમજના કાયદા અત્રે લખાય છે.

(૧) જ્યારે મેયતનો દીકરો હોય તો મેયતના પૌત્રા, પદપૌત્રા અને ભઇ તથા કાકા અને ભત્રીજા અભાગીઆ રહેશે.

(૨) જ્યારે મેયતનો બાપ અથવા દાદો જીવતા હોય તો મેયતના ભાઇ ભત્રીજા અને કાકાને કઇ મળશે નહિ

(૩) જો મેયતના ભાઇ હોય તો ભત્રીજાઓને કઇ મળશે નહિ

(૪) જો મેયતના સગા ભાઇ હોય તો સાવકા ભાઇને કઇ મળશે નહિ

(૫) જો મેયતની દીકરી અને બહેન હોય તો સાવકા ભાઇ અભાગીઆ રહે છે.

(૬) જ્યારે ભાઇ અથવા ભત્રીજા હોય તો, કાકાને મળશે નહિ.

(૭) જો સગા ભાઇના દીકરા હોય તો, સાવકા ભાઇના દીકરાઓને કઈ પહોચશે નહિ

(૮) જ્યારે કાકા હોય તો કાકાના દીકરાને કઇ મળશે નહિ.

(૯) જો સગા કાકા એટલે બાપના સગા ભઇ હોય તો સાવકા કાકા એટલે બાપના સાવકા ભાઇને કઇ મળશે નહિ

---

૪. એટલે દાદાની નસલ પછી તેઓની ઓલાદ, જેમકે કાકા, કાકાના દીકરા, કાકાના પૌત્રા પડપૌત્રા વગેરે નીચે સુધી, એ બધાઓમા સગા છતા સાવકાને મળશે નહિ તેમ સગાની ઓલાદ છતાં સાવકાની ઓલાદને મળશે નહિ.

આ નકશામાં અસ્બા બેન ફ્સીહીની ચારપેઢી સુધી અનુક્રમ વાર તથા દરજા અને નબરવાર વિગત સાથે છે.

દરજાઓ	ખાસ નબર	ચાલુ નબર	અસ્બાની સગાઇના નામો	અસ્બાઓની હાલતો તથા ફ્રીઅતો વગેરેની વિગત
[illegible]	૧	૧	મેયતના દીકરા	પોતે કદી મહરૂમ નહિ થશે એના આગળ બત્રીશ ન સુધી મહરૂમ રહે છે મેયતની દીકરીઓ એની સાથે અસ્બા થાય છે
	૨	૨	મેયતના પૌત્રા	નીચના બધા નબર એના આગળ મહરૂમ છે પહેલા ન. આગળ પોતે મહરૂમ રહે છે
	૩	૩	મેયતના પડ પૌત્ર	પહેલા બીજા નબરના આગળ પોતે મહરૂમ નીચેના ન એના આગળ બધા મહરૂમ છે.
	૪	૪	મેયતના સકડ પૌત્રા	નીચેના એના આગળ મહરૂમ ઉપરના આગળ પોતે મહરૂમ છે
[illegible]	૧	૫	મેયતનો બાપ	ઉપર આગળ અસ્બા હોવાથી મહરૂમ જવિલફુરૂજ હોવાથી છઠ્ઠોભાગ નિયમિત મળશે
	૨	૬	મેયતનો દાદો	પોતાની પહેલા નબરના આગળ મહરૂમ નીચેના એના આગળ મહરૂમ એટલે મળશે નહિ
	૩	૭	મેયતનો પડ દાદો	,, ,, ,, ,, ,, ,,
	૪	૮	મેયતનો સકડ દાદો	,, ,, ,, ,, ,, ,,

(૧૦) જો સાવકા કાકા હોય તો સગા કાકાના દીકરા અભાગીઆ રહેશે.

૧	૯	મેયતના સગાભાઇઓ	બેન હોય તો એની સાથે અરધા થઇ જશે
૨	૧૦	મેયતના સાવકાભાઇઓ	મેયતની દીકરી તથા સગી બેન હોય તો એ મહરૂમ છે સાવકી બેન એની સાથે અરધા થશે
૩	૧૧	સગાભાઇઓના દીકરા ઉપર આગળ મહરૂમ નીચેના આગળ એના મહરૂમ છે	
૪	૧૨	સાવકાભાઇઓના દીકરા ,,	,, ,, ,, ,, ,,
૫	૧૩	સગા ભાઇઓના પૌત્રા ,,	,, ,, ,, ,, ,,
૬	૧૪	સાવકા ભાઇઓના પૌત્રા ઉપરના આગળ મહરૂમ નીચેના એના આગળ મહરૂમ રહેશે	
૭	૧૫	સગાભાઇઓના પડપૌત્ર ,,	,, ,, ,, ,, ,,
૮	૧૬	સાવકાભાઇઓના પડપૌત્ર	,, ,, ,, ,, ,,
૧	૧૭	સગો કાકો	,, ,, ,,
૨	૧૮	બાપના સાવકા ભાઇઓ	,, ,, ,,
૩	૧૯	સગા કાકાના દીકરા	,, ,, ,,
૪	૨૦	સાવકા કાકાના દીકરા	,, ,, ,,
૫	- ૧	સગા કાકાના પૌત્રા	,, ,, ,,
૬	૨૨	સાવકા કાકાના પૌત્રા	,, ,, ,,
૭	૨૩	સગા કાકાના પડપૌત્ર	,, ,, ,,
૮	૨૪	સાવકા કાકાના પડપૌત્ર	,, ,, ,,
૯	૨૫	બાપનો સગો કાકો	,, ,, ,,
૧૦	૨૬	બાપના સાવકા કાકા	,, ,, ,,
૧૧	૨૭	બાપના સગા કાકાના દીકરા	,, ,, ,,
૧૨	૨૮	બાપના સાવકા કાકાના દીકરા	,, ,, ,,
૧૩	૨૯	બાપના સગા કાકાના પૌત્રા	,, ,, ,,
૧૪	૩૦	બાપનાસાવકા કાકાના પૌત્રા	,, ,, ,,
૧૫	૩૧	બાપના સગા કાકાના પડપૌત્રા	,, ,, ,,
૧૬	૩૨	બાપના સાવકા કાકાના પડપૌત્રા	,, ,, ,,

પાના ૨૭ ની ટીકા

સદરહુ નકશાનુ બયાન—આ ઉપરના નકશામા એક નંબર તો ખાસ દરેક દરજ્જાનો લખાયો છે જેથી એમ જણાય કે આ વરેમ ખાસ પોતાના દરજ્જામા કયા નબરમા છે દાખલા તરીકે જો શરૂથી ગણત્રી કરીએ તો સગા ભાઇના પૌત્રા નં ૧૩ માં છે પણ ખાસ દરજ્જા ત્રીજાથી જોઇએ તો ૫ મા નંબરમા છે પણ એ નંબરથી અજાણ્યુ લોકોને વધુ લાભ થશે નહિ. સાધારણ લોકોની સમજના નંબર ચાલુ છે, એજ ચાલુ નંબરથી આ મજબુત કાયદો સમજો કે એ નકશામા જેટલા અરબાઓ લખાયા છે એમાથી જ્યા સુધી ૧ લા નંબરવાળો જીવતો હોય તો પાછળના નંબરવાળાનો કંઈ હક પહોચશે નહિ દાખલો—જ્યારે નંબર ૨ અથવા ૪ વાળો જીવતો હોય તો નંબર ૫ થી ૩૨ સુધી બધા મહરૂમ (અભાગીઆ) રહેશે એવીજ રીતે જ્યારે નંબર ૧૪ વાળો જીવતો હોય તો ૧૫ થી ૩૨ સુધી બધા મહરૂમ રહેશે. આ વાત ચાલુ નંબરને જોવાથી જણાઇ જશે એ લુજ નહિ પણ જો નંબરનો પણ ખ્યાલ ન કરાય તો એટલુ સમજવુ બસ છે કે, આ નકશામા જે

(૧૧) જો સગા કાકાના દીકરા હોય તો સાવકા કાકાના દીકરા અભાગીઆ રહેશે.

(૧૨) જો મૈયતનો એક ભાઇ જીવતો હોય અને બીજો ભાઇ મરી ગયો પણ તેના દીકરા હોય તો એ દીકરા અભાગીઆ રહેશે.

(૧૩) જો એક કાકો જીવતો હોય અને બીજા કાકાના દીકરા હોય તો એ કાકાના દીકરાઓને મીરાસથી કઇ હિસ્સો મળશે નહિ

જો નિયમિત હિસ્સાવાળા (જવીલફુરૂજ)માથી માત્ર ધણીઆણી અથવા ધણી હોય અને અસબા કેઇ ન હોય તો, જવીલઅર્હામને હિસ્સા મળે છે જો એમ નહિ તો હમેશાં જવીલફુરૂજ તથા અસબા કોઈ નજ હોય તો જવિલઅર્હામને મીરાસ મળે છે પણ એવી રીત કોઈ વખતજ આવે છે કેમકે અસબા કોઇ ન કોઇ જીવતા હોય છે.

"જવીલઅર્હામનુ[૧] વર્ણન."


જવીલઅર્હામ [૨] ચાર જાતના છે. (૧) દીકરીઓની તથા પૌત્રીઓની ઓલાદ (૨)

પહેલુ લખાયુ છે, એના આગળ એનાથી પાછળ બધા મહરૂમ રહેશે, પણ બનવાજોગ છે કે, ૩૨ અસબાઓના નકશાના વગર કોઇ નવો અસબો આધેના સિલસિલા (સબંધ)નો નીકળી આવે દાખલો ન. ૧૬ ના પાછળ સાવકા ભાઇના પૌત્રાનો પૌત્રો જીવતા હોય ને વારેસ થઈ જાય, અને ન. ૧૭ ને હિસ્સો મળવા નહિ દે, પણ અત્રે જેટલા લખ્યા છે (સાધારણ ચાર પેઢી સુધી લખ્યા છે) એમા આ બનવાજોગ નથી કે ઉપરવાળા જીવતા હોય અને નીચેવાળાઓને હિસ્સો મળી જાય એમ બિલકુલ થઇ શકતુ નથી. કે ન. ૧૦ ની જીદગીમા નં ૧૧ અથવા ૧૨ વગેરેને કઇ મળી જાય પણ આ મજબુત કાયદો યાદ રાખજો કે આ નકશામા લખાયલા અસબાઓમાથી જયા સુધી ઉપરવાળા જીવતા હશે તો નીચેના નંબર વાળાઓનો બીલકુલ કઈ હક પહોચશે નહિ (વલ્લાહોઆલમ)

૧ જવિલઅલ્હામ તે સગાઓને કહે છે કે, "જેઓનો નિયમિત હિસ્સો ન હોય તેમ તેઓ અસબા પણ ન હોય (શિરાજી)

૨ અસબાની પેઠે જવિલઅર્હામ પણ ચાર જાતના છે અને જયા સુધી પહેલી જાતિવાળો હોય ત્યા સુધી બીજી જાતિવાળાને મીરાસ મળશે નહિ એવીજ રીતે બીજી જાતિવાળો હોય ત્યા સુધી ત્રીજી જાતિવાળાને પણ મળશે નહિ અને ત્રીજી જાતિવાળાની આગળ ચોથી જાતિવાળાને કઇ હિસ્સો મળશે નહિ જવિલફુરૂજમા આ કાયદો છે કે એક દરજાના વારસોમા જે બધાથી પાસ હોય છે તે હકદાર થાય છે અને જે તેનાથી આઘે હોય તે બધા અભાગીઆ રહે છે, એવીજ રીતે અત્રે જવિલઅર્હામમા પણ આ કાયદો જારી થશે. જયારે જવિલઅર્હામ એવા આદમીની ઓલાદ છે કે, જો તે જીવતો હોય તો આ વખત જરૂર વારેસ થાય એવા જવિલઅર્હામ તે આદમીની ઓલાદ ઉપર પ્રથમ રહેશે જયારે જો પોતે પણ જીવતો હોય તો તેઓને મીરાસ નહિ મળે દાખલો—જેદ પૌત્રીની દીકરી તથા નવાસીના દીકરો, દીકરી મૂકી મર્યો, હવે તેનો વારસો પૌત્રાની દીકરીને મળશે, અને નવાસીના દીકરા, દીકરી અભાગીઆ રહેશે કારણકે જો જેદના મરવાની વખતે પૌત્રી પણ જીવતી હોય અને નવાસી પણ જીવતી હોય તો પૌત્રીને મીરાસ મળતે ને નવાસી અભાગીઆજ રહે, તે એજ કારણથી કે પૌત્રીના ઓલાદના આગળ નવાસીની ઓલાદ મહરૂમ રહે છે અને દરજા પહેલા તથા બીજાના જવિલઅર્હામના બે નકશા વિગતવાર ફાયદાકારક લખ્યા છે તે જોવાથી વધારે સમજમા આવશે

આ નકશામાં જવિલઅર્હામના પહેલા દરજાની ચાર પેઢીના ઝાડની વિગત નીચે મુજબ છે.



દ નિશાની જવિલફુરૂજની છે

અ નિશાની અરબાની છે

જ. નિશાની જવિલઅર્હામની છે

૧ કાયદો—દીકરાનો પોતરો પડપોતરો સકડપોતરો બધા અરબા છે

૨ „ —દીકરીની બધી ઓલાદ જવિલઅર્હામ છે મરદ હોય કે ઓરત.

૩. „ —પોતરીની ઓલાદ „ , „

૪ „ —પડપોતરીની ઓલાદ „ „ ,

³ નાના દાદીનો બાપ, નાનીનો બાપ

---

(૧) લો કાયદો—ધણી ધણીઆણી વગર બીજા જવિલફુરૂજમાથી કોઇ એક વારેસ હોય અથવા અસ્બામાથી કોઇ એવું અસ્બો પણ હોય તો જવિલઅર્હામને કંઇ મળશે નહિ. (૨) આ પહેલા દરજાના લોકો બધા જવિલઅર્હામ નીચના દરજાઓ કરતા વારસો લેવામા પ્રથમ રહેશે (૩) આમા જે પાસેના દરજાનો માણુસ હોય તે આઘેના દરજાના માણુસને મહરૂમ કરશે (૪) આમા જો એક આદમી પણ હોય તો બધા માલ તેનેજ મળશે અને જો એકથી વધુ હોય તો અપસમા પુરૂષને બેવડો સ્રીને એકવડો ભાગ કરી વહે-ચણી કરી લે (૫) જ્યારે દરજામા બ બર હોય તો વારેસોના બચ્ચાઓને મળશે જવીલઅરહામના બચ્ચાઓને મળશે નહિ (૬) અને જો દરજામા બરાબર હોય ને બધા વારેસોના બચ્ચા હોય અથવા વારેસોના બચ્ચા ન હોય તો તેઓની અસલ (મૂળ) નર અથવા નારીમા એકજ હોય તો જે વારેસો જીવતા હોય તેઓની ગણુત્રીએ પુરૂષને બેવડો ને સ્રીને એકવડો ભાગ અપાય (૭) અને જો તેઓની અસલ એક ન હોય ને ફેરફાર હોય તો જે વારેસ જીવતાં હોય તેઓનો નર અથવા નારીમા ભરોસો થશે નહિ, પણ અસલમા જે નર અથવા નારી હશે તેનો ભરોસો કરી જે જીવતા વારેસ હોય તેની ગણુત્રીએ વહેચણી થશે. દાખલો પહેલો—જેમ દીકરીની દીકરી અને પૌત્રાની દીકરી મૂકી મર્યો તો બધો માલ નવાસીને મળશે. પૌત્રાની દીકરી મહરૂમ રહેશે—(કાયદા–૩જા મુજબ) બીજો દાખલો–જેમ પૌત્રીની દીકરી તથા નવારસીનો દીકરો મૂકી મર્યો તો બધો માલ પૌત્રીની દીકરીને મળશે અને નવાસીનો દીકરો (કાયદા ૫ મુજબ) મહરૂમ રહેશે દાખલો ત્રીજો—જેમ દીકરીની દીકરી અને દીકરીનો દીકરો મૂકી મર્યો તો બધા માલના ત્રણ ભાગ કરી બે નવાસાને અને એક નવાસીને અપાય (છઠ્ઠા કાયદા મુજબ) દાખલો ૪થો.. જેમ દીકરીના દીકરાની દીકરી તથા દીકરીની દીકરીનો દીકરો મૂકી મર્યો તો બધા માલના ત્રણ ભાગ કરી ૨ ભાગ નવાસાની દીકરીને તથા ૧ ભાગ નવાસીના દીકરાને અપાય–(૭મા કાયદા મુજબ)

આ નકશામાં જવિલઅર્હામના રજા દરજાની ચાર પેઢીના વારેસોની વિગત નીચે મુજબ છે. નાના તથા દાદા ક્રમેક અને ક્રમેક દાદીઓ તથા ક્રમેક નાનીઓની દરેક પેઢીનુ ખુલાસાવાર સાકળીયુ છે.

પેઢીનો ખુલાસો	બાપના તરફથી જવિલ-અર્હામ	માના તરફના જવિલ અર્હામ	કુલ સવાળો	વિગત
પહેલી પેઢી	પહેલી પેઢીમા બાપના તરફથી કોઇ જવિલ-અર્હામ નથી	માનો બાપ એટલે નાનો (અબુલઉમ)	૧	દરજા બીજામા આ બધાથી પહેલાનો જવિલઅર્હામ છે
બીજી પેઢી	બાપનો નાનો એટલે દાદીનો બાપ ૧	(૧) માનો દાદો (૨) માનો નાનો (૩) માની દાદી ૩	૪	પહેલી પેઢીના આગળ અભાગીઆ રહેશે અને ૩જી પેઢીના એના સબબથી મહરૂમ રહેશે
ત્રીજી પેઢી	(૧) પડદાદીનો બાપ (૨) દાદીનો દાદો (૩) દાદીનો નાનો (૪) દાદીની દાદી ૪	(૧) માનો પડદાદો (૨) માની દાદીનો બાપ (૩) નાનીનો દાદો (૪) નાનીનો નાનો (૫) માની પડદાદી (૬) માની દાદીની મા (૭) નાનીની દાદી ૭	૧૧	પહેલી તથા બીજી પેઢીમાથી કોઇ ન હોય તો એ વારેસ થાય છે અને ચોથી પેઢી એના આગળ મહરૂમ રહે છે.

(૩) ૪ ભાણેજો, ભાણેજીઓ, ભત્રીજીઓ

ચોથી પેઢી	(૧) પડદાદાનો નાનો (૨) પડદાદીનો દાદે (૩) પડદાદીનો નાનો (૪) દાદીનો પડદાદો (૫) દાદીના બાપનો નનો (૬ બાપની નાનીનો દાદો (૭) બાપની નાનીનો નાનો (૮) પડદાદીની દાદી (૯) દાદાની પડદાદી (૧૦) દાદીના બાપની નાની (૧૧) બાપની નાનીની દાદી ૧૧	(૧) નાનાનો પડદાદે (૨) નાનાની દાદીનો બાપ (૩) માની દાદીનો દાદો એટલે નાનાની માનો દાદો (૪) માની દદીનો નાનો (૫) માના નાનાનો દાદો (૬) માના નાનાનો નાનો (૭) માની નાનીનો દાદો (૮) માની નાનીનો નાનો (૯) નાનાની પડદાદી (૧૦) નાનાની દાદીની મા (૧૧) માની દાદીની દાદી (૧૨) માની દાદીની નાની (૧૩) માના નાનાની દાદી (૧૪) માના નાનાની નાની (૧૫) માની નાનીની દાદી ૧૫	૨૬	પહેલી બીજી ત્રીજી પેઢીના આગળ મહરૂમ રહેશે પાચમી છઠ્ઠી વગેરે પેઢીઓના જો કોઇ જવિલઅર્હામ હોય તો એના સબબથી મહરૂમ રહેશે

૩ કાયદો—(૧) જો દરજ્જા પહેલાના જવિલઅર્હામમાથી કોઇ જીવતો હોય તો આ બધા નીચેના અભાગીઆ રહેશે (૨) આમા જ્યારે ઉપરવાળા નબરનો કોઇ સખ્સ જીવતો હોય તો નીચેના બધા નબરોવાળા અભાગીઆ રહેશે (૩) જ્યારે કોઈ નંબરમાં કોઈ એક આદમી જીવતો હોય તો બધો માલ તેનેજ મળશે. (૪) જો બે ચાર હોય અને બધા માની તરફના હોય અથવા બાપની તરફના હોય તો પુરૂષને બેવડો, સ્ત્રીને એકવડો દઈ ભાગ પડાય. (૫) જો બે ચાર હોય અને થોડાક માની તરફના હોય અને થોડાક બાપની તરફના હોય તો બાપની તરફવાળા પુરૂષો તથા સ્ત્રીઓને બેવડો અને માની તરફવાળા પુરૂષ સ્ત્રીને એકવડો ભાગ દઈ વહેંચણી કરાય (મો૦ દુ૦ વા૦ પા ૧૮૬ ની).

૪ જવિલઅર્હામ ત્રીજી જાતિના દશ આદમી છે, સગી બેનના દીકરા, દીકરી, સાવકી બેનના દીકરા, દીકરી માજણી બેનના દીકરા, દીકરી સગા ભાઇની દીકરી, સાવકા ભાઇની દીકરી, માજણ્યા ભાઇના દીકરા, દીકરી

ત્રીજા દરજ્જામા આ દશ આદમી પહેલા નબરના જવિલઅર્હામ છે એ બધા સરખા છે. એમા કોઇ પહેલો અને વધુ હકદાર નથી (૧) જ્યારે દરજ્જા પહેલા તથા બીજાના જવિલઅર્હામમાથી કોઇ ન હોય તો તેઓને વારસો મળે છે (૨) જો એ દશમાથી માત્ર એકજ સખ્સ જીવતો હોય તો બિનવાધે તેને બધો માલ મળશે. (૩) જો કેટલાક આદમી હોય પણ બધા એકજ સગાઓની ઓલાદ હોય તો, તે વખત પણ પુરૂષને બેવડો અને સ્ત્રીને એકવડો મળશે. દાખલો–૧૦ ભાણેજ-ભાણેજીઓ હોય એટલે સગી બેનના ૫ દીકરા અને ૫ દીકરીઓ જીવતી હોય તો મરદને બેવડો, ઓરતને એકવડો ભાગ મળશે (૪) પણ જો કેટલાક આદમી જીવતા હોય અને કેટલીક સગાઇની ઓલાદ હોય તો એમાં બે વાતનો જરૂર ખ્યાલ રાખવો જોઇએ પહેલી જે સખ્સ અસ્બાની ઓલાદ હોય તે પ્રથમ રહેશે અને જે સખ્સ અસ્બાની ઓલાદ ન હોય, પણ જવિલઅર્હામની ઓલાદ હોય તો તે અસ્બાની ઓલાદની આગળ અભાગીઆ રહેશે. બીજી વાત–જ્યારે કેટલાક આદમી

(૪) ૫ ફોઇઓ નાનાના ભાઇ, મામા, ખાલાઓ (માસીઓ).

(૧) જવીલઅર્હામમા બધાથી પહેલા નવાસા તથા નવાસીઓ છે.

(૨) બે ચાર નવાસા નવાસીઓ હોય તો માલનો બરાબર ભાગ કરી લે. પુરૂપને બેવડો અને સ્ત્રીને એકવડો મળશે.

સરખા દરજાના હકદાર હોય તો જે જીવતા લોકો નમરદ તથા ઓરત થવાનો ભરોસો કરાય નહિ. પણ તેઓની અસલને જોવાય છે. જો તે જીવતા હોય તો કયા હિસાબથી ભાગ મળે છે. દાખલો–ભત્રીજીઓ ભાઇની ઓલાદ છે અને ભાણુજીઓ બેનની ઓલાદ છે તો ભાઇની જીદગીમા બેનને જે ભાગ મળે છે તેજ ભાગની બેનની ઓલાદ ઉપર વહેચણી કરાય. મરદને બેવડો, ઓરતને એકવડો, અને ભાઇને જે ભાગ ઉપરના દરજામા જીવતા જે મળે છે તે ભાઇની ઓલાદ ઉપર વહેચણી કરાય. દાખલો–જેદ ૪ ભત્રિજી, ૨ ભાણુજા, ૧ ભાણુજી અને રૂ ૧૫ મૂકી મર્યો. હવે ભત્રિજીની અસલ ભાઇ છે અને ભાણુજા, ભાણુજીની અસલ બેન છે તો ભાઇ તથા બેન ભેગા હોવાથી ભાઇને બેવડો ને બેનને એકવડો મળે છે. તો ભાઇને રૂ ૧૦) ને બેનને રૂ ૫) મળશે. હવે ભાઇના રૂ. ૧૦, છે તેમા ભત્રીજી ૪ છે તે દરેકને રૂ ૨।। મળશે ને બેનના રૂ ૫) છે તે દરેક ભાણુજાને રૂ ૨) તથા ભાણુજીને રૂ. ૧) મળશે. દરજા ત્રીજાના જવિલઅર્હામની બીજી પેઢીમાં ૧૨ જાતના સગાઓ છે. સગા ભત્રીજાની દીકરી, સાવકા ભત્રીજાની દીકરી, માજણ્યા ભત્રીજાની ઓલાદ, સગી ભત્રીજીની ઓલાદ, સાવકી ભત્રીજીની ઓલાદ, માજણી ભત્રીજીની ઓલાદ, સગા ભાણુજાઓની ઓલાદ, સાવકા ભાણુજાઓની ઓલાદ, માજણ્યા ભાણુજાઓની ઓલાદ, સગી ભાણુજીઓની ઓલાદ, સાવકી ભાણુજીઓની ઓલાદ, ને માજણી ભાણુજીઓની ઓલાદ. જ્યા સુધી પહેલી પેઢીના લોકોમાથી કોઇપણ જીવતા હોય તો આ બીજી પેઢીમાથી કોઇને વારસો પહોચશે નહિ જ્યારે પહેલી પેઢીમાથી કોઇ ન હોય અને આ બીજી પેઢીના લોકોને પહેલી પેઢીઓવાળાઓના કાયદા પ્રમાણે વારસો પહોચશે. જવિલઅર્હામની ૩ જી જાતિમાની ત્રીજી પેઢીમા ભાણુજા, ભાણુજીઓ તથા ભત્રીજા ભત્રીજીઓના પૌત્રા, પૌત્રીઓને વારસો મળશે. (જ્યારે અસ્બા ન હોય ત્યારે).

પહેલુ—જ્યા સુધી બીજી પેઢીમાથી કોઇપણ જીવતો હશે તો આ ત્રીજી પેઢીમાંથી કોઇને વારસો મળશે નહિ. બીજુ—જ્યા સુધી આ ત્રીજી પેઢીમાથી એક આદમી જીવતો હશે તો ચોથી પેઢીના લોકો અભાગીઆ રહેશે. ત્રીજી જાતિના જવિલઅર્હામની ૪ થી પેઢીમા પણ ભાણુજા, ભાણુજીઓ તથા ભત્રીજા ભત્રીજીઓના પૌત્રા, પૌત્રીઓને વારસો મળશે. જ્યારે તેઓ અસ્બા ન હોય ને જ્યારે પહેલી તથા બીજી અને ત્રીજી જાતિઓમાથી કોઇ જીવતો ન હોય તો આ ચોથી જાતિના લોકો વારેસ થશે. જ્યા સુધી પહેલી બીજી, ત્રીજી જાતિમાથી કોઇ પણ જીવતો હશે તો આ ચોથી જાતિના અભાગીઆ રહેશે..

(મો૦ દુ૦ વા૦ પા. ૧૬૭ થી ૧૭૨).

૫. જવિલઅર્હામની ૪ થી જાતિમા દશ સગાઇના વારેસ છે એટલે બાપ તરફની ચાર સગી ફોઇ, સાવકી ફોઇ, માજણી ફોઇ ને માજણ્યો કાકો અને મા તરફનો સગો મામો, સાવકો મામો, માજણ્યો મામો, સગી ખાલા, સાવકી ખાલા, માજણી ખાલા. (૧) જ્યારે ત્રીજી જાતિના કોઇ જવિલઅર્હામ ન હોય તો આ ચોથી જાતિના વારેસ થશે (૨) જો આ દશમાથી માત્ર એકપણ આદમી હશે તો બીન વાધે બધો માલ તેનેજ મળશે.

(૩) જો નવાસા નવાસી ન હોય તો તેમની ઓલાદને હિસ્સો મળશે પણ નવાસીની ઓલાદ અર્ધો અર્ધો હિસ્સો લે. પછી તે પુરૂષ હોય કે સ્ત્રી, અને નવાસાની ઓલાદને પુરેપુરો હિસ્સો મળશે પછી તે પુરૂષ હોય કે સ્ત્રી

---

(૩) જો એકજ નામ અને એકજ દરજાના પાચ દશ વારેસ હોય અને બીજા કોઇ ન હોય તો બધો માલ એજ લોકોમા સરખે ભાગે વહેચણી કરાય. જેમકે બે ચાર સગી ફોઇઓ હોય તો જેટલી ફોઇઓ હોસે તેટલા મરનારના વારસામાથી ભાગ કરી બરાબર વહેચણી કરાશે (૪) જો એકજ નામના અને એકજ દરજાના વારેસ ન હોય, કેટલાક દરજાના હોય પણ બધા બાપનીજ તરફના હોય, મા તરફના કોઇ ન હોય જેમકે સગી ફોઇ તથા સાવકી ફોઇ અથવા સાવકી ફોઇ તથા સાવકો કાકો જીવતા હોય તો એમા સગી સગાઇના આગળ સાવકી સગાઇના વારેસો મહરૂમ રહેશે અને સાવકી સગાઇના વારેસો આગળ માજણી સગાઇના વારેસો મહરૂમ રહેશે. પણ માજણા કાકાની આગળ માજણી ફોઇ મહરૂમ રહેશે નહિ તેમ માજણ્યા સગાઓમા મરદ ઓરતને સરખા ભાગો મળશે એના કેટલાક દાખલાઓ લખુ છુ — મ મા૦ ૩

મ સગી ફોઇ સગી ફોઈ સગી ફોઇ
૧ ૧ ૧

મ મા૦ ૪
મ માજ ફો —માજ ફો માજ ફો માજ ફો
૧ ૧ ૧ ૧

મ મા૦ ૪
મ સગો મામો સગો મામો સગો મામો સગો મામો
૧ ૧ ૧ ૧

મ મા૦ ૩
મ સાવકી ખાલા સાવકી ખા સાવકી ખા
૧ ૧ ૧

આ ચાર દાખલાઓમા જ્યારે એકજ નામ અને એકજ દરજાના કેટલાક વારેસ છે તેથીજ બધાને સરખા ભાગે વહેચણી કરી છે.

મ મા૦ ૧
મ સગી ફોઈ સાવકી ફોઇ માજણો કાકા
૧ ૦ ૦

મ મા૦ ૧
મ સાવકા કાઈ માજણી ફોઈ માજણો કાકો
૧ ૦ ૦

આ બે દાખલામા સગી ફોઇના આગળ મા જણ્યો કાકો તથા સાવકી કાઇ મહરૂમ રહેશે અને સાવકી ફોઇએ મા જણ્યા કાકા અને ફોઇને મહરૂમ કર્યા છે.

મ મા૦ ૩
મ માજણો કાકા માજણી ફોઇ માજણી ફોઇ
૧ ૧ ૧

આ દાખલામા માજણ્યા કાકાએ ફોઇઓને મહરૂમ ન કરી, પણ મરદ ઓરતને બરાબર ભાગ પહોંચાડયો છે (૫) જેમ બાપના તરફના વારસોમાં ખુલાસાવાર બ્યાન થયુ છે એવીજ રીતે જો મા તરફના જવિલઅર્હામના કેટલાક નામો તથા કેટલાક દરજાના સગાઓ હોય, જેમકે સગી ખાલા તથા સાવકો મામો અથવા સાવકો મામો અને માજણી ખાલા જીવતા હોય એટલે જ્યારે સગો મામો અથવા સગી ખાલા જીવતા હોય, તો સાવકી ખાલા મામો અને માજણી ખાલા, મામો એ મહરૂમ રહેશે. પણ સગા મામાથી સગી ખાલા મહરૂમ રહેશે નહિ પણ ભેગા રહી મરદને બેવડો, ઓરતને એકવડો મળશે. એવીજ રીતે સાવકો મામો તથા ખાલા અપમમા એક બીજાને મહરૂમ કરશે નહિ પણ જ્યારે એમાથી કોઇ જીવતો હોય તો મા

૪. જો પૌત્રીની ઓલાદ પણ છે, અને નવાસીની ઓલાદ પણ છે, તો નવાસાની ઓલાદ અભાગીઅણ રહેશે પૌત્રીની ઓલાદને હિસ્સો મળશે. પુરૂષને બેવડો ને સ્ત્રીને એકવડો મળશે

જણ્યા મામા તથા ખાલાને વારસો પહોચશે નહિ જ્યારે એમાથી (એટલે સગાંને સાવકા ન હોય તો) મા જણ્યાઓને મીરાસ પહોચશે અને એમા મરદ અને ઓરત ભાગે લેવામા સરખા છે. કેટલાક દાખલાઓને જોવાથી લોકોને આ વર્ણનના સમજમા કઇ આસાની થશે.

મ મા० ૧ — સગો મામો ૧, સ० ખાલા ૦, માજ મામો ૦
મ મા० ૧ — સ ખાલા ૧, સા મા ૦, માજ મામો ૦
મ મા० ૩ — સગા મામો ૨, સગી ખાલા ૧

જુઓ પહેલા દાખલામા સગા મામાએ બધાને મહરૂમ કર્યા અને બીજા દાખલામા સગી ખાલાએ મહરૂમ કર્યા છે પણ ત્રીજા દાખલામા જ્યારે સગા મામાની સાથે સગીખાલા છે તો એ તેને મહરૂમ નહિ કરી શક્યો બેઉ ભેગા રહ્યા.

મ મા० ૧ — મસા. મામો ૧, માજ મામો ૦
મ મા० ૧ — મસા ખા ૧, માજ મામો તથા ખાલા ૦ ૦
મ મા० ૩ — મસા મામો ૨, સા ખાલા ૧

જુઓ પહેલા દાખલામા સાવકા મામાએ મા જણ્યાઓને મહરૂમ કર્યા અને બીજા દાખલામા સાવકી ખાલાએ મા જણ્યાઓના ભાગને રોક્યા છે પણ ત્રીજા દાખલામા જ્યારે સાવકી ખાલા અને મામો એક સાથે થયા તો એકબીજાને મહરૂમ કર્યો નહિ. પણ અપસમા ભેગા થઇ મરદને બેવડો, ઓરતને એકવડો મીરાસ મળ્યો. મ મા० ૨ — મમાજ મામો ૧, માજણી ખાલા ૧

આ દાખલામા માજણ્યા એકઠા થયા તો એકબીજાને નુકસાન પહોચાડ્યુ નહિ પણ ભેગા થઇ મરદ ઓરતને સરખો ભાગ મળ્યો છે. (૬) ફ્રો જ્યારે કેટલાક વારેસ બાપ તરફના હોય અને કેટલાક મા તરફના હોય તો આ વખતમા બધા વારસાના ત્રણ ભાગ કરી ૨ ભાગ બાપની તરફવાળાઓને અપાય તે પછી અપસમા વહેચણી કરી લે અને એક ભાગ મા તરફ વાળાઓને અપાય તે પણ પોતપોતાનામા વહેચણી કરી લે હવે એ બધાઓ એટલે બાપ તરફ વાળા તથા મા તરફ વાળાઓનો હાલ તદન તેવોજ છે જેવો આગળ કાયદા ૪ અને ૫ મા બ્યાન થયુ છે. એના કેટલાક દાખલાઓ લખુછુ જેથી જલ્દી સમજમાં આવશે.

મ મા० ૯ — મસગી ફોઇ ૬, સા ફોઇ ૦, માજ ફોઇ ૦, મસા મામો ૨, સા ખા ૧, માજ મામો તથા ખાલા ૦

આ દાખલામા બધા માલના ૯ ભાગ કર્યા એમાથી બેતેહાય એટલે ૬ ભાગ બાપના તરફનાઓને આપ્યા અને એકતેહાય એટલે ત્રણ ભાગ મા તરફ વાળાઓને આપ્યા બાપ તરફ સગી ફોઇએ સાવકી અને માજણીને મહરૂમ કરી અને બધી બેતેહાય માલ પોતે લીધો અને માની તરફ જ્યારે ખાલા સાવકી અને મામો પણ સાવકો હોવાથી એ બેઉ એક તેહાયમા ભેગા થઇ એકવડો ઓરતને દેવાયો—બેવડો મરદને પણ અપાયો. એમના

(૫) બીજી જાતના જવિલઅર્હામમાં બધાથી પહેલા નાનો છે, જો દીકરીઓ, પોત્રીઓ, વગેરેની ઓલાદ ન હોય તો તેનેજ માલ મળશે. જ્યારે કોઇ કઇ જાતના પણ

મા૦ ૬

હોવાથી માજણ્યા મા તથા ખાલા મહરૂમ રહ્યા છે. મસા ફોઈ સા ફોઈ સ મામો સા મામો
૨ ૨ ૨ ૦

મા૦ ૯

મસ ફોઈ માજણી ફોઈ માજ મા માજ મા ને માજણી ખાલા પહેલા દાખલામા બધા
૬ ૦ ૧ ૧ ૧

માલના ત્રણ ભાગ કર્યા બે ભાગ બાપના તરફ દેવાયા એટલે ૭ માથી ૪ અને એક ભાગ માની તરફ દેવાયો. એટલે ૭માથી બે માની તરફના વારેસ જ્યારે સગો મામો હોવાથી તે એક ભાગ પોતે લીધો અને સાવકો મામો તેનાથી મહરૂમ રહ્યો અને બાપના તરફ જ્યારે એકજ નામના ૨ વારેસ છે, એટલે સાવકી ફોઇઓ તેથી તે માલ આપસમા સરખે ભાગે વહેચણી થયો બીજા દાખલામા પણ એતેહાય એટલે ૯ માથી ૬ બાપની તરફ દેવાયા. તેને સગી ફોઇએ લીધા અને માજણી ફોઇ તેનાથી મહરૂમ થઇ અને એક તેહાય એટલે ૯ માથી ૩ મા તરફના વારેસોને દેવાયા તેઓએ તેમાથી આપસમા વહેચણી કરી લીધી.

ચોથા દરજાની બીજી પેઢી કાકાઓ અને ફોઇઓની ઓલાદ મામાઓ તથા ખાલાઓની ઓલાદ, બાપના તરફની સગા કાકાઓની દીકરીઓ સગી ફોઇઓના દીકરા દીકરી, સાવકા કાકાની દીકરીઓ, સાવકી ફોઇઓના દીકરા દીકરીઓ, માજણ્યા કાકા અને ફોઇઓના દીકરા દીકરીઓ અને મા તરફના સગા મામાઓ તથા ખાલાઓના દીકરા દીકરીઓ સાવકા મામાઓ અને ખાલાઓના દીકરા દીકરીઓ, માજણ્યા મામાઓ તથા ખાલાઓની દીકરા દીકરીઓ (૧) જ્યારે સગા કાકાની દીકરીઓ હોય તો બાપના તરફના બાકી વારેસો મહરૂમ રહેશે (૨) જ્યારે સગા કાકાની દીકરીઓ કોઇ ન હોય તો સગી ફોઈની ઓલાદને પહોચશે (૩) જ્યા સુધી સગી ફોઇના દીકરા દીકરી હશે તો સાવકા અને માજણ્યાઓને પહોચશે નહિ (૪) જ્યારે સગા કાકાની દીકરીયો તથા સગી ફોઈની ઓલાદ તદન ન હોય તો સાવકા કાકાની દીકરીઓને વારસો પહોચશે. (૫) જ્યારે સાવકા કાકાની દીકરીઓ હોય તો સાવકી ફોઇની ઓલાદને ભાગ મળશે નહિ. (૬) જ્યારે સાવકા કાકાની દીકરીઓ ન હોય તો સાવકી ફોઇની ઓલાદને વારસો પહોચશે. (૭) જ્યારે સાવકી ફોઇની ઓલાદમાથી કોઇ ન હોય તો માજણ્યાઓની ઓલાદને વારસો મળશે એમા એકબીજાને મહરૂમ કરશે નહિ તેમ મરદ ઓરતમા પણ સરખા ભાગે વહેચણી થશે (૮) જ્યારે સગી ખાલાને મામાની ઓલાદ હોય તો સાવકા તથા માજણ્યાઓની ઓલાદ મહરૂમ રહેશે (૯) જો સગા મામાની અને ખાલાની પણ ઓલાદ હોય તો જે લોકો જીવતા હોય તેનો ભરોસો થશે નહિ પણ મામાની ઓલાદને બધા માલમાથી ૨ ભાગ દેવાશે અને ખાલાની ઓલાદને ૧ ભાગ દેવાશે, પછી મરદને બેવડો ને ઓરતને એકવડાના કાયદા પ્રમાણે કરી લે. (૧૦) જ્યારે સગા મામા તથા ખાલાની ઓલાદમાથી કોઇ ન હોય તો સાવકા મામા અને ખાલાની ઓલાદને પણ ઉપરનાજ કાયદા પ્રમાણે વહેચણી કરાશે. પછી જો સાવકાની ઓલાદ ન હોય તો માજણ્યાની ઓલાદને પણ ઉપર પ્રમાણેજ વહેચણી થશે. (૧૧) જો કેટલાક બાપ તરફના અને મા તરફના વારેસ હોય તો જેવી રીતે પહેલી પેઢીમા બયાન થઈ ગયુ છે એટલે બધા માલને ત્રણ ભાગ કરી,

વારેસ જણાયજ નહિ, ત્યારે આ હુકમ કે મેયતનો માલ બૈતુલ માલમા દાખલ કરાય, પણ આ વખતમા બયતુલ માલ નથી [૬]તેથી ફકીર, મીસ્કીનને અપાય અથવા મદ્રેસા તથા [૭]મસ્જીદોમા જે ફકીર અને કગાળ તાલ્બેઇલ્મિ (વિધાર્થીઓ) વગેરે રહેતા હોય તેમને અપાય.

કેટલાક એવા સગાઓનુ વર્ણન છે કે જેમનો મીરાસમા કઇ હક નથી.

(૧) સાવકા દીકરાને પોતાની સાવકી માના વારસામાથી કઇ પહોચતુ નથી.

(૨) સ્ત્રીને પોતાના સાવકા દીકરાના મીરાસમાથી કઇ હક નથી.

(૩) ધણીઆણીની ઓલાદને ધણી મૈયતના વારસામાથી કઇ હક નથી. જેમકે જેદ મર્યો ને એની ધણીઆણીને બીજા ધણીથી દીકરા હોય તો તે દીકરાઓને જેદના વારસામાંથી કઇ મળશે નહિ.

૪. ધણીના દીકરાઓને ધણીઆણીના મીરાસમાથી મળશે નહિ. જેમકે હિન્દા (ઓરતનું નામ) મરી, અને તેના ધણીને બીજી ધણીઆણીથી દીકરા હોય તો એ દીકરાઓને કઈ હક મળશે નહિ.

૫. જો દીકરો પોતાના બાપની આગળ મર્યો તો એ દીકરાની ધણીઆણીને સસરાના વારસાથી કઇ મળશે નહિ.

૬ સાસુના વારસામાથી જમાઇને કઇ મળતુ નથી. કેટલીક વખત મળે છે તેની આ રીત હોય છે કે, સ્ત્રી પોતાની માનો વારસો લે છે. ને તે સ્ત્રીના પાછળ તેના ધણીને મળી જાય છે જાહેરમા સમજાય છે કે, સાસુનો વારસો જમાઇને મળ્યો.

૭ કાકાની ધણીઆણીને ભત્રીજાની મીરાસથી કઇ મળશે નહિ.

બે ભાગ બાપ તરફવાળાઓને અને ૧ ભાગ મા તરફ વાળાઓને દેવાય પછી અપસમા જેવી રીતે પહેલી પેઢીમા વહેચણી કરાય છે તેજ પ્રમાણે વહેચણી કરી લે. જો ઉપર મજકુર થયલા બધી જાતના અને દરજાના વારેસોમાથી કોઇ ન હોય તો બાપ અને માની ફોઇ તથા ખાલા વગેરેની ઓલાદને તેજ કાયદા પ્રમાણે વારસો મળશે. જેવી રીતે મરનારની ફોઇ તથા કાકા અને ખાલાની ઓલાદને જે મીરાસ મળતી હતી અને જો તેમને પણ કોઇ દરજાની ઓલાદ ન હોય તો પછી દાદાની ફોઇ તથા ખાલા અને મામા વગેરે તથા નાનીની ફોઇ ખાલા વગેરેની ઓલાદ વારેસ થશે. (મો. દુ. વા. પા. ૧૭૨ થી ૧૮૪)

૬. પણ જો મરનારના કેટલાક એવા સગા ગરીબ હોય કે જેઓ શરઅથી વારેસ ન હોય તો બધા ફકીરોથી તે લોકો પહેલા રહેશે. પહેલાના આલેમો (વિદ્વાનો) ના ફત્વા (જજમેન્ટ) પ્રમાણે ફકીર, મોહતાજ હોવાથી તેઓ દુરના સગાઓને મરનારનો માલ તેમને અપાશે પણ વારસાથી નહિ અપાય. પણ ખાસ સગાઇથી અપાશે. જેમકે-દુ-.આ બેનભાઇ, અથવા સાવકી ઓલાદો અથવા આજાદ કરેલા ગુલામ, લોડીઓ વગેરે (મો દુ. વા. ૯૩ થી ૯૬)

૭ પણ કોઇ મદ્રેસા અને મસિદ તથા ખાનકાના લોકોને નોકરીપણામા નહિ અપાય (મો. દુ. વા પા. ૯૩.)

૮. મામાની ધણીઆણીને ભાણુજાની મીરાસથી કોઇ હક પહોચતો નથી. કેટલીક વખત એમ થાય કે કાકા અથવા મામાને મીરાસ મળે ને તેના સબબથી ધણીઆણીને મળી જાય છે

૯ જો કોઇ સ્ત્રી મરણ પામે તો તેણીના દેવર જેઠ (એટલે ધણીના નાનાભાઇ ને મોટા ભાઇ) ને સ્ત્રીના મીરાસથી કઈ મળશે નહિ.

૧૦ સાળો તથા સાળી પોતાના બનેવીના માલથી કઇ પામશે નહિ.

૧૧ [1] જો કોઈ પુરૂષ અથવા સ્ત્રી કોઇને દીકરો બનાવી લે એટલે (લેપાલક અથવા દત્તક કરી લે) તો એ દીકરાને મીરાસમાથી કઇ મળી શકતું નથી. જે કઈ દેવું હોય

---

[1] એવીજ રીતે જો કોઇ સખ્સ કોઇ બીજાને પોતાનો દીનીભાઇ અથવા દીની બેન કરીને સગાઓ અને વારેસોના જેવો બધો કારભાર તેની સાથે કરે તો તેનાથી તે સગાઇ થઇ શકિત નથી. તેમ એવી સગાઇથી અપસમા મીરાસ જારી થઇ શકતી નથી. પણ જો કોઇ સખ્સ કોઇ છોકરા અથવા છોકરીની નિસ્બત આ એકરાર કરે કે આ મારો દીકરો, દીકરી છે તો નસબ (વંશ) સાબેત થઇ જશે અને તે છોકરો છોકરી મીરાસના હકદાર પણ થઇ જશે પણ એમા બે વાતનો જરૂર ખ્યાલ રાખવો જોઇએ. એક તો એ કે તે છોકરો છોકરી (મજહુલુન નસબ હોય) એટલે તેઓના બાપ દાદો વગેરે કઇ જણાય નહિ બીજો જે છોકરા છોકરીની નિસબત એકરાર કરે છે તેઓની એટલી ઉમર હોય કે તે એકરાર કરનારની ઓલાદ બની શકતી હોય, જો કોઇ ૩૦ વર્ષનો આદમી ૨૦ વર્ષની ઉમરના છોકરાને પોતાનો દીકરો કહેનો મોતબર (ભરોસાદાર) થશે નહિ. એવીજ રીતે જો ઓલાદ જેના (હરામની)થી પેદા થઇ હોય તો તે પોતાના બાપની વારેસ થશે નહિ. અને એ બાપ (જાની) તેઓનો વારેસ થઇ શકતો નથી તેમ એ ઓલાદથી જાની (બાપ)ની ઓરત તથા મા બાપનો ભાગ ઓછો થઇ શકતો નથી. અને તેઓના હોવાથી કોઇ મહરૂમ થતા નથી. પણ તે ઓલાદને મા તરફથી મીરાશ મળશે. અને માને તે ઓલાદની મીરાસ પહોચશે અને તે ઓલાદ જેનાથી મા (જાનીયા) ના મા બાપ અને ધણીનો ભાગ ઓછો થઇ જશે જો કોઇ ઓરતને ઘરમા રાખી અને બધો કારોબાર જેમ ધણીધણીઆણી અપસમા જારી રાખે છે તેમ રાખે અને ખાનદાનમા પણ તે ઓરતને તેની ધણીઆણી સમજે પણ શરીયતના કાયદા પ્રમાણે નિકાહ તથા ઇજાબ કબુલ ન થયો હોય તો તે ઓરતને એ મરદના મીરાસમાથી કઇ મેહેર અને વારસાની હકદાર થઇ શકતી નથી અને જો તેનાથી ઓલાદ થઇ હોય તો તેપણ ઓલાદ જેનાહ (હરામની) સમજાશે અને બાપના વારસામાથી તદન મહરૂમ રહેશે.

ચેતવણી—કેટલી વખત પહેલાં ધણીથી ઇલાકો (વળગણ) મૂકી કરી વગર તલાકે (ફારગતી) બીજા સાથે નિકાહ કરી લે છે અને પહેલા ધણી નફરત અને વગર રગબત અથવા લાચારીથી તેની પાછળ તકરાર કરી શકતો નથી તલાક દેનાર અથવા મરનાર ધણીની ઇદતની મુદત પુરી થવા આગળ બીજા નિકાહ કરી લે, એ નિકાહ તદન બાતલ છે એમા પણ મરદ ઓરત ગુન્હેગાર તથા જેનાકાર થાય છે અને તેમની ઓલાદ વળદુજ્જના (હરામની) સમજાશે. એવી ઓરતો ધણીની મીરાસ અને મહેરથી મહરૂમ થશે. તથા તેઓની ઓલાદ પણ બાપના વારસાથી મહરૂમ રહેશે. (મો દુ વા. પા ૮૪ થી ૮૬) એવીજ રીતે જો કોઇ

તે જીંદગીમાં આપી જાય અથવા તેને માટે વસીયત કરી જાય. બક્ષિસ અથવા વસિય-તના કાયદા ઉપર મજકુર પ્રમાણે છે.

૧૨. જો કોઈ સખ્સ કોઇ પરાયા માણસને દોસ્તીની રીતે આખી ઉમર ખવડાવે, પહેરાવે, તથા ખિજમત કરે તો મર્યા પછી તેનો વારેસ થશે નહિ પણ મરનારના સગા-ઓજ વારેસ થશે.

વાલી બાપદાદા વગરના બાલેગ (વય) છોકરા, છોકરીના નિકાહ કરી દે તો તેઓને અખ-ત્યાર છે. જ્યારે બાલેગ થાય તો તે નિકાહને કબુલ રાખે અથવા ન કબુલ રાખે, પણ એમા બે વાતનો જરૂર ખ્યાલ રાખવો જોઇએ. એક તો જ્યારે જે જગ્યાએ બાલેગ થવાની નિશાની જાહેર થઈ હોય તેજ વખત તેજ જગ્યાએ ઇન્કાર કરવો જોઇએ. જો તેને ખબર હોય કે મારા નિકાહ થયા છે; અને જો ખબર ન હોય તો જે વખત ખબર થાય તેજ વખત તેજ જગ્યાએ ઇન્કાર કરવો જોઇએ. જે માણસ હાજર હોય તેને ગવાહ રાખે. બીજો કાજી પાસે જઇ નિકાહ ફસક (નિકાહ તોડવાનો) હુકમ લે, તે પછી કાજી ધણીધણી-આણીને જુદા પાડે તોજ જુદા થઇ શકે છે. અને જો એ બે શરતમાથી એક પણ ન થાય તો પછી નિકાહ બાતલ થઇ શકતા નથી અને જે જગ્યાએ કાજી ન હોય તો કોર્ટમા મુસલમાન મુન્સફ અથવા જજ વગેરે હોય, અથવા જ્યા કાજી હોય ત્યા જઇ કાજીનો હુકમ લે. જેમકે ભોપાલ અથવા ટોક વગેરેમા છે. દાખલો—રહીમાના બાલેગના નિકાહ તેના કાકાએ પોતાના કુફ (જાત) મા બકર સાથે કરી દીધા હોય, તેમ રહીમાને ખબર પણ હોય, કે મારા કાકાએ બકર સાથે મારા નિકાહ કરી દીધા છે તે પછી રહી-માએ બાલેગ થતાજ ઈન્કાર પોતાના નિકાહનો કર્યો ન હોય, પણ કેટલાક દિવસ પછી ઇન્કાર કર્યો હોય અથવા બાલેગ થતાંજ ઇન્કાર પોતાના નિકાહનો કર્યો હોય, પણ કાજી તથા હાકીમથી નિકાહ તોડવાનો હુકમ લીધો ન હોય, ને તે પછી રહીમાએ પોતાના નિકાહ બીજા ખાલેદ સાથે કર્યા ને ખાલેદને પણ ખબર હતી કે, રહીમાના નીકાહ આગળ બીજા આદમી સાથે થયા છે, છતા ખાલેદે નિકાહ કર્યા, ને પછી ખાલેદથી રહીમાને ઓલાદ પણ થઇ હોય, તો હવે જે બીજા નિકાહ થયેલા તે તદ્દન બાતેલ (રદ) અને હરામ છે અને જે ઓલાદ રહીમા તથા ખાલેદથી થઇ છે તે જેના (હરામની) છે રહીમાને તથા રહીમાની ઓલાદને ખાલેદના વારસામાથી કઇ પહોચશે નહિ, અને તે ખાલેદને, રહીમાના વારસામાથી અને તેની ઓલાદના વારસામાથી કઇ પહોચશે નહિ. જે પહેલા નિકાહ થયે-લા છે તેજ સાબેત અને કાયમ રહેશે. ને રહીમા અને ઓલાદ બકરનીજ ગણાશે. તેમ બકરના માલમા રહીમા તથા ઓલાદને પહોચશે, અને રહીમા તથા ઓલાદના માલમા બકરને પહોચશે. આ મસલો યાદ રાખવા લાયક છે, કેમકે એવા બનાવ બને છે. નિકાહની દરેક મોટી કિતાબોમા તથા ફતાવા અબ્દુલહે લખનવીમા છે.

આ નકશામાં નિયમિત ભાગ વાલાના છ ભાગ મુકરર થયેલાની વિગત છે.

નંબર	ભાગોના નામ	ભાગ લેનારાઓના ભાગની વિગત ટુકમા છે.
૧	અર્ધો પાચ વારસોને મળે છે.	(૧) ધણીને મળે છે જ્યારે ધણીઆણીને બચ્ચા ન હોય. (૨) દીકરીને મળે છે માત્ર પોતે એકજ હોય તથા ભાઇ તેની સાથે

" નિયમિત[2] હિસ્સાના મસલાના કેટલાક દાખલાઓ "

જેમકે વારસાને લગતા કેટલાક ફેરફાર દાખલાઓ આવે છે કે પ્રથમથી મસલાના દાખલા લખવા નકામા જણાય છે તો પણ કેટલાક સહેલ મસલા સવાલ જવાબના રૂપમા બધા સમજે તેમ લખુ છુ. બનવા જોગ છે કે. કોઇ દાખલો કોઇને હાજત પ્રમાણે નીકળી આવે.

સવાલ (૧)—એક સખ્સ પોતાનો બાપ, દીકરી, બે બહેનો તથા એક કાકો મૂકી મર્યો તો મીરાસ કેમ વહેચાશે? જબાબ—બે ભાગ કરી એક બાપને, એક મૈયતની દીકરીને મળશે. બેનો તથા કાકો અભાગીઆ રહેશે. આવીતરા

મ૦ ૨			
મ બાપ	દીકરી	બે બેન	કાકો
૧	૧	૦	૦

સ૦ (૨)—મા, બાપ તથા એક દીકરી અને ધણીઆણી મૂકી જેદ મર્યો તો વારસો કેમ વહેચાશે? જ—૨૪ ભાગ કરી ૩ ધણીઆણીને ૪ માને ૫ બાપને ૧૨, દીકરીને અપાશે

મ૦ ૨૪			
મ ઓરત	મા	બાપ	દીકરી
૩	૪	૫	૧૨

		ન હોય. (૩) પૌત્રીને મળે છે મૈયતના દીકરા દીકરી પૌત્રા વગેરે જીવતા ન હોય (૪) બેહનને મળે છે માત્ર એકજ હોય તથા મરનારના દીકરા દીકરી અને બાપ, દાદો વગેરે ન હોય. (૫) સાવકી બેનને મળે છે જ્યારે સગી બેન ન હોય
૨	ચોથાઇ બે વારસોને મળે છે.	(૧) ધણીઆણીને મળે છે જ્યારે ધણીને બચ્ચા ન હોય (૨) ધણીને મળે છે જ્યારે ધણીઆણીને બચ્ચા હોય.
૩	આઠમો એક વારસને મળે છે.	ધણીઆણીને મળે છે ધણીના દીકરા દીકરી પૌત્રા પૌત્રી વગેરે જીવતા હોય
૪	બે તેહાય, ચાર વારસોને મળે છે.	(૧) દીકરીઓને મળે છે એકથી વધુ હોય અને ભાઈ સાથે ન હોય (૨) પૌત્રીઓને મળે છે દાકરીઓ તથા પૌત્રા વગેરે ન હોય (૩) સગી બેનને એકથી વધુ હોય તો મળે છે મરનારની ઓલાદ તથા બાપ દાદો ન હોય (૪) સાવકી બેનોને મળે છે સગી બેનો ન હોય ઉપરની સરત પ્રમાણે
૫	ત્રીજો બે વારસોને મળે છે.	(૧) માને મળે છે મરનારની ઓલાદ અથવા બે ભાઈ બે બેન ન હોય (૨) માજણ્યા ભાઇ બેનને મળે છે એકથી વધુ હોય અને દીકરા દીકરી બાપ દાદો વગેરે ન હોય.
૬	છઠ્ઠો ચાર વારસોને મળે છે.	(૧) બાપને મળે છે જ્યારે મરનારને દીકરો, પૌત્રો વગેરે હોય. (૨) માને મળે છે મરનારની ઓલાદ અથવા બે ભાઇ બેન કોઇ જાતના પણ હોય તો (૩) માજણ્યા ભાઇ માત્ર એક હોય તો મળે છે. (૪) માજણી બેનને મળે છે જ્યારે એકજ હોય તો

[2] આ ૭ ભાગો છે ફેરફાર હાલતોમા નિયમિત ભાગવાળાઓને મળ્યા કરે છે. (મો દુ વા.)

સ૦ ( )—૧ ભાઈ, ૨ ઓરત, ૧ બેન તથા મા મૂકી જેદ મર્યો તો વારસો કેમ વહેંચાશે ? જ.—નવ નવ, બેઉ ઓરતને, ૧૨ માને, ૨૮ ભાઇને, ૧૪ બેનને અપાશે. બધા ૭૨ હિસ્સા થયા.

મ૦ ૧૨ તા૦ ૭૨

મ ઓરત	ઓરત	મા	ભાઇ	બેન	૭૨
૯	૯	૧૨	૨૮	૧૪	

સ૦ (૪)—૧ દાદી, ૨ બેન, ૨ દીકરી, ૧ ઓરત મૂકી જેદ મરી ગયો તો વારસો કેમ વહેંચાશે ? જ.—૨૪ ભાગ કરી ૩ ઓરતને, ૪ દાદીને, બેઉ દીકરીને આઠ આઠ, બેઉ બેનોને એક હિસ્સો મળશે.

મ૦ ૨૪

મ આરત	દાદી	દીકરી	દાકરી	બે બેન
૩	૪	૮	૮	૧

ટૂંકમા કર્યો છે.

સ૦ (૫)—ઓરત. મા, દાદી, ૨ પૌત્રા ૧ દીકરી મૂકી એક સખ્સ મર્યો તો વારસો કેમ વહેંચાશે ? જ—૨૪ ભાગ કરી ૩ ઓરતને, ૪ માને, ૧૨ દીકરીને, ૫ બેઉ પૌત્રાને અપાશે, અને દાદી અભાગીઅણ રહેશે—જેમકે પહેલાં જણાઇ ચૂકયુ છે કે, માના આગળ દાદી અભાગીઅણ રહે છે.

મ મ૦ ૨૮

મ ઓરત	મા	દીકરી	૨ પોત્રા	દાદી
૩	૪	૧૨	૫	૦

સ૦ (૬)—જો કોઇ સખ્સ નાની, દાદી, બહેન, કાકો, કાકાના દીકરા મૂકી મરે તો વારસો કોને કોને મળશે ? જ—બાર ભાગ કરી ૧ નાનીને, ૧ દાદીને, ૬ બેનને, ૪ કાકાને દેવાશે અને કાકાના દીકરા અભાગીઆ રહેશે કેમકે જ્યારે કાકો હોય તો કાકાના દીકરાને કઇ અપાતુ નથી. દાખલો

મ૦ ૬ તા૦ ૧૨

મ નાની	દાદી	બેન	કાકો	કાકાનો દીકરો
૧	૧	૬	૪	૦

સ૦ (૭)—જો કોઇ સખ્સ બે દીકરી, ત્રણ દીકરા, એક પોત્રો, ૫ ભાઇ મૂકી મરે તો વહેચણી કેવી રીતે થશે ? જ—૮ ભાગ કરી બબ્બે ભાગ દીકરાઓને તથા એકેક ભાગ દીકરીઓને મળશે

મા૦૮

મ દીકરો	દીકરો	દીકરો	દીકરી	દીકરી	પોત્રો	૫ ભાઈ
૨	૨	૨	૧	૧	૦	૦

પોત્રો તથા ભાઇ અભાગીઆ રહેશે. કારણકે પહેલા આવી ગયુ છે કે દીકરો હોય તો ભાઇ તથા પોત્રાને કઇ મળતુ નથી.

સ૦ (૮)—એક સ્ત્રીને ૪ દીકરા, ધણી, મા, એક બેન, મૂકી ગઈ તો કેવી રીતે માલ વહેંચાશે ? જ.—૧૨ ભાગ કરી ત્રણ ધણીને, ૨ માને અપાય તથા ૭ ભાગમાં ૪ દીકરા ભેગા રહેશે અને બેન અભાગીઅણ રહેશે; કેમકે દીકરા છે.

મ૦ ૧૨

મ ધણી	મા	૪ દીકરા	૧ બેન
૩	૨	૭	૦

સ૦ (૯)—એક સ્ત્રી મરી ધણી, એક સગી બેન, ૨ સાવકી બેન તથા ૧ કાકો મૂકી ગઇ હવે હિસ્સા કેમ વહેંચાશે ? જ.—૧૪ ભાગ કરી ૬ ધણીને, ૬ સગી બેનને; ૧+૧ સાવકી બેનોને અપાશે તથા કાકો અભાગીયો રહેશે, કેમકે કાકો અસ્બા છે અને અ-

રહ્યાને ક્યારે મળે છે કે નિયમિત હિસ્સાદારથી કંઈ બાકી રહે તેમ અત્રે બાકી રહ્યુ નથી.

મ૦ ૧૪

દાખલો આ છે

મધણી	સગી બેન	સાવકી બેન	સાવકી બેન	કાકો
૬	૬	૧	૧	૦

સ૦ (૧૦)—એક સખ્સ મર્યો. ૩ ધણીઆણી, ૨ દીકરી, ૩ બેન, ૧ ભાઇ મા. જણ્યો મૂક્યા. હવે તેઓના હિસ્સાના ભાગ કેમ પડશે? જ.—૭૨ ભાગ કરી ત્રણ ત્રણ દરેક ધણીઆણીને તથા ૨૪, ૨૪ બેઉ દીકરીઓને, ૫,૫, ત્રણ બેનોને મળશે. માજણ્યો ભાઇ અભાગીઓ રહેશે, કેમકે આગળ જણાઇ ગયું કે મૈયતના જ્યારે દીકરા દીકરી હોય તો માજણ્યો અભાગીયો રહેશે.

મ૦ ૨૪ તા૦ ૭૨

મઓરત	ઓરત	ઓરત	દીકરી	દીકરી	બેન	બેન	બેન	માજણ્યો ભાઈ
૩	૩	૩	૨૪	૨૪	૫	૫	૫	૦

સ૦ (૧૧)—એક સ્ત્રી મરણ પામી પોતાનો:બાપ ૨ દીકરીઓ, ૨ જુવાન દીકરા, તથા એક દીકરો ૧૫ દિવસનો બાળક તથા ૧ નાની મૂકી મરી ગઇ તો વારસો કેટલે ભાગે થશે તથા પંદર દિવસના બાળકને પણ જુવાન દીકરાઓને સરખા ભાગ મળશે અ. થવા કઇ ઓછુ? જ—૧૨ ભાગ કરી બે બાપને, ૨ નાનીને, બબ્બે બબ્બે ૩ દીકરા. ઓને તથા એક એક બેઉ દીકરીઓને મળશે. નાના બાળકને પણ જવાન દીકરાઓને સ. રખા ભાગ મળશે કેમકે આગળ આવે છે (પરચુરણ મસલાઓના વર્ણનમા) જણાશે કે મીરાસમા નાની મોટી ઉમરથી કઇ ફેરફાર થતો નથી

મ૦ ૬ તા૦ ૧૨

મબાપ	દીકરી	દીકરી	દીકરો	દીકરો	દીકરો(૧૫ દિવસનો)	નાની
૨	૧	૧	૨	૨	૨	૨

સ૦ (૧૨)—એક સખ્સ મર્યો ૩ સગી બેન, ૨ માજણી બેન, ૧ કાકો, ૧ બાપ જણી બેન મૂકી તો વારસાના કેમ ભાગ થશે? જ.—૧૮ ભાગ કરી ૪, ૪ ત્રણ સગી બેનોને તથા ત્રણ ત્રણ બેઉ માજણી બેનોને મળશે તથા બાપ જણી બેન અભાગીઅણ રહેશે, કેમકે આગળ જણાવ્યુ છે કે જયારે બે સગી બેનો જીવતી હોય તો બાપજણી બેન અભાગીઅણ રહી જાય છે.

મા૦ ૧૮

મસગી બેન	સ બેન	સ બેન	માજણી બેન	માજ બેન	બાપજ બેન	કાકો
૪	૪	૪	૩	૩	૦	૦

સ૦ (૧૩)—એક સ્ત્રી મરી ગઇ ધણી, દાદી, સગી બેન, તથા બાપજણી બેન મૂકી ગઇ તો વારસાના કેવી રીતે ભગલા થશે? જ.—આઠ ભાગ થઇ ધણીને ત્રણ, સગી બેનને ૩ દાદીને ૧ બાપજણી બેનને ૧ અપાશે.

મ મા ૮

મધણી	સગી બેન	દાદી	બાપજ બેન
૩	૩	૧	૧

સ૦ (૧૪) ઓરત, બેન, દાદી, કાકો મૂકી એક સખ્સ મર્યો તો વારસાના કેવી રીતે ભગલા થશે? જ.—૧૨ ભાગ થઇ ઓરતને ૩, બેનને ૬, દાદીને ૨, કાકાને ૧ અપાય.

મા૦ ૧૨

મઓરત	બેન	દાદી	કાકો
૩	૬	૨	૧

સ૦ (૧૫) એક સખ્સના મરણપર ૨ દીકરી, મા, ૩ ભાઇ, ૧ ભત્રીજો રહ્યા તો હવે વારસો કેમ વહેંચાશે ? જ.–૧૮ ભાગ થઇ દીકરીઓને ૧૨, માને ૩, ભાઇઓને એકેક.

મા૦ ૧૮

૧ મ						
દીકરી	દીકરી	મા	ભાઇ	ભાઈ	ભાઈ	ભત્રીજો
૬	૬	૩	૧	૧	૧	૦

---

[૧]એવીજ રીતે મસલાના કેટલાક સવાલ જવાબના રૂપમા મોરીદુલ વારેસીનમાથી નકલ કરૂછું જેથી સાધારણ લોકોને આસાનીથી સમજમા કામ આવશે.

સવાલ પહેલો—એક આદમીએ ૩ દીકરીઓ, બાપ, એક દાદી, વારેસ મૂક્યાં તો તેઓના ભાગ બતાવો જ.—બે તૃતીયાંશ દીકરાઓને મળશે તેઓ પોતાનામા વહેંચણી કરી લે. છઠ્ઠો ભાગ નિયમિતથી બાપને મળશે અને પછી બાકી રહેલુ પણ અસબા હોવાથીબાપને મળશે અને દાદી મહરૂમ રહેશે.

સ૦ ૨ જો—મરનારે બાપ અને બે દીકરા એક દીકરી મૂકી તો વારેસો કેવી રીતે વહેંચાશે ? જ૦—છઠ્ઠો ભાગ બાપને તથા બાકી ૫ ભાગ ઓલાદને એટલે બબ્બે દીકરાને અને એક ભાગ દીકરીને મળશે.

સ૦ ૩ જો—મા, નાની, દાદો, ધણી વારેસ છે તો માલ કેવી રીતે વહેંચાશે ? જ૦—ચોથો ભાગ ધણીને, ત્રીજો માને અને બાકી દાદાને મળશે નાની મા હોવાથી મહરૂમ રહેશે.

સ૦ ૪ થો—જ્યારે બાપદાદો, ઓરત, બે પૌત્રીઓ વારેસ હોય તો કોને કોને કેટલો ભાગ મળશે. જ૦—આઠમો ભાગ ઓરતને ⅔ પૌત્રીઓને છઠ્ઠો ભાગ બાપને જવિલ ફુરૂજથી અને બાકી અસબા હોવાથી બાપને દેવાશે. દાદા સાહેબ મહરૂમ રહેશે

સ૦ ૫ મો—એક ઓરતનો મરણ તથા નાની અને એક ભાઇ મા જણ્યો અને એક સાવકો ભાઇ હોય તો કેવી રીતે વારસો વહેંચાય ? જ૦—ચોથો ભાગ ધણીને તથા છઠ્ઠો

છઠ્ઠો ભાગ માજણ્યા ભાઈ અને નાનીને તથા બાકી સાવકા ભાઇને મળશે

સ૦ ૬ છઠ્ઠો—બે સગી બેનો, એક દીકરી, ૨ માજણ્યા ભાઇ બેનને મીરાસના હાલ બતલાવો ? જ૦—દીકરીને અર્ધો, ભાઇ બેનને ત્રીજો, બાકી બેનોને મળશે.

સ૦ ૭ મો—એક ઓરતના ૩ દીકરા. ૨ પૌત્રીઓ, મા, ધણી, ૨ ભાઇની વહેંચણીનો હિસાબ બતાવો, જ૦—૪થો ભાગ ધણીને, છઠ્ઠો માને, બાકીનું દીકરાઓને મળશે. પૌત્રીઓ તથા ભાઇઓ મહરૂમ રહેશે.

સ૦ ૮મો—ચાર બેનો, બાપ, ધણી, બે માજણ્યા ભાઈ બતાવો વારેસોને કેવી રીતથી ભાગ મળશે ? જ૦—અર્ધો ધણીને તથા અર્ધો બાપને મળશે. બેનો તથા ભાઇઓ બાપના હોવાથી મહરૂમ રહેશે.

સ૦ ૯મો—જો કોઇની ૨ પુત્રીઓ, મા, ૧ ઓરત, ૧ સકળ પૌત્રા હોય તો માલ કેવી રીતે વહેંચાશે ? જ૦—ઓરતને આઠમો, માને છઠ્ઠો બાકી પૌત્રીઓ અને સકળ પૌત્રા આપસમા વહેંચણી કરી લે. મરદને બેવડો, ઓરતને એકવડો મળશે.

" હમેલ-મફકુદ-મુરતદનું વર્ણન. "

(૧) જો મેયતના વારેસોમા કોઇ બાળક હમેલ (ગર્ભ) મા હોય તે મરનારનો વા-

---

સ૦ ૧૦મો—એક આદમીએ ૧ સગી બેન, મા, ૧ ઓરત, ૨ સાવકા ભાઇ બેન અને ૧ કાકો વારેસ મૂકયા તો તેનુ કેમ ? જ૦—ઓરતને ૪થો, માને છઠ્ઠો સગી બેનનો અર્ધો, બાકી ભાઇ બેનને મળશે. કાકો દૂરના કારણથી મહરૂમ રહેશે.

સ૦ ૧૧મો—મરનારે મા, બાપ, ૧ માજણ્યો ૧ સાવકો ભાઇ મૂકયો તો કેમ ?

જ૦—માને છઠ્ઠો બાકી બધુ બાપને મળશે. એ જાતના ભાઇઓ બાપના હોવાથી મહરૂમ રહ્યા.

સ૦ ૧૨ મો—મા, બાપ, માજણ્યો ભાઈ બેન તથા ધણી છે તો કેવી રીતે વહેચાશે ?

જ૦—ધણીને અર્ધોને બાકીમાથી ૩ જો માને, તથા બાકીના બાપને દેવાય અને ભાઈ બેન મહરૂમ રહેશે.

સ૦ ૧૩ મો—૧ દીકરી, ૨ સાવકી બેન, ૧ સકડ પૌત્રી છે તો શુ થશે ? જ૦ દીકરીને અર્ધો, સકળ પૌત્રીને છઠ્ઠો, બાકીનો સાવકાઓને મળશે.

સ૦ ૧૪મો—૩ દીકરીઓ, ૧ ઓરત, ૧ પૌત્રો મૂકયો તો કેવી રીતે વહેચાય ? જ૦—⅔ દીકરીઓને, ૮મો ઓરતને બાકી પૌત્રાને મળશે.

સ૦ ૧૫મો—૨ પૌત્રીઓ બાપ, ૧ નાની, ૧ કાકો છે તો શુ પહોચશે ? જ૦—⅔ પૌત્રીઓને, છઠ્ઠો તથા નાનીને છઠ્ઠો બાકી બાપને અને કાકો મહરૂમ રહેશે.

સ૦ ૧૬મો ૧ પૌત્રી, ૨ પત્રા, ધણી, મા ઉપર કેમ વહેચાય ? જ૦—ધણીને ૪થો માને છઠ્ઠો બાકી પૌત્રા પૌત્રીને કાયદા પ્રમાણે અપાય

સ૦ ૧૭મો ૧ બેન, ૧ દાદી, ૧ સાવકો ભાઇના ભાગ બતાવો જ૦—બેનને અર્ધો દાદીને છઠ્ઠો, બાકીનો સાવકા ભાઇનો હક છે

સ૦ ૧૮મો—૧ પડપૌત્રી, ૩ બેન મા હોય તો કેવી રીતે વહેચાય ? જ૦—પડ પૌત્રીને અર્ધો, માને છઠ્ઠો બાકી બેનોને મળશે.

સ૦ ૧૯મો—૨ ઓરત, ૧ સગી બેન, ૨ સાવકી બેન, ૧ ભત્રીજો હોય તો શુ થશે ? જ૦—ઓરતોને ૪થો, સગી બેનને અર્ધો, સાવકી બેનોને છઠ્ઠો, બાકી ભત્રીજાને મળશે.

સ૦ ૨૦મો—દીકરી, પૌત્રી તથા માજણ્યા ભાઇ બેન અને સાવકા ભાઇ બેન મૂકયા તે કેવી રીતે વહેચાશે ?

જ૦—અર્ધો દીકરીને, ૬ઠ્ઠો પૌત્રીને બાકી સાવકા ભાઇ બેનના કાયદા પ્રમાણે મળશે. મા જણ્યાઓ મહરૂમ રહેશે.

સ૦ ૨૧મો—ધણી, ૧ માજણી બેન, મા, ૨ સગાભાઇનો હાલ બતાવો ? જ૦—અર્ધો ધણીને, ૬ઠ્ઠો બેનને છઠ્ઠો માને અને બાકીનો ભાઇઓને મળશે.

સ૦ ૨૨મો—ઓરત, દાદી, ૨ સાવકી બેન છે, તો વારસો કેમ વહેચાય ? જ૦—ઓરતને ચોથાઇ, દાદીને છઠ્ઠો, બેનોને ⅔ મળશે. અને આ દાખલામાં આલે થશે.

સ૦ ૨૩મો—ધણી, દીકરી, દાદી, નાની, ભત્રીજાનો પૌત્રો વારેસ છે તો કેમ ? જ૦—૪થો ભાગ ધણીને, અર્ધો દીકરીને, છઠ્ઠો ભાગ અપસમાં નાની તથા દાદી વહેંચણી કરી લે બાકી ભત્રિજાના પૌત્રાને દેવાય.

રેસ થઇ શકે છે. તો [1]બહેત્તર એ છે કે, બચ્ચુ પેદા થયા સુધી મીરાસના ભાગ પાડવા બંધ રાખે. ચેતવણી—ઘણા દરિયાફ્ (વિચાર) કરનારા માત્ર હાજર વારસોને બતાવે છે. હમેલ (ગર્ભ) નો ખ્યાલ કરતા નથી તથા કેટલાક જવાબ આપનારા પણ તપાસ કર્યા વગર જવાબ આપે છે, કેમકે હમેલ પણ વારસ છે, અને તેને માટે ભાગ અનામત રખાય છે: એટલા માટે સારી રીતે તપાસ કરી લેવી જોઇએ. જો મૈયતની ધણીઆણીને અથવા કોઇ એવી સ્ત્રીને હમેલ હોય જેનું બાળક મૈયતનો વારસ થઈ શકે તો તેને માટે ભાગ રાખવો જોઇએ. દાખલો-૧ લો—જેદ ત્રણ દીકરા મૂકી મર્યો તથા ધણીઆણીને હમેલ છે તો ૩ ભાગ દીકરાઓને અપાય અને ૧ ભાગ અનામત રખાય. દાખલો ૨—જેદ મર્યો ધણીઆણી તથા બેન મૂકી ગયો. દીકરો કોઇ નથી પણ એક દીકરો જેદથી એક મહિના આગળ મરી ગયો હતો તેની ધણીઆણીને હમેલ છે. હવે જેદની ધણીઆણીને ૮ મો ભાગ આપી બાકી બધો માલ અનામત ગખે એટલા માટે કે, જો જેદના દીકરાની ધણીઆણીને દીકરો પેદા થાય તો તે જેદનો પૌત્રો થશે તો બેન અભાગીઅણ રહેશે અને જો પૌત્રી પેદા થાય તો બધા વારસામાંથી અર્ધો તેણીને મળશે. આઠમો ભાગ જેદ મૈયતની ધણીઆણીને બાકી બેનને મળશે અને જો હમેલ જાયે થઈ ગયુ એટલે ગળી પડયુ અથવા બાળક પેદા થવા અગાઉ મરી ગયુ તો મૈયતની ધણીઆણીને ૪ થો ભાગ મળશે તથા બાકી બધો બેનને મળશે.

(૨) જો હમેલ પેદા થયા આગળજ ભાગ પાડવા માગે તો હમેલને [2]દીકરો ઠેરવી

સ૦ ૨૪મો—એક આદમીની ૪ દીકરીઓ, તથા દાદાની દાદીને પડનાનીની મા જીવતાં હોય તો કેમ વહેચણી થશે? જ૦—છઠ્ઠો એ બેઉ દાદી નાનીની માને દેવાય તે બેઉ અપસમા ભેગા થશે. કેમકે બેઉ એક પેઢીના છે અને દીકરીઓનેડું દેવાય પછી જે કઇ બાકી રહે તે પણ એ બધા વારસો ઉપર હિસ્સા રસ્દ (ભાગના પ્રમાણમા) વહેચણી કરી દેવાય આ મસલાને રદ કહે છે.

સ૦ ૨૫મો—દાદાની મા અને નાનીની મા, અને એક કાકો તથા દાદાની નાની, ધણી, અને ૧ દીકરી મૂકયાં તો કેમ વહેંચશે? જ૦—ચોથાઇ ધણીને, અર્ધો દીકરીને, ૬ઠ્ઠો પડદાદી તથા પડનાનીને બાકીનો કાકાને મળશે. પડદાદીની મા ૩ જી પેઢીની છે તેથી ૨જી પેઢીના આગળ મહરૂમ રહેશે.

૨ કારણકે કેટલીક વખત બાળક મરેલા પેદા થાય છે જે કે તદ્દન વારેસ થતા નથી. તેમ કેટલીક વખત જીવતાં પેદા થાય છે પણ પેદા થવા પછી જણાય છે કે તે હકદાર નથી અને કોઇ વખત એક હમેલથી (ગર્ભથી) બેચાર અથવા વધુ બાળક પેદા થાય છે. જેમકે:—ઇમામ સાફેઇ (ર. હ)ના એક ઉસ્તાદને ૨૦ છોકરા હતા. માત્ર ૫ હમલોથી પેદા થયા હતા એટલે દરેક વખત ૫ દીકરા પેદા થતા હતા. કસ્તુનમાં એક ઓરતને ૧ હમેલથી સાત દીકરા પેદા થયા છે અને કેટલીક ઓરતોના હાલ લખાયલા છે કે તેઓને ૧ હમેલમાં ૪૦ બચ્ચા પેદા થયાં! વલાહો આલમ (દા.) જે બાળકોની પેદાસમા છ માસથી ઓછો ફેરફાર હોય ને બધા એકજ હમેલથી ગણાય છે આ જરૂર નથી કે બધા એકજ વખતમા પેદા થાય (મો. દુ. વા.).

૧ ઇમામ સાહેબનો એક કોલ (વચન) છે કે, ૪ દીકરાનો ભાગ અનામત રખાય અને બીજા પણ કેટલાક કોલો છે પણ ફત્વો (જજમેન્ટ) એ છે કે માત્ર એકજ દીકરાનો

જે ભાગ મળે છે તે તેને માટે અનામત રખાય. જો દીકરોજ પેદા થયો તો પોતાનો ભાગ લેશે અને જો દીકરી પેદા થઇ તો જે હક તેણીને પહોચે છે તે અપાય અને બાકીનો બધો વારેસોપર વહેંચાય.

(૩) જે સખ્સ મફકુદુલ ખબર તથા ગુમ થઇ જાય કે તેની જીવતાંની ને મર્યાની કઇ ખબર જણાયજ નહિ તો તેને માટે એ હુકમ છે પહેલો આ છે કે તેનો બધો માલ અને મિલકત નેવુ (૯૦) વરસ સુધી અનામત [2]રખાય (એટલે તેની પેદાશના દિવમથી ગણત્રી નેવું વર્ષ સુધી) કરવી જોઇએ. જો એ મુદતમા આવે તો પોતાનો માલ લઇલે અને જો ન આવે તો હવે [3] નેવુ વર્ષ ઉપર તેની મુદતનો હુકમ અપાય. અને જે વારેસ તે વખતે હાજર હોય તેઓને શરિયતના કાયદા મુજબ માલની વહેચણી કરાય

ભાગ અનામત રખાય. જેમકે —રદુલ મોહતાર અને કાજીખાનમા છે (ફાયદો) જ્યારે હમેલ પૂરો જીવતો પેદા થાય પછી મરી જાય અથવા અર્ધું બદન બહાર નીકળ્યા પછી મરી જાય તો પોતાના ભાગનો માલેક થશે. જો હમેલ પોતે મૈયતનુ છે. એટલે તેની ઓરત અથવા લોડી હામેલા છે તો તેના વારેસ થવામાં અને ભાગ લેવામા આ એક સરત છે કે મૈયતની વફાતના પછી ૨ વરસની અદર હમેલ પેદા થઇ જાય જો વફાતથી ૨ વરસના પછી પેદા થાય એ મૈયતનો હમેલ સમજાશે નહિ અને તેના માલનો હકદાર થશે નહિ અને જો તે હમેલ કોઈ બીજા સખ્સનું હોય જેમકે—મૈયતની મા હામેલા હોય અથવા તેના દીકરાની ઓરત અથવા ભાઇની ઓરતનું હમેલ હોય, એ હમેલના વારેસ થવાને હકદર થવા માટે આ એક સરત છે કે—એ મૈયતના વફાત પછી છ માસની અંદર પેદા થાય જો તેના મરવા પછી છમાસી પછી પેદા થશે આ હમેલ મહરૂમ રહેશે. અને જે માલમાથો ભાગ અનામત રખાયલો હશે તે તેને મળશે નહિ ને તે ભાગ કાયદા પ્રમાણે આગલા વારેસોને દેવાશે પણ તેનો પૌત્રો ભાઇ, ભત્રીજો, વગેરે કહેવાશે. મસલો- જો કોઇ આદમી નિકાહ કર્યા પછી પોતાની ઓરતને હામેલા (બેજીવવાળી) મૂકી મરી ગયો અને નિકાહને છ માસ થયા નથી ને બચ્ચું પેદા થયુ તો બચ્ચુ મીરાસનુ હકદાર થશે નહિ, અને જો તેને માટે ભાગ અનામત રખાયલો હોય તો તે બાકી વારેસો ઉપર દેવાય. એવીજ રીતે જો ધણી જીવતો રહ્યો અને નિકાહના પછી છ માસ થવા આગળ બચ્ચું પેદા થયુ હોય તો તે આ ધણીનુ સમજાશે નહિ અને તેના મીરાસ વગેરેથી કોઇ વખત ભાગ પામશે નહિ (મો. દુ. વા.).

૨. તેમ તેમાંથી કરજ પણ અદા કરાય નહિ

૩ એમાં મુખતલેફ કોલો છે (મતફેર વચનો છે)

૧૦૫ વરસ, ૧૧૦ વરસ ૧૨૦ વરસ વગેરે, પણ ફતવો ૯૦ વર્ષ ઉપર છે. એવીજ રીતે તેની ઓરતથી બીજા માથે નિકાહ પણ ૯૦ વરસ સુધી ન થાય પણ ઓરતને એટલી લાબી મુદત રહેવુ કેટલી વખત મુફલેસી તથા નાદારીમા ઘણુંજ કઠણ થાય છે અને કોઇ વખત નાઉમર તથા જવાન હોવાથી ઓરતને ડર મોટા ફસાદ અને બેઇજતીનો થાય છે એજ કારણથી ઘણા મોહક્કેકીન હફીના આલેમોએ ખાસ નિકાહનાજ બાબેજ થવામાં ઇમામ માલેક (રહ) ના કોલ ઉપર ફતવો દીધો છે જે દિવસથી ગુમ થઇ ગયો હોય તેજ તારીખથી ૪ વરસ ૪ મહિનાનો દશ દીવસ પછી ઓરતને બીજો નિકાહ

બીજો હુકમ—આ છે કે તેના સગાઓ મરણ પામે જેના ભાગ આ ગુમ થયલાને પણ પહોચતા હોય તો તે ભાગ તેને માટે અનામત રખાય. જ્યા સુધી તેની ઉમર નેવું વરસની થઇ જાય (એટલે તેની પેદાશના દિવસથી નેવું વર્ષ ગણત્રી કરાય). એટલા વખતમા જો તે આવી જાય તો પોતાનો ભાગ લઇલે, અને જો તે મુદત સુધી ન આવે તો મરણનો હુકમ દઇ દેવાય અને ભાગ જે અનામત છે તે સખ્સના વારસોને દઇ દેવાય. જેના માલમાથી આ ભાગ રખાયલા હતા, પણ આ ભાગ તે બધા વારેસોને અપાય, જે અસલ માલિકના મરણ અને અનામત રાખવાના વખતમા જીવતાં હતા.

(૪) જે સખ્સ મૂર્તદ થઈ જાય (એટલે દીનથી ફરી જાય અને કાફેરોમાં મળી જાય) અથવા માર્યો જાય તો તેનો જે કઇ વારસો રહી ગયો હોય જે તેણે ઇસલામના વખતમાં કમાયો હતો, તે વારસો મુસલમાન વારેસોને દેવાય અને જે કઇ દીનથી ફરી ગયા પછી કમાયલો હોય તો તે બેતુલ માલ (ઇસલામી હાકેમની ત્રીજોરી) મા રખાય અને

કરવો દુરૂસ્ત છે. જેમકે ૪ વરસ પછી મરવાનો હુકમ દેવાયો અને પછી ૪ મહિનાને દશ દિવસ ઇદ્દત ગુજારી તે પછી બાજા નિકાહ દુરૂસ્ત થયા. આ મસલો સામી જિલ્દ ૩ જી કિતાબુલ મફકુદમાં તથા બીજી ફિકેહની કિતાબોમા છે પણ ફોકહાઓએ એમાં કાજીના હુકમની સરત લગાડેલી છે એટલે જ્યા સુધી હાકેમ હુકમ દીએ નહિ ત્યાં સુધી મૈયત સમજી નિકાહ દુરૂસ્ત ન થાય એ વગર કેટલીક વખત પાછો જીવતો આવે છે તેમ તકરાર કરીને કોરટે ચઢે છે. એટલાજ માટે જરૂર છે કે પોતાના ગામમા અથવા આસપાસના આલેમોથી ફતવો લઇ તેને કોરટમા દાખલ કરી નિકાહનો હુકમ લઇ લે પણ આ દરખાસ્ત એવા મુન્સફ તથા જડજ વગેરે હાકેમની કોરટમાં દાખલ કરે કે તે મુસલમાન હોય. તેનો ચૂકાદો સરઅ કાજીની જગ્યાએ સમજાશે. અને સરઅથી તથા કાયદાથી દરેક રીતથી નિકાહ દુરૂરત થઇ જશે અને દુનિયા આખેરતની પકડના ફસાદથી બચી રહેશે, પણ જો પહેલો ધણી જીવતો પાછો આવે તો ઓરત તેનેજ દેવાય પણ જો પહેલો ધણી પાછો આવી તલાક (ફારગતી) આપે તો ઓરત બીજા ધણીની પાસે રહી શકે છે પણ તલાકની ઇદ્દત પૂરી થયા પછી બીજી વખત નિકાહ કરવા પડશે જો બીજા ધણીથી કઇ ઓલાદ થઇ હોય તો તે પોતાની ઓલાદનો દરેક રીતમાં હકદાર થશે (મો દુ વા. પા ૨૧૯–૨૨૨)

એવીજ રીતે જો કોઇ સખ્સમા મરદ અને ઓરત બેઉની નિશાની હોય, અથવા મરદ ઓરતની કોઈ નિશાની પણ ન હોય તો જ્યા સુધી કોઇ રીતથી તેને મરદ અથવા ઓરત ગણી શકાય તેમ હોય તો તેજ પ્રમાણે મીરાસ વગેરેનો તમામ હુકમ લગાડાય છે. જેમકે જો સોબત (સયોગ) કરી શકતો હોય અથવા પેશાબ મરદના રસ્તાથી કરતો હોય. અથવા તેનાથી કોઇ ઓરત હામેલા થઈ હોય તો મરદજ સમજાશે અને જો તેનેજ હામેલ રહ્યો હોય અથવા ઓરતના રસ્તાથી પેશાબ કરતો હોય તેને હેજ (માસીકસીક) આવતું હોય તે ઓરત સમજાશે. એવી રીતે કોઇને કોઇ મજબુત નિશાની એક તરફ વધુ હશે તે પ્રમાણે હુકમ દેવાશે ને એજ પ્રમાણે તમામ મામલા મીરાસ વગેરે જારી કરાશે પણ જ્યારે બેઉ હાલતો એટલે બેઉ રસ્તાથી તદ્દન સરખા બરાબર હોયને કોઇ તરફ મજબુત નિશાની ન જણાય તો તેને ખુન્સાહ મુશ્કેલ કહે છે. મીરાસ લેવામાં તેનો આ હુકમ છે કે જો તેને ઓરત મયજવાથી ઓછો ભાગ મળે છે તો ઓરતજ સમજાશે અને

) જો કોઇ આ દીનથી ફરી જાય ને કાફેરોમાં મળી જાય તો તેણીનો બધો માલ મુસલ-
માન વારેસોને અપાય પછી તે મુસલમાનીની હાલતમાં કમાયલો હોય અથવા દીનથી
ફર્યા પછી.

"આ પરચુરણ જરૂરી મસલા છે."

(૧) જે ઓલાદ જેનાથી (હરામખોરીથી) પેદા થઇ હોય તેઓને જાની (વ્યભી-ચારી) થી મીરાસ મળશે નહિ.

(૨) એક ઓરતથી જેના (હરામખોરી) કીધી. ઓલાદ પેદા થઈ અને પછી તેની સાથે નિકાહ કીધા તો નિકાહથી પહેલી ઓલાદ હરામના બચ્ચાં સમજાશે અને તેઓને બાપથી મીરાસ મળશે નહિ.

(૩) એક ઓરતથી જેના કીધી ને હમેશ રહ્યુ અને પછી નિકાહ કીધા. નિકાહથી છ માસ અથવા વધુ થયા પછી બાળક પેદા થયુ તો નસબ (તેનું હુકમ) સાબિત થશે અને મીરાસ મળશે. અને જો નિકાહના છ માસ થયા પહેલા પેદા થઇ ગયુ તો વળદુ-જજેના (હરામનુ બાળક) સમજાશે ને મીરાસનો હકદાર થશે નહિ.

(૪) વળદુજજેના (હરામનુ બાળક) પોતાની માથી મીરાસ લેશે અને તેની મા તે-નાથી મીરાસ લેશે.

(૫) મીરાસ લેવામા ઉમરનો કઇ ભરોસો નથી. પછી જો કોઇ વારસ તદ્દનજ બાળક હોય, તેને પણ તેજ પૂરો ભાગ મળશે, જેમકે જવાની હાલતમા મળે છે. એટલા સુધી કે જે બાળક મુરેસ (માલધણી) ના મર્ણ સુધી માના પેટમા હોય તેને પણ પૂરો ભાગ મળે છે

(૬) જો કોઇ છોકરીનો ધણી મરી ગયો અને હજુ સુધી પોતાનામા (સોબત યા સગમ) નહિ થયો તોપણ ઓરત–મીરાસની હકદાર થશે. જેમકે આ કિતાબમા માત્ર સા-ધારણ સમજ અને જરૂર જેટલા મસલા લખાયા છે. એટલાજ માટે ગુલામ છુટકારા પા-મેલા વગેરેની મીરાસનુ બ્યાન કર્યું નથી, કેમકે તેની ઘણી ઓછી જરૂરીઆત પડે છે. ખાસ કરીને આ વખત હિદુસ્તાનમા ગુલામજ નથી. સર્વ સ્તુતિ અલ્લાહ માટે છે કે શબાન માસની તેવીસ ૨૩ તારીખ ૧૩૨૨ હીજરી જોનપુરમા આ મસલાના લખાણુથી નીરાશ મળી

વસલ્લલ્લાહો–તાલા–અલા–ખેરે ખલ્કીહી–સૈયદેના–મોહમદાન વ–આલીહી–ન–અરહા-બીહી–અજમઇન–વ–આ–ખેરો દાવાના અનેલ હમ્દો–લીલ્લાહે–રબ–બીલ–આલમીન.

જો મરદ સમજવાથી ઓછો ભાગ મળે છે તો મરદજ સમજી ભાગ દેવાય. મતલબ જે દાખલામા ઓછો ભાગ મળતો હોય તેજ અપાય. ચેતવણી–કેટલાક અણુસમજ મરદ જે ઓરતોના પહેરવાસ અને ચાલચલણ અખત્યાર કરી લેછે અને ઓરફમાં તેને મુખન્નસ તથા હિજડા કહે છે તેઓ મીરાસના તથા બીજા અહ્કામ સરઅમા પણ તદ્દન મરદજ સમ જાશે તેમ એવા લોકોથી ઓરતોને પડદો કરવો જરૂરનું છે અને એવી રીત અખત્યાર કર-નાર મોટા ગુનેહગાર તથા ફાસેક સમજાશે. (મો૦ દુ૦ વા૦) મસલો–જો કોઇ સખ્સ મર-વાની નજદિક હાલતમા મુસલમાન થયો હોય તો તેનો તમામ માલ અને તમામ ઉમરની કમાઇના હકદાર મુસલમાન વારેસ થશે. કેમકે ભરોસો આખર વખતે તથા ખાતેમાનો છે.

આ રીસાલાના લખાણની સચ્ચાઇ અને તેના ખરાપણા માટે મોટા મોટા વિદ્વાનો ની મોહરો તથા દસ્કત કરેલા તે બધા ઉર્દુ મીરાસુલ મુસલમીનના છેટવના ભાગમાં લખાયલા છે, તેની જેમને જરૂર હોય તેમણે જોઇ લેવા તસ્દી લેવી.

"કેદીનું બયાન"

જો કોઇ મુસલમાન પારકા રાજ્યમા કેદ થયો હોય અને તે ઇસ્લામપરજ હોય તો તેનો માલ મુસલમાનના માલ સરખો છે. તેના મર્યાથી મુસલમાનો વારેસ થશે અને તે મુસલમાનોનો વારેસ થશે અને જો ઇસ્લામ છોડે તો તે મુરતદના કાયદામા છે અને જો તેનુ મોત કે જીવન ન જણાય તો તે મફકુદના કાયદામાં છે (શિરાજી).

"ડુબેલા, દબાયલા અને બળેલાઓનું વર્ણન"

જયારે એક ટોળું વહાણમા એકી વખતે ડુબી મરે, અથવા ઘર કે દીવાલ પડવાથી એકી વખતે દબાઇ મરે, અથવા આગ લાગવાથી એકી વખતે બળી મરે, અથવા લડાઇના મેદાનમા કતલ થાય અને આ સઘળાઓમા પ્રથમ કોણ મર્યું અને પછી કોણ મર્યું તે જણાયુ ન હોય, તો તે આ બધા સાથે મરેલાના કાયદામા છે. તેમાનુ કોઇ બીજાનો વારેસ થશે નહિ અને તેઓનો માલ તેઓના જીવતા વારેસો માટે છે (શિરાજી.)

(મસલા કાડવાના મખરજો (છેદો) નું વર્ણન.)

બીજી જાતી			પહેલી જાતી.			
૬ છઠો. $\frac{1}{6}$	૩ બે તેહાય $\frac{2}{3}$	૩ તેહાય. $\frac{1}{3}$	૮ આઠમો $\frac{1}{8}$	૪ ચોથાય. $\frac{1}{4}$	૨ અરધો $\frac{1}{2}$	
૬	૬	૬	૮	૪	૨	અરધા સાથે
૧૨	૧૨	૧૨	૮	૪	ચોથાય સાથે.	
૨૪	૨૪	૨૪	૮	આઠમા સાથે.		
૬	૩	૩	તેહાય સાથે.			
૬	૩	બેતેહાય સાથે.				
૬	છઠ્ઠા સાથે.					

નિયમીત હિસ્સા કુરઆનમા છ છે. (૧) અરધો, (૨) ચોથાય, (૩) આઠમો, (૪) બે તેહાય, (૫) તેહાય, (૬) છઠ્ઠો એ બે જાતી છે આગલા ત્રણ એક જાતી છે અને પાછલા ત્રણ બીજી જાતી છે, હવે જો કોઇ મૈયતનો વારસો વહેચવામા આ છ નિયમિત હિસ્સામાથી માત્ર એકજ હોય તો જો અડધો હોય તો તેનુ છેદ બે છે અને જો ચોથાય હોય તો તેનુ છેદ ચાર છે અને જો આઠમો હોય તો તેનુ છેદ આઠ છે અને જો બે તેહાય હોય તો તેનુ છેદ ત્રણ છે અને જો એક તેહાય હોય તો તેનુ છેદ પણ ત્રણ છે અને જો છઠ્ઠો હોય તો તેનુ છેદ (છ) છે અને જો મૈયતનો હીસ્સો વહેચતા આગલા ત્રણ હિસ્સામાથી હીસ્સા લેનાર બે કે ત્રણ હોય અથવા પાછલા ત્રણ હિસ્સામાથી બે કે ત્રણ હીસ્સા લેનાર હોય તો તેમા જે મોટામા મોટો છેદ હશે તેજ છેદ થશે અને જ્યારે આગલી જાતીમાનો અડધો બીજી જાતીના સઘળા અથવા તેમાના કોઇ સાથે ભેગો થાય તો મસલાનો છેદ (છ) થશે અને જો ચોથાય બીજી જાતીના સઘળા અથવા તેમાના કોઇ સાથે ભેગો થાય તો મસલાનો છેદ બાર થશે અને જો આઠમો બીજી જાતીના સઘળા અથવા તેમાના કોઇ સાથે ભેગો થાય તો મસલો ચોવીસથી થશે. હવે મસલા માટે છેદ કાઢવા ઉપર મસલાનુ કામ અટકે છે માટે મે ઉપર નકશો તથા તેના કાયદા લખ્યા છે તેઓને જોતા તમને જણાયુ હશે કે મુલ મસલા ૨–૩–૪–૬–૮–૧૨ અને ૨૪ થીજ થાય છે. તો અસલ મસલા સાતજ થયા ૫રી એ સીવાય બીજી કોઇ સંખ્યાથી મસલો થાય તો તે વારેસોની ગણત્રીનો થશે નિયમીતનો નથી જેમકે કોઇ મૈયતના માત્ર નવ છોકરા હોય તો મસલો નવથી થશે અથવા બે દીકરા અને પાચ દીકરી હોય તો દીકરો બે દીકરીની ગણત્રીમા છે માટે નવ દીકરી થઇ અને મસલો નવથી થયો એવીજ રીતે ઓલ તથા રદથી વધારે ઓછી સખ્યાથી મસલો થાય છે જેના કાયદા આગળ બ્યાન થઇ ચુકયા છે પણ મુળ મસલાતો સાતજ છે.

તા. ૧૫ મી મોહર્રમ સને ૧૩૩૧ હિજરી વાર બુધના ૩ કલાકે મારી કલમે આ કિતાબ લખવાથી રાહત લીધી છે અને અલ્લાહ પાકે ખેરની સાથે પૂરી કરાવી છે. એ વિષે સર્વ સ્તુતિ તેનેજ માટે છે, અને દરૂદ સલામ રસુલ (સલ) તથા અસહાબ (રદ) માટે છે

હવે–મુસલમાનોની ખિજમતમા અરજ એ છે કે, રચનાર, લખનાર, પ્રેસના અધિપતિ અને ભણનાર સાભળનાર એટલુ જ નહિ પણ સર્વ મુસલમાન મરદ–ઓરતના હકમાં ઇમાનની સલામતીની અને દુન્યાની આખેરતમાં સુખી થવાની દુવા માગે છે! સારી રીતે કહો! સાફ દિલથી કહો–લા ઇલાહા–ઇલ્લલલાહો મોહમદુર રસુલુલાહ.

ગલત નામું.

પા૦	લીટી	ખોટુ	ખરૂ
૩	૯	હાજી	હાફેજ
૪	૩	મૈયદને	મૈયતને
૫	૨૫	જમદીથી	જલદીથી
૯	૨૮	થાલ	માલ
૧૦	૫	તમાન	તમામ
,,	૧૭	વારસોને	વારેસોને
૧૧	૧૨	વારસ	વારેસ
૧૨	૧૩	સીયા	સીયાહ
,	૧૭	મુરાસ	મુરીસ
,,	૧૮	હકીમ	હાકીમ
	,,	વારસે	વારેસે
,,	૨૩	કે	દુ૦
,,	૩૫	(૨)	(૨હ)
૧૩	૧	મઝહન	મઝહબ
,,	૨૬	લી	લા
,,	૩૨	શરઅત	શરઅન
૧૫	૧૨	કરે	વધારો છે
,,	૧૯	સહી	સહીહ
,,	૨૩	ગુના	ગુનાહ
૧૯	૧૦	સહી	સહીહ
,,	૨૮	સહી	સહીહ
૨૦	૬	તેહાય	તેહાય
૨૧	૨૨	અહલા	અહલો
૨૨	૨	ગરો	ગયો
,,	૧૮	વારસ	વારેસ
,,	૨૯	અહોમ	અરહામ
૨૩	૩	વારસો	વારેસો
,,	૩૨	।	મા
૨૪	૧૮	હાલન	હાલત
,,	,,		ઓરત
૨૫	૩		૬
,,	૭	મ______	મ______
૨૬	૧૨	દહીઓ	દાદીઓ
	,,	દાદીએ	દાદીઓ

પા૦	લીટી	ખોટુ	ખરૂ.
,,	૧૫	દદી	દાદી
,,	,,	જીતી	જીવતી
,,	૨૦	લેજો	લેય
,,	૨૩	દદીઓ	દાદીઓ
,,	૩૨	દાખા	દાખલો
૨૭	૪ જગ્યાપર	મ______	મ______
૨૮	૫	જેહની માની નાની.	જેહના બાપની દાદી
		હિન્દા	
,,	બીજી પેઢીમા	એલે	એટલે
	,,	પડતાની	પડનાની
,,	ત્રીજી પેઢીમા	પડદદાની	પડદાદાની
	,,	પડનની	પડનાની
,,	ચોથી પેઢીમા	દદી	દાદી
૩૧	દાખલામા	મ______ ઓરત દીકરો	મ______ ઓરત દીકરી
૩૨	૨૫	દરેક	દરેકે
,,	૨૯	ગવાહાએ	ગવાહોએ
,,	,,	ધણીધણી	ધણી
૩૩	૨૭	(વયગણુ)	(વલગણુ)
૩૪	૬	ધણુ	ધણી
૩૫	દાખલો	મ મા. ૧૨ ૨૫૨	મા૦ ૧૨ ૨૬ ૪ / ૧ ઓરત ૧નાની ૨માજ.ભાઈ / ૧ ૧ ૨
૩૬	૧૪	ભઇ	ભાઇ
,,	પહેલો દરજો	મહસુમ	મહરૂમ
૩૭	તીજા દરજા નંબર ૧૧ માં નીચેના આગળ એના મહરૂમ છે.—ખરૂ—નીચેના એના આગળ મહરૂમ છે.		
,,	૧૪ ને નીચે લીટી છે તેને ૧૬ ની નીચે લીટી સમજવી.		
,,	૩૫	એલુંજ	એટલુંજ
૩૮	૨૬	પાસ	પાસે
,,	૩૦	તેઓન	તેઓને
,,	૩૧	પોતરના	પોતરીની

પા૦	લીટી	ખોટુ	ખરૂ
૪૨	૭ દાખલા-મા ભુલ	મ ___ મ	મ
૪૩	૯ દાખ-લામા ભુલ	મ ___ મા૦	મ ___ મા૦
૪૪	૪ દાખલા મા ભુલ	મ	મ
૪૭	૧૧	હાજર હાય	હાજર હોય.
,,	૧૪	બાતલ	બાતેલ
૪૮	૨ દાખલામા	મ	મ
૪૯	૧	( )	(૩)
,,	૧૩	દીકા	દીકરા
,,	૬ દાખલામા	મ	મ
૫૦	૬ દાખલામા	મ	મ
૫૧	૧ દાખલામા	મ	મ
,	૧૦	વારેસો	વારસો
૫૨	૩૨	આલે	ઓલ
૫૩	૩૪	ને	તે
૫૪	૩૩	ના ઉમર	નવઉમર
,,	૩૬	મહીનાનો	મહીનાને

૧ જુઓ ઝાડનો નકશો-૫ દીકરી નવાસો-પેઢી ૪ થીમા "નવાસીની પોતરી" ને બદલે નવાસાની પોતરી વાચશો

૨ , -૬ દીકરી નવાસાની ૪ થી પેઢીમા "નવાસીનો નવાસો" છે તેને બદલે નવાસાનો નવાસો વાચશો

જુઓ નકશો મોટો—મથાળાની પહેલી લીટીમા ,, "શ્રયિતની" ને બદલે "શરીઅત" સમજશો.

,, કયા કાયદાથી "શીન" ને બદલે "સીધ" છે

મથાળાનુ છેલ્લુ ખાનુ તર્જુમો=તરજુમો.

કાયદાઓના નામનુ ખાનુ ત્રીજુ—"એજમ" ને બદલે એજમા "આમતુ" ને બદલે આમતુલ. "ફ્રાકટેહા" ને બદલે ફ્રાકોહા છે.

બીજી જાતી ખાનુ ત્રીજુ "બાપની" પાસે + છે બીજી જાતીનુ ખાનુ ચોથુ હદીસ રસુલ છે

કાયદાઓનો ખુલાસો—લીટી ૧ "નતને" ને બદલે નતેને છે.

લીટી ૩ જી "મીનહુમોસો" ને બદલે મીન હુમોમસો જોઇએ

લીટી ૯ મી "રાબોઆ" ને બદલે રાબોઓ.

લીટી ૧૦ મી ,, ,,

લીટી ૧૪ મી "ફ્લહનિઅકામાતરક" ને બદલે ફ્લહાનિસફ્રામાતરક છે

લીટી ૧૫ મી "મોસસોલાસેને" ને બદલે મોસસોલોસોને છે

લીટી ૧૮ મી "હજરૂલઉન" સએનને બદલે હજર્જોલઉન સએન છે.

લીટી ૧૯ મી "એખતર" ને બદલે એખવતર છે

લીટી ૨૦ મી "એઅહલેહાશઅમા" ને બદલે એઅહલેહાકમા છે

લીટી ૨૪ મી "અલ્આલો" ને બદલે અલ્ખાલો છે

લીટી ૨૫ મી "ઓઅતીલ" ને બદલે ઓખતીલ છે. અને "અલ્આલો" ને બદલે અલ્ખાલો.

લીટી ૨૬ મી "અમાનુહુમ" ને બદલે એમાનુહુમ છે

લીટી ૨૭ મી "વા" ને બદલે વ છે.

તરજુમો તથા ખુલાસો વગેરેના ખાનાના

લીટી ૨૧ મી "બનેમોજા" ને બદલે ઇબનેમ છે

લીટી ૩૩ મી "તમામદારી" ને બદલે નમીમીકદારી છે.

લીટી ૩૫ મી "એની" ને બદલે તેની છે.

પોલિટિકલ ભોમીઓ.

મશહુર છે કે "પોલિટિકલ ભોમીઓ" એ એક ગુજરાતી ભાષામાં દર શુકરવારે અમદાવાદમા પ્રગટ થતું અઠવાડીક પેપર છે, કે જેના એડીટર પઠાણ નુરખાન અમીરખાન વકીલ છે. મજકુર એડીટરે ત્રીસ વરસ સુધી વકીલાતનુ કામ કરેલ છે અને વકીલ વર્ગમા પણ તે એક બાહોશ વકીલ તરીકેનુ તેનુ કામ અને નામ મશહુર છે. વકીલ તરીકેનુ માન ભરેલુ કામ છોડી દઈ એડીટરનું કામ જે પસદ કરેલ છે તે પૈસા પેદા કરવા માટે નહીં પરતુ ચાલતા જમાનાને અગે ઇસ્લામીભાઇઓના મઝહબી, તેમજ રાજદારી હકોની લડત ચલાવવા અને તેમની ઉન્નતીના હરેક કામો કર[illegible] તે કામ અખત્યાર કરેલ છે.

કહેવાની ભાગ્યેજ જરૂર છે કે માત્ર થોડાજ વખતમા ઇસ્લામી કોમ વચ્ચેના વહેવારમા તે કીમતી સેવા બજાવવાના [illegible] કરવામા અને કીમતી ગણવામા આવે છે.

થોડાજ વખતમા મઝહબ તરફની બજાવેલી સેવાની ક[illegible] "ઓલ ઇન્ડીઆ મોહમેદન એજયુકેશનલ કોન્ફરન્સ" કરાચી અ[illegible] રગુન મોસલીમ એસોશીએશને" ઘણા [illegible] સોનાના ચાદો એનાયત ક[illegible] છે તેમજ દુનીયાના ઘણા ભાગોમાથી માનપત્રો પણ મળેલા છે એજ [illegible] કામની પુરતી સાબેતીઓ છે.

ઇસ્લામી કોમને ચાલતા જમાનાને અનુસરીને ગુજરાતી વર્ગના માટે જે ખોટ હતી તે ખોટ તે પેપરથી પુરી પડી છે કોમના તેવા સાધનની ઘટતા કદર કરવી અને તેને ટકાવી રાખવાનો આધાર કોમની કદરદાની ઉપર છે સઘળા ઇસ્લામી ભાઇઓ કદર કરે તો હજુ વધુ ખતથી કામ કરવાની ઉમેદ રાખવામા આવે છે જે ખત અને કાળજીથી જોખમ ભરી સેવા બજાવવામા આવે છે તેના પ્રમાણમાં પેપરનું લવાજમ ઘણુ સસ્તુ છે એટલે —

હિંદુસ્તાન માટે એક વર્ષનુ ટપાલ ખર્ચ સહિત રૂ		૩—૦—૦
દરીયાપાર માટે	,,	૪—૦—૦
સ્થાનીક	,,	૨—૦—૦

પત્રવહેવાર નીચેને સરનામે કરવો.

મેનેજર

પોલિટિકલ ભોમીઓ.